શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ જન્મ શતાબ્દી ગ્રંથમાળા સંપુટ—૩

વિરાટ ગ્રંથાવલિ — પુસ્તક ૧૧૦ મું

# કવિદર્શન

(ચાર નાટકો)

રમણલાલ વસંતલાલ દેસાઈ, એમ.એ.

આર. આર. શેઠની કંપની

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧

# શ્રી રમણલાલ વ. દેસાઈનાં પુસ્તકો

## * સંપુટ-૧

### નવલકથાઓ

જયંત * શિરીષ * કોકિલા * હૃદયનાથ * સ્નેહયજ્ઞ * દિવ્યચક્ષુ * પૂર્ણિમા * ભારેલો અગ્નિ * ગ્રામલક્ષ્મી ૧ થી ૪ * બંસરી * પત્રલાલસા * ઠગ * શોભના * ક્ષિતિજ * ભાગ્યચક્ર * હૃદયવિભૂતિ * છાયાનટ * પહાડનાં પુષ્પો * ઝંઝાવાત * પ્રલય * કાલભોજ * સૌંદર્યજ્યોત * શૌર્યતર્પણ * બાલાજોગણ * સ્નેહસૃષ્ટિ * શચી પૌલોમી * ત્રિશંકુ * આંખ અને અંજન

## * સંપુટ-૨

### નવલિકાસંગ્રહો

ઝાકળ * પંકજ * રસબિંદુ * કાંચન અને ગેરુ * દીવડી * સતી અને સ્વર્ગ * ધબકતાં હૈયાં * હીરાની ચમક

## * સંપુટ-૩

### કાવ્યસંગ્રહો

નિહારિકા * શમણાં

### નાટ્યસંગ્રહો

શંકિત હૃદય * પરી અને રાજકુમાર * અંજની * તપ અને રૂપ * પુષ્પોની સૃષ્ટિમાં * ઉશ્કેરાયેલો આત્મા * કવિદર્શન * પૂર્ણિમા * બૈજુ બહાવરો * વિદેહી * સંયુક્તા

## * સંપુટ-૪

### પ્રકીર્ણ

જીવન અને સાહિત્ય ૧-૨ * સુવર્ણરજ * ગ્રામોન્નતિ * ગઈકાલ * મધ્યાહ્નનાં મૃગજળ * તેજચિત્રો * અભિનંદન-ગ્રંથ * ઊર્મિ અને વિચાર * ગુલાબ અને કંટક * અપ્સરા ૧ થી ૫ * રશિયા અને માનવશાંતિ * ગુજરાતનું ઘડતર * સાહિત્ય અને ચિંતન * ભારતીય સંસ્કૃતિ * માનવસૌરભ * કલાભાવના * શિક્ષણ અને સંસ્કાર * ઊર્મિના દીવડા

### ચિંતનમાળા

મહાત્મા ગાંધી * ન્હાનાલાલ-કલાપી * માનવી - પશુની દૃષ્ટિએ અને આત્મનિરીક્ષણ * ભારતીય કલા - સાહિત્ય - સંગીત * સમાજ અને ગણિકા * અંગત - હું લેખક કેમ થયો?

# અર્પણ

સામાન્ય જીવનમાં કવિતાની મધુરતા અને
ઇન્સાનિયતનું ગૌરવ તેમ જ ઉત્સાહ પ્રસારતાં
**સૌ. સાવિત્રીબહેન, એંગારભાઈ**
**તથા ડૉ. ઝવેર બારમેડાને**

અક્ષયકુમાર ર. દેસાઈ

DESAI, Ramanlal V.
KAVIDARSHAN, Play
R. R. Sheth & Co., Bombay-Ahmedabad
1992
891·472

© ડૉ. અક્ષયકુમાર ૨. દેસાઈ

શ્રી ૨. વ. દેસાઈ જન્મ શતાબ્દી આવૃત્તિ–મે, ૧૯૯૨

મૂલ્ય રૂ. ૩૫–૦૦

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ,
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ ✽ અમદાવાદ ૩૮૦ ૦૦૧

મુદ્રક
પ્રવીણ પ્રિન્ટરી
ભગતવાડી,
સોનગઢ ૩૬૪ ૨૫૦

# પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના

"કવિદર્શન" એ મુ. ભાઈસાહેબનો પાંચમો નાટકસંગ્રહ. લગભગ ત્રણેક વર્ષ ઉપર પ્રકાશન પામ્યો હોત. પરંતુ મૂળ લખાણ પ્રેસમાં જતાં પોસ્ટમાં ગેરવલ્લે પડ્યું; નકલો શોધતાં ઠીક સમય લાગ્યો; "અખા" ઉપરનાં નાટકની નકલ ન જ જડી. આમ ગુજરાતનાં પાંચ કવિઓ ચિત્રિત કરવાની મુ. ભાઈસાહેબની અભિલાષા પૂરી થઈ નહિ. તેને બદલે ચાર કવિઓનાં દર્શન આ સંગ્રહમાં કરવામાં આવ્યાં છે. આ જ મુશ્કેલીએ કવિદર્શનનાં નાટકોના ક્રમમાં પણ એક પ્રકારની કાળની ક્રમબદ્ધતા તોડાવી છે. પ્રેમાનંદનું નાટક છેલ્લું છે—નર્મદથી પણ પાછળ.

નરસિંહ, પ્રેમાનંદ, દયારામ, અને નર્મદ એ ચાર આપણા યુગમૂર્તિ ઊર્મિશિલ્પીઓ. ગુજરાતને ઘેલું કરનાર આ ભવ્ય કલાકારોનું માનવજીવન કેવું હતું તે સમજવાના પ્રયત્નમાંથી આ નાટકોનો ઉદ્ભવ થયો છે.

મુ. ભાઈસાહેબની દૃષ્ટિએ કવિ એ કોઈ ફાંટાબાજ, વિચિત્રતાથી ભરપૂર, અતડું, ચમત્કૃતિઓમાં રાચનાર, માનવીથી ઇતર પ્રાણી નથી. કલાકાર એટલે વધુ સંવેદનશીલ, વધુ સમજવાળી, વધુ માણસાઈથી ભરેલી, જીવનના ધબકારને વધુ ઝીણવટભરી રીતે સમજતી માનવવિભૂતિ. સાચો કલાકાર માનવી તરીકે પણ ખૂબ જ નાજુક અને રસભર્યું માનસ ધરાવતો હોવો જોઈએ એમ એમનું માનવું હતું. સાચો કવિ તો માનવતાના અર્ક સમો. નિરાભિમાનિતા, કુતૂહલવૃત્તિ

અને ઊર્મિની સંવેદના અનુભવે; તેની વિચિત્રતા અને વિકૃતિઓ પણ ઊંડી સમજ માગે. સાચો કવિ એ સાચો માનવ પહેલો અને પછી જ ઊર્મિશિલ્પી, એમ તે માનતા.

ગુજરાતના ચાર મહાકવિઓના વ્યક્તિત્વને પિછાનવાના પ્રયત્નમાંથી આ નાટકોનું સર્જન થયું છે.

એમના ત્રણેક નાટકસંગ્રહોનું સંપાદન થઈ રહ્યું છે.

આજ સુધી આવકાર પામતાં તેમનાં કલાસર્જનોની માફક જ આ સંગ્રહ પણ લોકો અપનાવશે જ એવી આશા રાખું છું.

નવેમ્બર, ૧૯૫૭
જયકુટિર,
મુંબઈ–૧૬

અક્ષયકુમાર રમણલાલ દેસાઈ

# કવિદર્શન

*

રમણલાલ વ. દેસાઈ

# અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧ | નરસિંહ મહેતા | ૧ |
| ૨ | કવિ દયારામ | ૪૪ |
| ૩ | કવિ નર્મદ | ૭૫ |
| ૪ | પ્રેમાનંદ | ૧૦૩ |



મુદ્રણો

પહેલી આવૃત્તિ : ડિસેમ્બર : ૧૯૫૭

બીજું પુનર્મુદ્રણ શતાબ્દી વર્ષ મે : ૧૯૯૨

પ્રત : ૭૫૦

# નરસિંહ મહેતા

## વસ્તુ

નરસિંહ મહેતા ગુજરાતી ભાષાનો આદ્ય કવિ ગણાય છે. આમ તો ગુજરાતી ભાષારચનાનું પહેલું પડ સોલંકી વંશમાં એટલે લગભગ ઈ.સ.ની નવમી–દસમી સદીથી બંધાયેલું ગણી શકાય હેમચંદ્રે સંગ્રહી રાખેલા જૂની દેશી પ્રાકૃત અપભ્રંશ ગુજરાતીના નમૂનાઓ આપણી પાસે અસ્તિત્વમાં છે; અને ત્યારથી માંડી નરસિંહ મહેતા સુધીની ભાષાસાંકળ પણ મળી આવી છે. એટલે નરસિંહ મહેતા આમ તો ગુજરાતી ભાષાના આદ્ય કવિ ન કહેવાય. પરંતુ મુસ્લિમોના ગુજરાતી રાજઅમલ દરમિયાન ગુજરાતી ભાષા જે નવું સ્વરૂપ ધારણ કરતી હતી તેના આદ્ય પ્રતિનિધિ તરીકે આપણે નરસિંહ મહેતાને ગુજરાતના આદિ કવિ તરીકે ગણીએ છીએ. જે પ્રકારે આજ તેમની કવિતા આપણી પાસે છે તેના કરતાં નરસિંહ મહેતાની કવિતાનું સ્વરૂપ જુદા પ્રકારનું હોવું જોઈએ એમ વિદ્વાનોનો મત છે.

નરસિંહ મહેતો જેટલો કવિ તરીકે પ્રખ્યાત છે તેટલો જ તે આદર્શ ભક્ત તરીકે પ્રખ્યાત છે; એટલું જ નહિ, એનું જીવનચરિત્ર કેટલા ય ગુજરાતી કવિઓને કાવ્યના વસ્તુ તરીકે ઉપયોગમાં આવ્યું છે. ઈ.સ. ૧૪૧૨ કે ૧૪૧૪ માં તેમનો જન્મ, અને ઈ.સ. ૧૪૭૯માં કે ૧૪૮૧માં તેમનું અવસાન. જુનાગઢનો એ વડનગરો નાગર હતો. બાળપણમાં એનાં માતાપિતા ગુજરી ગયાં અને ભાઈ–ભોજાઈએ તેને ઉછેર્યો. સારી કારકિર્દીને યોગ્ય તેનો વિદ્યાભ્યાસ ન હતો, અને તેનાં લગ્ન થઈ ચૂક્યાં. તેની પત્નીનું નામ માણેકબાઈ. ભોજાઈએ એક પ્રસંગે તેને મહેણું માર્યું એટલે ખંભાતના અખાત ઉપર આવેલા ગોપનાથ મહાદેવમાં જઈ તેણે તપ કર્યું. મહાદેવે પ્રસન્ન

થઈ કૃષ્ણની રાસલીલાનાં તેને દર્શન કરાવ્યાં. ત્યારથી એ પરમ વૈષ્ણવ કૃષ્ણ-ભક્ત બન્યો, અને જીવનવ્યવહારની કશી પણ પરવા કર્યા સિવાય પ્રભુભક્તિમાં અને પ્રભુભજનમાં સમય વિતાવવા માંડ્યો શિષ્ટ ગણાતી નાગરી ન્યાતને ગમે નહિ એવાં ભજન, કીર્તન અને નર્તનમાં નરસિંહ રચ્યોપચ્યો રહેતો. વળી ભક્તિના પ્રવાહમાં તે ન્યાતજાતની મર્યાદાઓ પણ પાળતો નહિ. એટલે તેનાથી તેના જ્ઞાતિજનો અસંતુષ્ટ રહેતા અને એક અગર બીજે સ્વરૂપે કષ્ટ આપતા.

એ કષ્ટમાંથી પ્રભુ તેને કેવી કેવી સહાય આપે છે એની ચમત્કાર-કથાઓ એ જ નરસિંહ મહેતાનું જીવનચરિત્ર ગણી શકાય. તેને શામળશા નામનો એક પુત્ર હતો અને કુંવરબાઈ નામની પુત્રી હતી. એનાં લગ્ન-સીમંત પ્રસંગે પ્રભુએ તેને સહાય કરેલી. ગરમ પાણી ટાઢું પાડવા માટે પ્રભુએ વરસાદ મોકલ્યો. મશ્કરીમાં નરસિંહની પાસે તીર્થવાસીઓની જ્ઞાતિભાઈઓએ હુંડી લખાવી જે દ્વારકામાં કૃષ્ણ ભગવાને ભરપાઈ કરી આપી; જ્ઞાતિવિશુદ્ધિનું અભિમાન ટાળવા એક નાગરની સાથે પ્રભુએ એક અંત્યજને બેસાડી દીધો; અને જુનાગઢના રા'મંડળિકના દરબારમાં કૃષ્ણે પોતે પ્રગટ થઈને હાર આપ્યો. આવી આવી કથાઓમાંથી નરસિંહ મહેતાનું પરમ સાત્ત્વિક ભક્તિમય અને નિર્મળ જીવન ગુજરાતના સંસ્કારને આજ સુધી ઘડી રહ્યું છે, અને એક મહાન ગુજરાતી તરીકે એનામાં ગુજરાત ગર્વ પણ લે છે. ગાંધીજીએ ભારતવ્યાપક બનાવેલું ગીત "વૈષ્ણવજન તો એને કહિયે" એ નરસિંહ મહેતાની રચના.

એને નામે ચઢેલાં બધાં જ કાવ્યો નરસિંહનાં હશે કે કેમ, એ પ્રશ્ન હજી વિવાદગ્રસ્ત છે. 'સુરતસંગ્રામ' 'હારમાળા' 'રાસસહસ્ત્ર-પદી', 'ગોવિંદગમન', 'શામળશાનો વિવાહ', 'બાળલીલા', 'સુદામાચરિત્ર', 'છૂટક પદો' વગેરે તેનાં અનેક કાવ્યો જાણીતાં છે. નરસિંહ મહેતાની કવિતા એના જીવન જેવી જ કુમળી, ઊર્મિલ, અને છતાં ભવ્ય તત્ત્વજ્ઞાનથી ભરેલી છે. માનવતાના પ્રતિક સરખા નિર્વૈર, નરસિંહ મહેતાના પ્રસંગો આ નાટકના વસ્તુમાં ગૂંથ્યા છે.

## પ્રવેશ પહેલો

સૂચનમાં પહેલો પ્રવેશ કેમ ઊઘડે છે તેનું વિવરણ કરવામાં આવેલું છે.

### સ્થળ

નરસિંહ મહેતાના ઘરનું આંગણું અને તુલસીક્યારો.

### સમય

પ્રભાતનો સમય.

### પાત્રો

(૧) કુંવરબાઈ: નરસિંહ મહેતાની વિધવા દીકરી.
(૨) ગૌરી: જ્ઞાતિની એક પડોશી સ્ત્રી, જરા જાજ્વલ્યમાન.
(૩) કેટલાક ભક્તો.
(૪) નરસિંહ મહેતા.

## પ્રવેશ બીજો

### સ્થળ

મંદિર, જે ઢંકાઈને પછી ઘરનો બીજો ભાગ દેખાય છે.

### સમય

બપોરની શરૂઆત.

### પાત્રો

(૧) નરસિંહ.
(૨) ભક્તો.
(૩) સુરસેના: નરસિંહની વિધવા પુત્રવધૂ.
(૪) કુંવરબાઈ.
(૫) ધરણીધર: એક ભાવિક ધનિક

## પ્રવેશ ત્રીજો

### સ્થળ

નરસિંહ મહેતાના ઘરનું આંગણું અને તુલસીક્યારો.

### સમય

સંધ્યા.

### પાત્રો

(૧) કુંવરબાઈ.

(૨) સિપાઈ.

(૩) નરસિંહ.

## પ્રવેશ ચોથો

### સ્થળ

રા'મંડળિકનો દરબાર.

### સમય

રાત્રિનો.

### પાત્રો

(૧) રા'મંડળિક.

(૩) નરસિંહ.

(૩) દરબારીઓ.

(૪) સાધુઓ.

(૫) મુત્સદ્દીઓ.

(૬) કૃષ્ણ : પ્રભુનો અવતાર

# પ્રવેશ પહેલો

[ રંગભૂમિ ઉપર પડદો ઊઘડતાં અંધકાર દેખાય છે. રંગભૂમિના અંતિમ ભાગમાં પ્રકાશ થાય છે. એ પ્રકાશ નરસિંહ મહેતા ઉપર પડે છે. ત્યાંથી ધીમે ધીમે આસપાસ બેઠેલા ભજનિકો ઉપર પડે છે. ભજનિકો ગીત ગાય છે—

ગીત

**વૈષ્ણવજન તો તેને કહિયે**
**જે પીડ પરાઈ જાણે રે;**
**પરદુ:ખે ઉપકાર કરે તો યે**
**મન અભિમાન ન આણે રે.**

ગીત સંભળાતું બંધ થાય છે છતાં ઝાંઝ, પખાજ અને મંજીરાંની ધૂન ચાલ્યા કરે છે. અંતિમ ભાગ ઉપર પડદો પડે છે. અને નરસિંહ મહેતાના નાનકડા ઘરના આંગણાનું દૃશ્ય દેખાય છે. આંગણામાં તુલસીક્યારા ઘણા હોય છે. હાથમાં ઝારી લઈને નરસિંહ મહેતાની વિધવા દીકરી કુંવરબાઈ, પાણી નાખતી ધીમું ધીમું ગાય છે:—

ગીત

**ભોળી રે ભરવાડણ હરિને વેચવાને ચાલી**
**સોળ સહસ્ર ગોપીનો વહાલો મટુકીમાં ઘાલી—ભોળી રે**

[ પડોશમાંથી ગૌરીબહેન નામની એક નાગરણ આવે છે ]

કુંવરબાઈ : પધારો ગૌરીબહેન !

ગૌરી : જરા વિવેક ઓછો રાખીશ તો મારે ચાલશે. બહુ વિવેકમાં

બહુ ચિબાવલાં લાગીએ. મારે તો શું, કુંવર...પણ—મનને બહુ દિવસ વાળ્યું. આજ તો છેક ન રહેવાયું એટલે આવી છું. હવે તો તમે બાપ-દીકરીએ માઝા મૂકી છે!

કુંવર : એવું તે શું થયું, ગૌરીબહેન? અમારો કાંઈ વાંક, ગુનો, દોષ, અપરાધ?

ગૌરી : વાંક અને વાંસો પોતાનાં હોય તે કોને દેખાય? આ તો ભલા! આપણે જિંદગીભર માથાં સરસાં જડેલાં પડોશી; પાછી ન્યાત એક જ રહી. ન કહીએ તે પણ કેમ ચાલે? અંતે સાંભળવું તે અમારે જ ને?

કુંવર : નહિ નહિ, ગૌરીબહેન! આપ તો જે કહેવું હોય તે કહી શકો. ક્યાં પારકાં છો? અને...નરસિંહના કુટુંબે ક્યારે કોઈના બોલનું ખોટું લગાડ્યું છે?

ગૌરી : એમ ત્રાગું કરવું હોય તો મારો કાંઈ કહેવું નથી. આપો બોલ પાછો!

કુંવર : હું તો, ગૌરીબહેન! એમ કહું છું કે આપણો સંબંધ જોતાં આપ તો ફાવે તે કહી શકો. અમને ખોટું ન જ લાગે.

ગૌરી : તે શું, હું અહીં ફાવે તે કહેવા આવી છું? આવી નફટાઈ બીજે મેં જોઈ નથી! ચાલ બાપ! આજ તો કોઈને કાંઈ કહેવાનો ધર્મ જ રહ્યો નથી.

[ જવાનો અભિનય કરતી ગૌરીને કુંવર હાથ પકડી ઊભી રાખે છે. ]

કુંવર : હાં...હાં...ગૌરીબહેન! માફ કરો. કોણ જાણે કેમ, વ્યવહારને અને મહેતાજીના કુટુંબને બનતું જ નથી. કેમ બોલવું એ પણ ભુલાઈ જાય છે.

ગૌરી : જો ને, બહેન! હવે કુટુંબમાં રહ્યું છે કોણ? તું, તારી ભોજાઈ અને તારો બાપ! તારો ભાઈ ગયો, જુવાનજોધ! તારો પણ ચૂડીચાંદલો...

[ જરા ગળગળે અવાજે ]
તારી મા પણ વૈકુંઠવાસ કરી ગઈ. શું હતી એ બહેન? માણેક મહેતી હવે બીજી થવી નથી!

[ અવાજમાં કંપ લાવી આંખ લૂછે છે. ]

મને તો તારી મા એટલી યાદ આવે છે! રોજ ભેગાં મળીએ, સુખદુઃખની વાતો કરીએ! ઘટ્યુંવધ્યું આપીએ લઈએ... પ્રભુને ગમ્યું એ ખરું! પણ જો ને, આ તારો બાપ? અવધિ એનાથી!

કુંવર : પણ એ બધામાં મારો બાપ શું કરે? બિચારો!

ગૌરી : શાનો બિચારો! જાણે હૃદય જ ન હોય એમ એ તો દરેક દુઃખે બોલ્યા જ કરે છે—

ભલું થયું ભાંગી જંજાળ,
સુખે ભજીશું શ્રીગોપાળ!

એટલું બોલીને જ બેસતા હોય તો ધૂળ નાખી. પણ આ તો ...નાગરી ન્યાત લાજે એવું થાય છે. નિત્ય! એક દિવસ ન જાય! શિષ્ટ, સભ્ય, નાગરી ન્યાતે, આવું તો સાત પેઢીમાં પણ કોઈ જોયું-જાણ્યું નથી!

કુંવર : ગૌરીબહેન! એવું બધું શું થયું? નિત્ય! અમે તો કંઈ જાણતાં નથી. ભૂલ થતી હોય તો જરૂર કહો. હું કહીશ મહેતાજીને!

ગૌરી : કહું? એમ? પાછી ખોટું લગાડીને છણકાઈશ તો નહિ ને?

કુંવર : ના રે ના, ગૌરીબહેન! હું તે વળી છણકાઉં? આ ઘરમાં જઈને મહેતાજીના મુખ સામે જોયું કે રીસ, છણકા ઊભાં ન જ રહે ને!

ગૌરી : એ મહેતાજી જ બધા વખનું સૂળ થઈને બેઠા છે. જોતી નથી રોજ ઢડવાડે જાય છે તે? ક્યાં આંખમિચામણાં કરવાં?

નાગરી ન્યાતમાં અવતાર લીધો છે તે ફરી ફરી મળવાનો નથી, બહેન! મહેતાજી તો ભક્ત બનીને બેઠા. એટલે પાપથી પરવાર્યા. ભલે! પણ અમે તો બધાં અભક્ત માનવી! અમારે હજી ન્યાત-જાત પણ ખરી! ન્યાતને બાજુએ મૂકીએ એ અમને ન પાલવે. અમારાં છૈયાંછોકરાં હજી પરણાવવાનાં બાકી...કહું તો નહિ, પણ હવે રહેવાતું નથી. આ નરસિંહ મહેતાની શેરીમાં વસનારનો કોઈ વિવાહ મેળવતું નથી, અને મળ્યો હોય છે તો ફોક થઈ જાય છે...સમજી, હું કહું છું તે ?

કુંવર : પણ અમને, મહેતાજી સુધ્ધાંતને, તો ન્યાતમાં લઈ લીધા છે.

ગૌરી : જો ને બહેન! ન્યાત તો ગંગા છે. એ ગમે તેને ગમે ત્યારે પાવન કરે. પણ એક વખત ઝખ મારી એટલે જિંદગીભર ઝખ મારવાની. એમ? ક્યાં સુધી નિત્યનો ભ્રષ્ટાચાર ? તું કહી દે મહેતાજીને કે હવે ગમે તેવા આચાર ચલાવી નહિ લેવાય! આચારઃ પ્રથમો ધર્મઃ!...સમજી ?

કુંવર : હું કહી દઈશ પિતાજીને, કે ગૌરીબહેન આમ આમ કહેતાં હતાં.

ગૌરી : તે બહેન! મને એકલીને વગોવીશ નહિ, વળી! હું કાંઈ એકલી કહેતી નથી; શેરીનાં ચકલાં પણ એ જ વાત કરે છે! આ તો મૂઈ મારા જેવીથી જરા બોલાઈ જાય, અને બીજા બોલે નહિ અને સારામાં ખપે. પણ બાઈ! મારાથી તો રહેવાતું નથી. બોલતું ભૂત સારું પણ મૂંગું માણસ સારું નહિ. કેમ બોલી નહિ, કુંવર ?

કુંવર : વારુ, હું કહી દઈશ...અને પિતાજી તો કેટલી ય વાર કહેતા હતા કે નાગરવાડાને ન ગમતું હોય તો આપણે ગામ બહાર રહીશું. મજેવડીમાં પર્ણકુટિ બંધાય એમ છે.

ગૌરી : નાગરવાડાને તે એ બધું શી રીતે ગમે ? આભડછેટનો પાર નહિ. ફાવે ત્યાં મહેતાજી આવે ને જાય. એવું ને એવું મહેતાજીના ઘરમાં. નાગરી ન્યાતમાં અવતાર મળ્યો, તે આમ

વટાળ માટે શું ? મહેતાજીને શ્રદ્ધા ન હોય તો મહેતાજી જાણે; પણ છોકરી ! જરા સમજ. ભગવાન પણ તારા બાપ જેવાને સહાય કરતાં થાકી જાય.

[ મહેતાજીના ઘર અંદરથી ગીત સંભળાય છે. ]

**હરિના જન તો કાંઈ યે ન જાચે**
**જાચે જન્મોજન્મ અવતાર રે !**
**નિત્ય સેવા, નિત્ય કીર્તન-ઓચ્છવ,**
**નીરખવા નંદકુમાર રે.**

કુંવર : ગૌરીબહેન ! મારા પિતા તો પ્રભુ પાસે પણ કશું માગે નહિ. આવડું ખોબલા જેવડું નાનું સરખું જીવન ! અમારી જરૂરત કેટલી ? પ્રભુ પાસે માગવાનું પણ શું હોય ?

ગૌરી : માગવાનું તો ઘણું યે હોય ! તારી મા જીવતી હોત તો હું પુછાવત. તને બાળકને શું કહું ? માગવું ન હોય તો આવી સાધના ક્યાંથી ?

કુંવર : સાધના ? મારા પિતાને સાધના ?

ગૌરી : હા હા, સાધના ! મેલી સાધના ! વંત્રી, શિકોતરીની !

કુંવર : તમને કોણે કહ્યું ?

ગૌરી : આખો દેશ જાણે છે કે જમતા નાગરોની જોડાજોડ ભર-ન્યાતમાં મહેતાજીએ ઢેડને બેસાડ્યા હતા ! જોડાજોડ ! એક એક નાગર અને એક એક ઢેડ ! આખી ન્યાત અભડાવી મૂકી ! મેલા મંત્ર વગર આ બધું બને ? નાગરી ન્યાતને એ મેલી વિદ્યા શોભે ?

કુંવર : ગૌરીબહેન ! એ તો તમને અને લોકોને લાગે એ ખરું. બાકી મારા પિતા તો રાતદિવસ કૃષ્ણને ભજે છે, પ્રભુની રાસલીલા ગાય છે, ભક્તિમાં ખાવુંપીવું ભૂલી જાય છે. સંસારમાં એમને સમૂળગો રસ નથી. ન એમને પૈસો જોઈએ,

ન એમને સત્તા જોઈએ, ન એમને કીર્તિ જોઈએ. પછી મેલી સાધના એ શા માટે સાધે ?

ગૌરી : મારે શું, બાઈ? એ તો તમને—મહેતાજીનાં છેયાંને એમ જ લાગે. પણ બહેન! લોકો મૂર્ખ નથી. અને તેમાં ય આપણી ન્યાત, કાગડા જેવી આંખ! એ ન સમજે એમ ન માનીશ. એક દિવસ નાગરભેગા ઢેડ બેસાડયા, બીજે દિવસે ઊનું પાણી ઠંડું પાડવા વરસાદ વરસાવ્યો! વાત એમ ઉડાડી કે મહેતાજીને તો માગ્યા મેહ વરસે છે. એ તો ઠીક છે, કાગનું બેસવું અને તાડનું પડવું! કુદરત કોઈ વાર કૌતુક કરી પણ જાય. ભજન કરે બધું ન બને, હાં કે?

કુંવર : આપને જે સાચું લાગે તે ખરું. અમને તો કોઈ વાતનું કશું દુઃખ નથી.

ગૌરી : તે તને દુઃખ ન હોય! પણ અમને, ન્યાતીલાને તો દુઃખ જ થાય ને? નાગરી ન્યાતનો પુરુષ! આમ કરતાલ-મંજીરાં લઈ નાચે કૂદે, રસ્તે ગાતો જાય, લોકો હસે, છોકરાં કાંકરા મારે, એ તે કેમ સહ્યું જાય? આખી નાગરી ન્યાતને એ નીચું જોવરાવે છે! તું જ કહે ને અલી બહેન! તારી કે મારી સાત પેઢીમાં કોઈએ કર્યું છે આવું?

કુંવર : શાને અમારી પેઢી સંભારો છો, ગૌરીબહેન? મહેતાજીની તો પેઢી પણ પ્રભુએ રાખી નથી. હું ચાંદલાવિહોણી બની! મારો કામદેવ સરખો ભાઈ ગયો! બિચારી મારી ભાભી! નાગરી ન્યાત આજે ભલે મહેતાજીને ગાળ આપે!

[કુંવરબાઈના અવાજમાં કંપ છે અને એની આંખમાં આંસુ ઊભરાય છે.]

મહેતાજીને દેવાતી ગાળ સાંભળવા મહેતાજીનો કોઈ વંશ જ ક્યાં છે? મારો મોંઘો બાપ! જીવે ત્યાં સુધી સુખે જીવવા દોને બહેન!

[ દૂર ભજન ગાતા કેટલાક ભક્તો આવતા સંભળાય છે. ]

**ભજન**

**સકળ લોકમાં સહુને વંદે,**
**નિંદા ન કરે કેની રે,**
**વાચ કાછ મન નિશ્ચળ રાખે,**
**ધન ધન જનની તેની રે!**

ગૌરી : પાછાં ભગતડાં ભેગાં થતાં લાગે છે! ગોપીચંદનના ગાંસડા અને તુલસીકાષ્ટનાં પોટલાં! નાચો, કૂદો બધાં ભેગાં થઈને! પણ જો, કુંવર! તારા બાપની વાત હાથથી ગઈ, એમ માની મૂંગાં મરીએ. પણ આ તો તું અને તારી ભાભી સૂરસેના! જુવાનજોધ વિધવાઓ! ગમે તેવાં ભગતડાં સાથે ભજનમાં ભેગાં થાવ છો ત્યારે ભૂંડું લાગે છે! સારા ઘરની વહુદીકરી વેરાગીઓ વચ્ચે નાચે, એ તો બાપ! ન ખમાય! મારા જેવી મા કે સાસુ હોય ને, તો તમારા બન્નેના પગ વાઢી નાખે! અને જો ને બહેન! તમે બન્ને...સોહાગણ તો નહિ જ ને?

[ ગૌરી બોલતી હોય છે. વચમાં વચમાં ભજનની ધૂન અને વાદ્યો દૂરથી પાસે આવતાં લાગે છે. ગૌરી બોલી રહે છે અને ભક્તોનું એક મંડળ આવે છે. ]

એક ભક્ત : ભક્તરાજ હશે કે?

કુંવર : ભક્ત થયા પછી કોઈ રાજ રહેતો જ નથી. પધારો. કોને પૂછો છો?

બીજો ભક્ત : અમે તો મહેતાજીનાં દર્શને આવ્યા છીએ...નરસિંહ મહેતાનાં.

કુંવર : હવે આવતા જ હશે. વખત થયો છે આવવાનો...પ્રભુ-પૂજામાંથી પરવારીને.

ત્રીજો ભક્ત : ભલે, ભલે ! વહેલા પધારે, મોડા પધારે ! સાચા ભક્ત છે ! અમે તો આવ્યા છીએ તે હવે દર્શન કર્યા વગર ખસવાનાં નહિ. તમે તમારું કામ કરો, બહેન !

ચોથો ભક્ત : તમે તો, બહેન ! મહેતાજીનાં દીકરી ને ?

કુંવર : હા, ભાઈ !

પહેલો ભક્ત : ધન્યભાગ્ય બહેન ! તારાં. મહેતાજીને ઘેર અવતાર લેવો એ કેટલાં ય જન્મજન્માંતરનાં તપ.

[ સહજ દૂર એક ચોતરા ઉપર ભક્તો બેસે છે. ]

ગૌરી : ભોગવો હવે, બાઈ ! તમારાં ધન્યભાગ્ય ! આ ભક્તોનું ઝુંડ પાછું જમશે તો અહીં ને ? લોટબોટ ખૂટે તો લઈ જજે, કુંવર ! પણ જો, બે હાથ જોડીને કહું છું કે બપોરે જરા જંપીને ઘડી સૂવા દેજો. ઊંચી ન્યાતમાં જનમ લીધો એટલે બપોરે બે ઘડી આરામ પણ નહિ. આ તારા ઘરના ઝાંઝ, કરતાલ અને ઢોલકમાં આખા જુનાગઢની ઊંઘ ઊડી ગઈ છે— દિવસે અને રાત્રે. ચાલ, બહેન ! હું તો હવે જાઉં. ઘરમાં અઢળક કામ પડયું છે. બાકી મારે શું ? હું તો કહું પણ નહિ. ભેંસનાં શીંગડાં ભેંસને ભારે.

[ ગૌરી જાય છે. નેપથ્યે એક ગીત સંભળાય છે.]

ગીત

આદિ તું મધ્ય તું, અન્ત તું ત્રીકમા
એક તું એક તું એક પોતે;
અખિલ ચોબ્રહ્મ બ્રહ્માદિએ નવ લહ્યો,
ભૂરચ્યા માનવી અન્ય ગોતે.
રવિ શશિ કોટિ નખ ચંદ્રિકામાં વસે
દૃષ્ટિપહોંચે નહિ, ખોજખોળે;
અર્કઉદ્યોત જ્યમ, તિમિર ભાસે નહિ
નેતિ નેતિ કહી નિગમ ડોહળે.

બીજો ભક્ત : મહેતાજી પધારતા લાગે છે.

ત્રીજો ભક્ત : એ જ અમારા ભક્તરાજ. ઊર્ધ્વ તિલકના અધિકારી. સદા ય ઊર્ધ્વગામી, અનિમેષ આંખ.

ચોથો ભક્ત : એ આંખ પણ, એકધારી પ્રભુને જાણે પકડી રહી ન હોય !

પહેલો ભક્ત : વૈભવમાં કંઠે તુલસીની માળ, પગે ચાખડી અને હાથમાં કરતાલ !

બીજો ભક્ત : સતી સાધ્વી પત્ની ગઈ, એકનો એક યૌવનભર્યો પુત્ર ગયો, એકની એક કુમળી પુત્રીનું સૌભાગ્ય અસ્ત થયું, તો ય નથી મુખ ઉપર દીનતા, દયામણી રુદનરેખા કે જીવનને બાળતો વિષાદ !

ત્રીજો ભક્ત : શ્રદ્ધા છલકતું સ્મિતસોહાગણું એ ભક્તરાજનું મુખ !

ચોથો ભક્ત : કે એ તે પ્રભુમુખની આરસી ?

[ નેપથ્યે આછી કરતાલ વાગે છે, પછી પાવડીનો ખટકાર સંભળાય છે. ભક્તો એકાએક સામટા ગાય છે. ]

**સમ દૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી,**
**પરસ્ત્રી જેને માત રે,**
**જિહ્‌વા થકી અસત્ય ન બોલે,**
**પરધન ઝાલે ન હાથ રે.**

[ નરસિંહ મહેતા પધારે છે. ]

નરસિંહ : (ભક્તોને જોઈ આનંદપૂર્વક નમન કરી) ઓહો, ભક્તો પધાર્યા છે ! મારું ઘર અને આંગણું પાવન થયું. પધારો, પધારો ! ઘર નાનું છે, પણ પ્રભુના ઘરમાં સહુ સમાશે અને ભેગાં પ્રભુનામ લેવાશે. બહેન કુંવર ! બધા ય ભક્તોનો પ્રસાદ મારી સાથે જ, હો ! તારી ભાભી, તારી કાકીને પગે લાગવા આવે છે; હમણાં આવતી હશે. એ જ તારી કાકી, જેણે

મહેણું દઈ મને પ્રભુદર્શન કરાવ્યાં. એનાં દર્શનનો મારા ઘરને નિત્યનિયમ. કહો, પ્રભુજનો! ક્યાંથી પધારો છો?

પહેલો ભક્ત : ઓ ભક્તરાજ! પ્રભુ તો જ્યારે મળવાનો હશે ત્યારે મળશે! પણ તારું, એક સાચા હરિજનનું, હજાર વર્ષે એક જન્મતા પ્રભુજનનું આંખ ભરી ભરીને દર્શન કરી લેવા દે. જેનું નામ લેતાં પાવન થઈએ, એ ભક્તરાજને આજ સગી આંખે જોયો. તારા અણુઅણુમાં પ્રભુ પ્રગટ થઈ રહ્યો છે. જય ભક્તરાજ! જય!

[ચારે ભક્તો મહેતાજીને પગે પડે છે.]

નરસિંહ : અરે અરે, ઓ ભક્તો! શું કરો છો તમે? મને પગે ન લગાય. હું પાપમાં પડું.

બીજો ભક્ત : જગતમાં કંઈકને પગે લાગ્યો; રાવરાણાને દંડવત કર્યા; શેઠશાહુકારોના ચરણસ્પર્શ કર્યા; શાહોસુલતાનની પગચંપી કરી; સંત મહંત અને ફકીર-ઓલિયાનાં ચરણામૃત લીધાં. એ બધાં ય નમન આજ હું પાછાં ખેંચું છું ને તારે ચરણે હું મસ્તક મૂકું છું અને તારા ચરણની રજ હું માથે ચડાવું છું, ભક્તરાજ! ભક્તશિરોમણિ નરસિંહ!

નરસિંહ : રાધેકૃષ્ણ! રાધેકૃષ્ણ! એ જ સાચું નામ, ભાઈ! હું તો પ્રભુની – પ્રભુના ભક્તની ચરણરાજ છું. ક્યાંથી પધારો છો મહાત્મા?

ત્રીજો ભક્ત : દ્વારિકાથી, શામળશા શેઠ ઉપર આપની હૂંડી લઈ ગયા હતા તે જ અમે. શ્રદ્ધા-અશ્રદ્ધા વચ્ચે ઝોલાં ખાતાં અમને લાગ્યું કે દ્વારિકામાં શામળશા શેઠની પેઢીને કોઈ ઓળખતું ન હતું. અને અંતે નિરાશ થઈ, પૈસા ગયા એમ માની, ભાગ્યને દોષ દેતા અમે બેઠા ગોમતીજીના ઘાટ ઉપર.

નરસિંહ : અરે અરે! વૈષ્ણવજનને આવું દુઃખ પડ્યું?

ચોથો ભક્ત : નહિ નહિ, મહેતાજી! અમને જ શોધતા આવ્યા

તમારા શામળશા શેઠ! અને આપની હૂંડીના સાતસો રૂપિયા ગણી આપ્યા એટલું જ નહિ, અમારી કેટલી ખાતરબરદાસ્ત કરી! અને ઉપરથી જે જોઈએ તે માગી લેવા કહ્યું. વાહ, નરસિંહ ભક્ત! અને વાહ શામળશા શેઠ! દેશદેશાંતરમાં જેની શાખનો જોટો નહિ.

પહેલો ભક્ત : તમારા ઉપર અમે અશ્રદ્ધા બતાવી એ પાપનું પ્રાયશ્ચિત્ત કર્યા પછી તો અમે આપને દર્શને નીકળ્યા અને ડગલે ને પગલે આપ કોણ તે સમજાઈ ગયું.

નરસિંહ : એટલે? ભક્તજનો! આપને હૂંડીના પૈસા ખરેખર મળી ગયા? અગર ન મળ્યા એની મશ્કરી કરો છો? પૈસા ન મળ્યા હોય તો જરૂર કહેજો. દૂધે ધોઈને એ પૈસા હું આપને પાછા આપીશ. હું તો વાપરી નાખું એવો છું. પણ...

બીજો ભક્ત : ભક્તરાજની હૂંડી ન સ્વીકારાય તો કોની સ્વીકારાય? પછી તો જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં સાંભળ્યું કે આપને તો પ્રભુ હાજરાહજૂર છે. લોકો તો આપના સિવાય બીજા કોઈની વાત જ કરતા નથી.

નરસિંહ : મારી વાત? મને કશી જ ખબર નથી, ભાઈ! હું કોણ વાતનો વિષય બનનાર?

ત્રીજો ભક્ત : આપે શું શંકરનું તપ કર્યું ન હતું?

નરસિંહ : જરૂર. એ તપશ્ચર્યાના દેવ પાસે તપશ્ચર્યા જ થાય ને!

ચોથો ભક્ત : એ જ શંકરે આપને ભગવાનની રાસલીલાનાં દર્શન કરાવ્યાં, ખરું કે નહિ?

નરસિંહ : ભક્તજનો! કૃષ્ણના હૃદયમાં કૃષ્ણ, શંકરના હૃદયમાં શંકર. દેવ પ્રસન્ન થાય, ત્યારે દેવને ગમતું સદા ય આપે. પ્રભુની રાસલીલા કરતાં વધારે દર્શનીય જીવનમાં બીજું હોય પણ શું? રાધાકૃષ્ણની રાસલીલા તો સતત ચિરંજીવી ચાલ્યા જ કરે છે. અણુથી માંડી બ્રહ્માંડ વ્યાપી એ ગરબો!

[ નેપથ્યે તાળી અને દાંડિયા સાથે એક ગરબો સંભળાય છે. ]

ગીત

વૃંદાવનની કુંજ ગલનમાં મધુરા બોલે મોર !
રાધાજીની નથણીનો શામળિયોજી ચોર, ચોર, ચોર,
નાગર નંદજીના લાલ,
રાસ રમતાં મારી નથણી ખોવાણી !

પહેલો ભક્ત : વાહ ! રાસની રમઝટ તો મહેતાજીની આસપાસ જામેલી હોય છે. પણ મહેતાજી ! લોકો તો કહે છે કે ન્યાતીલાઓએ આપને બહુ દુઃખ દીધું. આપને ન્યાત બહાર મૂક્યા, ઊના પાણીએ બાળ્યા...

નરસિંહ : હરિ, હરિ ! મને કોઈએ દુઃખ આપ્યું નથી. ન્યાતે તો મને જન્મ આપ્યો ! હું તો એ ન્યાતનો ટુકડો; ન્યાતનો ઉછેર ! મારા મુખથી જ્ઞાતિનું ભૂંડું કેમ જ બોલાય ? અને કહો ભક્તો ! મારા સરખો સહુને નિરુપયોગી, ભારણરૂપ, ભમતો, નાચતો, ગાતો, બેજવાદાર, ભાઈભાંડું હોય તે ન્યાતને ન ગમે તેમાં આશ્ચર્ય શું ? મુત્સદ્દી ન્યાતમાં હું વૈરાગી પાક્યો ! હું ગમે એવો લાગ્યો હોઈશ, તો યે એ જ જ્ઞાતિએ મને કદી ભૂખ્યો સુવાડ્યો નથી, વસ્ત્રવિહીન રાખ્યો નથી, એક બાળક જેવો ગણી મને નિભાવ્યો છે એ મારી જ્ઞાતિ ભૂખે ન મરે, વસ્ત્રવિહીન ન રહે, એટલો તો મારો આશીર્વાદ જરૂર પામે.

બીજો ભક્ત : એ જ સાચો ભક્ત, જેની આગળ પ્રભુ હાજરાહજૂર રહે. એને દુઃખ હોય જ શાનું ? દીકરી કુંવરનું મામેરું પૂર્યું; દીકરા શામળનો વિવાહ મંડાવ્યો; પિતાનું શ્રાદ્ધ સાર્યું; માગ્યા મેહ વરસાવ્યા ! આવા આવા આપના ચમત્કાર તો પછી અમે, મહેતાજી ! એટએટલા સાંભળ્યા છે કે વાત જ ન

પૂછો ! એ ભક્તના દર્શને ન આવીએ તો કોના દર્શને આવીએ ?

ત્રીજો ભક્ત : કહો મહેતાજી ! આ બધા ચમત્કાર સાચા કે ખોટા ?

નરસિંહ : ચમત્કાર ! પ્રભુભક્તોને તો જીવન અને જગત એ જ ક્યાં ઓછો ચમત્કાર છે, કે પછી બીજા નવા ચમત્કારની જરૂર પડે ? કોઈ ચમત્કારની તો મને ખબર નથી. માત્ર એટલું જ કે મેં તો પ્રભુ ઉપર વિશ્વાસ રાખ્યો છે અને પ્રભુ મારા યોગક્ષેમનું વહન કર્યા કરે છે. એ સિવાય બીજો ચમત્કાર તો હું કાંઈ જાણતો નથી.

[ સહેજ હસતાં હસતાં ]

ચોથો ભક્ત : ભક્તરાજ ! કોઈ વાર પ્રભુએ દગો દીધો છે ખરો ?

નરસિંહ : દગો ? પ્રભુ કરે ? દયાનો સાગર ? આપણે અણસમજણુ માનવી ! આપણા યોગક્ષેમનું વહન પ્રભુ કરતો નથી એમ કોઈવાર આપણે અજ્ઞાનીઓને લાગે પણ ખરું ! તો ય મારો પ્રભુ એ તો પ્રભુ જ. એને ચમત્કારનો ચમત્કાર કહો, અગમ-નિગમનો આકાર કહો, ગેબનો ભણકાર કહો, મારે તો...

[ ગીત સાંભળાય છે. ]

### ગીત

**મોરલી નાદમાં, શ્રવણના સાદમાં,**
**ઝાંઝરી ઝાલરી, ડમક બાજે:**
**તાલ મૃદંગ વડે; ચંગ ઉપચંગમાં,**
**ભેરીનો નાદ બ્રહ્માંડ ગાજે.**

મારી તો જ્યાં જ્યાં નજર ફરે છે ત્યાં ત્યાં મને ચમત્કાર દેખાય છે. શ્રવણમાં સદા ય ચમત્કાર ગુંજી રહે છે.

પહેલો ભક્ત : એટલે જ ! તમારા જેવા ભક્તરાજની પેઢી તો ગામે-ગામ હોય, શહેરેશહેર હોય, બંદરેબંદર હોય, દેશેદેશ હોય !

પરકાજે જીવતા સંતની પેઢી સદા ય સધ્ધર હોય! પ્રભુ નહિ હોય કે સંત સાચો નહિ હોય ત્યારે જ એની પેઢીને તાળું વાગે.

[ એકાએક નરસિંહ મહેતા અને ભક્તજનો ગીત ગાઈ ઊઠે છે ]

ગીત

સંતો રે અમે વહેવારિયા શ્રીરામના,
વહેપારી આવે છે બધા ગામગામના—સંતો રે.

લાખ કરોડે લેખાં નહિ, ને પાર વિનાની પૂંજી,
વહોરવું હોય તે વહોરજો ભાઈ કસ્તુરી છે સોંઘી રે—સંતો રે.

આવરો અને ખાતાવહીમાં લક્ષ્મીવરનું નામ,
ચિઠ્ઠીમાં ચતુર્ભુજ લખિયા, નરસિંહનું કામ રે—સંતો રે.

## પ્રવેશ બીજો

[ નરસિંહ મહેતાના ઘરનું નાનકડું મંદિર ખૂલે છે. નરસિંહ મહેતાની વિધવા પુત્રવધૂ સૂરસેના આવી આરતીનો સામાન તૈયાર કરે છે. નરસિંહ અને ભક્તો મંદિર પાસે આવે છે. ]

નરસિંહ : પધારો, ભક્તો ! મંદિર ખૂલ્યાં છે. દેવનો દેવ જાગ્યો છે. કરો પ્રભુનાં દર્શન, અને પછી આપણે સહુ પ્રભુની પાછળ પ્રસાદ લઈએ. સૂરસેના, દીકરા ! સહુ ભક્તોને પ્રભુના મુખની ઝાંખી કરાવો. આપણી તો નાનકડી આરતી !

[ સૂરસેના આરતી ઉતારે છે, નરસિંહ મહેતા સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી રહ્યા છે. ભક્તો પણ ઝાંઝ–કરતાલ વગાડતા પ્રભુનાં દર્શન કરે છે અને નેપથ્યથી એકગીત ગવાય છે. ]

### ગીત

**સૂરજ ને ચાંદા કેરા, દીવા અખંડ જ્યોત,**
**નવલખ તારાની દીપમાળા રે, હોજી !**
**ઘરના તે ગોખે હું તો, દીવો પ્રગટાવી બેઠો,**
**આરતીનાં આળ પંપાળ રે, હોજી !**

[ મંદિર ઉપર અને ભક્તો ઉપર પડદો પડે છે. પડદાની આગળ નરસિંહ ઊભા થઈને આવેલા હોય છે. કુંવરબાઈ પ્રવેશ કરે છે. ]

કુંવરબાઈ : પિતાજી ! આપે તો આજ આખા ભક્તવૃંદને આપણે ઘેર પ્રસાદ લેવાનું કહ્યું, ખરું ?

નરસિંહ : હા, દીકરી ! એ તો આપણા ઘરનો રિવાજ જ છે. લોકો મને ભક્ત કહે છે. ભક્તના ઘરમાંથી કોઈ અતિથિ ભૂખ્યો જાય તો...ભક્તને તો શું ?...પણ પ્રભુની લાજ તો જાય ને ? અને પ્રભુને લજ્જા લાગે એવું કરનાર ભક્તથી ભક્તિ તો થાય જ કેમ ?...દીકરી ! કેમ એકાએક મોં સંકોચાઈ ગયું ? આંખમાં આંસુ કેમ આવ્યાં ?

કુંવરબાઈ : [ અશ્રુ લૂછતી ] પિતાજી ! પચાસ–સાઠની સંખ્યામાં ભક્તો પધારે છે. આખા માસની સામગ્રી એમાં જ પૂરી થાય છે. આવતી કાલ પ્રભુના થાળ માટે ઘરમાં કાંઈ નહિ હોય. મને એની ચિંતા થાય છે.

નરસિંહ : ઘેલી રે, ઘેલી ! મારી તારી અને આ ભક્તોની ચિંતા મને કે તને હોય ? કે પ્રભુને હોય ? પ્રભુના થાળ માટે ચિંતા રાખનાર આપણે કોણ ? વિશ્વભરના થાળ પૂરનારો બીજો કયો માનવી જન્મ્યો છે ? ચિંતા ન કરીશ, દીકરી ! પ્રભુ અને પ્રભુભક્તોની સેવામાં જાત વેચવી પડે તો યે શું ?

[ કુંવરની આંખમાં હજી અશ્રુ છે. નરસિંહ સહજ હસીને કહે છે. ]

શ્રદ્ધા ન બેઠી, બહેન ! ખરું ? નરસિંહની જાતને કોઈ વેચાતી પણ નહિ રાખે એવો તને ભય લાગે છે, નહિ બેટા ?

કુંવર : ( સહજ રુદનભર્યા કંઠે ) ખમ્મા મારા પિતાને અને મારા પિતાના દેહને !...પણ પિતાજી ! સહાય કરવાની વાત બાજુએ રહી. પણ આપણાં જ સગાં–સંબંધીઓ, આપણા જ પડોશીઓ, આપણા જ ન્યાતીલાઓ આપને ઉતારી પાડવા કોણ જાણે કેમ આકાશપાતાળ એક કરે છે ! ગંગાજળ જેવો પવિત્ર મારો

પિતા! એને માટે શું શું બોલી ગયાં પેલાં ગૌરીબહેન! નરસિંહ મહેતાની હું દીકરી ન હોત તો આજ મેં ગૌરીબહેનને કંઈ કંઈ સંભળાવ્યું હોત! બોલવાતું જ ભૂલી જાત એ નાગરાણીની જીભ!

નરસિંહ : એ જ સારું છે કે તું નરસિંહની પુત્રી છો...અને ગૌરી પણ આપણી પડોશી છે...આપણી બહેન જ છે... ભાભીનાં મહેણાંએ મને પ્રભુદર્શન કરાવ્યાં. એ મહેણું દેતી ભાભી આજ મારી સાથે ભજન કરે છે અને મને જોયા વગર જમતી નથી. આજ નહિ તો કાલ, ગૌરીબહેનને મુખેથી પણ રાધાકૃષ્ણ સિવાય બીજું ઉચ્ચારણ નહિ નીકળે. બેટા! જીવનભર તેં જોયું, અનુભવ્યું, નિંદાનાં વચન આપણે ઘોળી પી ગયાં, પચાવી ગયાં. હવે નિંદાથી મારું કે તારું મન કેમ ડગે? ચાલ, તું અને તારી ભાભી મળી ભક્તોને જમાડી દે. આવતી કાલના થાળ માટે હું કાંઈ કરતો આવું.

કુંવર : શું કરશો હવે, પિતાજી?

નરસિંહ : (હસીને) અરે, છોકરી! હજી તને વિશ્વાસ ન આવ્યો, ખરું? નરસિંહનો દેહ ગીરો વેચાણ નહિ મુકાય તો મારો પ્રભુ તો છે ને? હું એને ગીરવે મૂકીશ, હું એને વેચીશ; માનવજાતને પ્રભુની કિંમત નહિ હોય, તો ભલે પ્રભુ પ્રસાદ વગર ભૂખ્યો રહેશે.

કુંવર : પ્રભુને વેચાય?

નરસિંહ : જો, બહેન! શેષને માથે પ્રભુ બેઠો છે. કાંઈ જ વેચવાપાત્ર નહિ હોય, તો બાકી રહ્યો પ્રભુ!...અને કહું તને, કુંવર? પ્રભુને વેચવાની પ્રથા તો ગોકુળ–વૃંદાવનની ગોપીઓના વખતથી ચાલી આવી છે. ચાલ, હું જાઉં.

[ કુંવર જાય છે, નરસિંહ પણ બે ડગલાં આગળ વધે છે અને નેપથ્યે એક ગીત સંભળાય છે. ]

## ગીત

ભોળી રે ભરવાડણ હરિને વેચવાને ચાલી,
સોળ સહસ્ર ગોપીનો વહાલો મટુકીમાં ઘાલી—ભોળીરે.
બ્રહ્માદિક ઇંદ્રાદિક સરખા કૌતુક એ પેખે;
ચૌદ લોકના નાથને એ મટુકીમાં દેખે—ભોળીરે.

[ નરસિંહ મહેતા દૂરથી આવતા ગીતને સાંભળતા ઊભા છે. સુંદર વસ્ત્ર સજેલા ધરણીધર પણ આ ગીત સાંભળતા મહેતાજીના આંગણામાં પ્રવેશ કરે છે ]

ધરણીધર : અહો, મહેતાજી! આવતાં જ આપનાં દર્શન થયાં. ધન્ય ભાગ્ય અમારાં!

નરસિંહ : ધરણીધર મહેતા! જય શ્રી કૃષ્ણ! શી પ્રભુની લીલા છે! આપનું સ્મરણ કરતો હતો અને મારા આંગણાંમાં જ આપને જોયા. પ્રભુની કૃપા અનહદ જ છે. પણ હાં, કહો, ધરણીધર! કેમ પધારવું થયું? અમારા વૈષ્ણવોના ઘરઆંગણામાં તો આપ જેવા મુત્સદ્દી ધનપતિને બેસવા એક આસન પણ ન હોય! પધારો; આ અમારો નાનકડો ચોતરો અને આ અમારાં દર્ભાસન!

[ પાસેના ચોતરા ઉપર બન્ને જણ દર્ભાસન ઉપર બેસે છે. ]

ધરણીધર : બે દિવસ થયાં આપનાં દર્શન થયાં નથી અને આપનો ભજન-રણકો પણ સાંભળ્યો નથી. રાજકાજ અંગે આપની શેરીના મુત્સદ્દી મુરલીધર મહેતાને ત્યાં આવ્યો અને મારું મન મને ટોકી ઊઠ્યું કે ભૂંડા, આટલે આવ્યો અને ભક્તરાજનાં દર્શન પણ ન કર્યાં! પગ આમ વળ્યા અને આપનાં દર્શન થયાં.

નરસિંહ : પણ ધરણીધર! પગપાળા ક્યાંથી? પાલખી ક્યાં મૂકી? શા માટે દેહને કષ્ટ આપ્યું?

ધરણીધર : પાલખી તો મૂકી છે મુરલીધર મહેતાને ત્યાં. અને આપનાં દર્શને પગપાળો આવ્યો.

નરસિંહ : શા માટે ભાઈ, એમ? આપ પાલખીમાં બેસો છો તે મને બહુ ગમે છે.

ધરણીધર : સાચું કહું? પાલખી વગર ફરાતું તો નથી; પરંતુ ભક્તનાં દર્શને પાલખીમાં બેસીને આવતાં આ દેહને શરમ આવી.

[પડદા પાછળથી ઝાંઝ, તંબૂરો, મંજીરાં અને વધારે માણસોની ધૂન સંભળાય છે.]

**ધૂન**

**રાધે શ્યામ, રાધે શ્યામ, પતિતપાવન રાધે શ્યામ.**
**ઘરમાં ભક્તો ઠીક ભેગા થયા લાગે છે, મહેતાજી?**

નરસિંહ : હા જી. તીર્થવાસી યાત્રાળુઓ પધાર્યા અને પવિત્ર દેહધારીઓને મેં પ્રસાદ માટે રોકયા. ભલા, પ્રભુભક્તોનાં જે વધારે દર્શન થયાં એ ખરાં.

ધરણીધર : [સહજ હસીને]

અરે, મહેતાજી! તમે તો એક અનોખા જ છો. તીર્થવાસી-ઓને દર્શન માટે તમે રાખ્યા, કે તીર્થવાસીઓ તમારાં દર્શને આવ્યા? તમારે નામે તો આ જુનાગઢ યાત્રાનું ધામ બની ગયું છે. દિવસ-રાત આપને નિહાળવા માટે, આપનું દર્શન કરવા માટે, આપનું ભજન સાંભળવા માટે કંઈ સાધુનાં ઝૂંડ, સંતો અને મહાત્માઓ આવ્યે જ જાય છે. નગરમાં આવનાર પૂછતો નથી કે રાજમંદિર કયાં છે? શેઠની હવેલી કયાં છે? શરાફની દુકાન કયાં છે? અરે, ગિરનાર કયાં છે એ કોઈ પૂછતું નથી. પણ સહુ કોઈ પૂછે છે, ભક્તરાજનું ઘર કયાં? મહેતાજીનું મંદિર કયાં? મહેતાજીનાં દર્શન કયાં થશે?

મહેતાજી ! તમે જ અમારા સાચા ગિરનાર છો—અમારો માનવ ગિરનાર ! ...આજે જ કાંઈ પચાસ, પોણોસો ભક્તોનું ઝૂંડ આપનું ઘર પૂછતું આવ્યું હતું...એ જ બધા અંદર બોલતા લાગે છે, નહિ ?

નરસિંહ : પ્રભુની કૃપા છે, ધરણીધર ! પ્રભુનાં દર્શને સહુ આવે છે. બાકી નરસિંહના દેહમાં દર્શનીય બીજું શું હોય ?

ધરણીધર : પણ ભક્તરાજ ! આ સાઠ પોણોસો માણસ પ્રસાદ પણ આપને ઘેર જ લેવાના લાગે છે, નહિ ?

નરસિંહ : મારું તો વળી ઘર જ ક્યાં ? ઘર પ્રભુનું ! અને પ્રભુ સહુને નિભાવે છે.

ધરણીધર : પણ મહેતાજી ! ગામમાં લખપતિઓ છે, સામંત-સરદારો છે, સદાવ્રતો તો ચાલે છે. એ બધું છોડીને આટઆટલા અતિથિ આપને ત્યાં શા માટે હોય ? મને આવતાં આવતાં વિચાર આવ્યો કે ભક્તરાજનું ઘર પૂછતા આ સાધુ-ઝૂમખાં-ને પાછા મહેતાજી જમાડ્યા વિના નહિ રહે !

નરસિંહ : મહાભાગ ! ગૃહસ્થ બનીને બેસીએ તો આપણે દ્વારેથી અતિથિ પાછો કેમ ફરે ? અને અતિથિ પાછો ફરે એ દિવસે જાણવું કે ઘરનું પુણ્ય પરવાર્યું !

ધરણીધર : પણ મહેતાજી ! આપ તો કંઈ બહાર પધારો છો ? મેં તો આપને વાતમાં રોકી રાખ્યા. હું જાઉં હવે ! આપનાં દર્શન થયાં એટલે મારો દિવસ સુધરી ગયો.

[ કુંવરબાઈ આવે છે, ]

બહેન કુંવર ! જય શ્રીકૃષ્ણ !

કુંવર : જયશ્રીકૃષ્ણ ! ધરણીધરભાઈ ! ઘરમાં બધાં સારાં છે ને ? બે દિવસ ઉપર આપના ઘરમાંથી મહેતીજી પધાર્યાં હતાં પ્રભુનાં દર્શને. હવે એમની માંદગીનું કેમ છે ?

ધરણીધર : ચાલે છે, એમનું એમ, બહેન ! બે દિવસ મહેતાજીના

દર્શન વગર વીતી ગયા એટલે રહેવાયું નહિ. અને કવખતે આવ્યો છું. હવે રજા લઉં.

કુંવર : એમ ને એમ ન જવાય. પ્રસાદ લઈને પછી પધારો. પિતાજી ! ભક્તો આપની રાહ જુએ છે. પ્રભુને તો થાળ થઈ ગયો.

નરસિંહ : મારે તો...આજ...ઉપવાસ છે ને, બહેન ! તું તો જાણે જ છે.

ધરણીધર : તિથિ ઉપવાસની લાગતી નથી. પછી આજ શાનો ઉપવાસ ?

કુંવર : પિતાજીને તો હાલતાં ચાલતાં ઉપવાસ. જરા સરખું કારણ મળવું જોઈએ.

ધરણીધર : [ સમજી જતા હોય તેમ આંખ કરીને ] તે આજ શું કારણ મળ્યું ?

નરસિંહ : કાંઈ નહિ, કાંઈ નહિ; અમસ્તું જ.

કુંવર : અરે, ભજનની ધૂન ચાલે, કે ધ્યાનની એકાગ્રતામાં હોય ત્યારે તો દિવસરાત, ખાવાપીવાનું બધું ભુલાઈ જાય.

ધરણીધર : એ સાચું. મેં નજરે જોયું છે. પણ અત્યારે કેમ ના કહો છો ? મહેતાજી ! દેહને ટકાવવો તો રહ્યો, ગમે તેમ કરીને. અન્નસમા પ્રાણ કહેવાય.

કુંવર : આજ તો એક ભકતે ચરણસ્પર્શ કરી લીધો. જ્યારે જ્યારે કોઈ પિતાજીના ચરણ સ્પર્શે છે ત્યારે તે ઉપવાસ કરે છે.

ધરણીધર : એમ ? આ વળી નવું સાંભળ્યું. મહેતાજી ! એ ટેક છોડો. સ્પર્શવા યોગ્ય બીજા ચરણ દેખાતા જ નથી !

નરસિંહ : ભક્તિનાં યે અભિમાન ઊપજે. ક્યાંથી પડીએ એ કહેવાય નહિ. સાવચેતી રાખવી એ સારી. ભક્તિ એટલે ખાંડાની ધાર. માટે આટલો નિયમ રાખ્યો.

કુંવર : પણ આપના વગર ભક્તો પ્રસાદ નહિ આરોગે. એ તો જીદ લઈને બેઠા છે કે મહેતાજીના સાથ વગર પ્રસાદ ન લેવાય. મેં ઘણું યે કહ્યું પણ...

નરસિંહ : ચાલ, હું આવું; ધરણીધર પણ બેસશે. મેં એક બહાનું રાખ્યું છે. તુલસીપત્ર ઉપર મુકાય એટલો પ્રસાદ કોઈ જીદ કરે તો લઈ લઉં છું.

ધરણીધર : હા બહેન! તું જતી થા. તારી પાછળ અમે બન્ને આવ્યા જાણ.

[ કુંવરબાઈ જાય છે. ]

મહેતાજી! પૂછવાનું રહી જાય છે. આપ મારું સ્મરણ કેમ કરતા હતા? મને યાદ કરી કેમ આંગણે ઊતર્યા?

નરસિંહ : કાંઈ નહિ; અમસ્તું જ આપ સજજન છો અને સજ્જનો તો યાદ આવે જ ને?

ધરણીધર : નાગરી વિવેક ન કરશો, મહેતાજી! મને સાચી વાત કહો. મારી જાતના સોગંદ. કાંઈ જરૂર પડી હતી કે શું?

નરસિંહ : સોગંદ ન ખાવ, ભાઈ! જુનાગઢમાં તો આપનું ધન ભેળાય છે. સાચી વાત એ ખરી કે ઘરમાં કાંઈ જરૂર પડી કે કુંવર જરા વીલી પડી અને તમારે ત્યાં આવવા પગ વળ્યા.

ધરણીધર : કુંવરનું મુખ વીલું થાય અને અમે જીવતા જડીએ? મારી બધી યે મિલકત આપને ચરણે છે. મહેતાજી! કહો, કેટલા તોડા મોકલાવી દઉં?

નરસિંહ : ના રે, નગરશેઠ! મારે તો મારો વ્યવહાર તાત્કાલિક ચાલે એટલે બસ! પચાસ, પોણોસોએ આડો આંક.

ધરણીધર : આપને મેં કેટલી ય વાર કહ્યું કે એટલો ન્યોછાવર તો હું આપને રોજ કરી શકું એમ છું.

નરસિંહ : ન્યોછાવર ભગવાનને થાય. હું કેમ લઈ શકું? અને નિત્ય લઉં તો પાછા ક્યારે આપું?

ધરણીધર : તમારે પાછા આપવાના ન હોય; હું અબઘડી કાઢી આપું.

[ ધરણીધર પોતાના અંગરખામાંથી રૂપિયા કાઢે છે. ]

નરસિંહ : દાનનો હું અધિકારી નથી, ભાઈ! અમારી ન્યાતનો એટલો ટેક તો હું જાળવું!

ધરણીધર : દાન આપને આપનારો હું કોણ? પણ ભેટ તો લેશો કે નહિ?

નરસિંહ : ભેટ પણ પ્રભુને ધરાવાય. હું તો વ્યવહારની વાત કરું છું. સ્થિતિ એમ આવી છે કે, ધરણીધર...

ધરણીધર : આપ એક અક્ષર પણ ન બોલો. અને મને એક સાચા સંતની સેવા કરવા દો.

નરસિંહ : આપ મારી તત્કાળ ભીડ ભાંગશો એ મારી મોટામાં મોટી સેવા. હું તો એમ કહેતો હતો કે ધનની સામે મૂકવા આજ કાંઈ ઘરેણું નથી, વાસણકૂસણ નથી, વસ્તુ નથી, પણ એક...

ધરણીધર : શી વાત કરો છો, મહેતાજી? કયો અભાગી જીવ આપની પાસે કાંઈ પણ વસ્તુ ગીરવી મુકાવે?

નરસિંહ : પણ અંગઉધાર હું જ કાંઈ ન લઉં. એથી મારી જ્ઞાતિ લાજે.

ધરણીધર : તો આપ જ રસ્તો બતાવો. મને તો કાંઈ જ સમજ પડતી નથી—સિવાય કે આપની ભીડ ટાળ્યા વગર હું અહીંથી પગ પાછો વાળનાર નથી.

નરસિંહ : ધરણીધર! ધનપતિ તો છો; સાથે સાથે સંગીતના જ્ઞાતા પણ છો. મને એમ થયું કે એકાદ રાગ ગીરવી મૂકું અને રકમ માગી જોઉં. આપના વગર બીજો કોણ રાગની કિંમત સમજે? હવે હું શું માગું છું તે !સમજાયું ને, ભાઈ?

ધરણીધર : સમજ હજી પડતી નથી કે આપ શું કરવા માગો છો.

નરસિંહ : હું એક રાગ આપને ત્યાં ઘરેણે મૂકું, બદલામાં રકમ લઉં અને આપની રકમ ચૂકતે ન કરું ત્યાં સુધી હું એ રાગ ન ગાઉં.

ધરણીધર : આ બધું ન કરો તો ન ચાલે? હું આપને હાથ જોડીને, પગે પડીને કહું છું...

નરસિંહ : ના, ના, ના. આડમાં કાંઈ કિંમતી ચીજ મૂકયા વગર હું આજ રકમ લઉં તો કાલે ભેટ, દાન કે ભીખ માગતો ભિખારી બની જાઉં. તમારી પાસે આવતો હતો એટલા જ માટે કે આપને રાગની સાચી કિંમત. રાગના ગીરો-વેચાણનો વ્યવહાર આપના વિના બીજો કોણ સમજે?

ધરણીધર : [ જરા વિચાર કરીને ] વારુ. કયો રાગ બાનમાં મૂકશો, મહેતાજી?

નરસિંહ : મારો પ્રિય રાગ! પ્રભુનો પ્રિયરાગ! નટ કેદાર!

ધરણીધર : જે રાગ ગાઈ આપ પ્રભુને પ્રત્યક્ષ કરો છો તે રાગને? બાનમાં એ ન મૂકો, મહેતાજી!

નરસિંહ : આપને એમ લાગતું હોય કે રાગ જેવી હવાઈ વસ્તુની કિંમત ન અપાય...

ધરણીધર : કબૂલ, કબૂલ, મહેતાજી! સો વાર કબૂલ. નરસિંહના કંઠની, નરસિંહના કંઠે ઊતરતા કેદારની કિંમત કંઈ અપાય એવી છે જ નહિ! કુબેરનો ભંડાર પણ એને સામે પલ્લે ઊંચો જાય. પણ આપ તો માગો છો એવડી નાની રકમ કે મને શરમ આવે છે.

નરસિંહ : વ્યવહારમાં શરમ શાની? આ ખત ઉપર સહી કરીએ.

[ કાગળ કાઢે છે. કુંવરબાઈ પ્રવેશ કરી કહે છે ]

કુંવર : પિતાજી! ભક્તો રાહ જુએ છે.

નરસિંહ : આવ્યો, આવ્યો, બહેન...ધરણીધર પધારો! આપણે સાથે જ પ્રસાદ લઈએ.

[ કુંવરબાઈ અને નરસિંહ જાય છે. ]

ધરણીધર : સાચો ભક્ત, નરસિંહ! જ્યારે જ્યારે દર્શન કરું છું ત્યારે એનામાં નવું નવું નિહાળું છું. જે દિવસે એનાં દર્શન થાય

તે દિવસે અઢળક આવક. પ્રભુ એને નહિ તો બીજા કોને પ્રત્યક્ષ થાય?

[ધરણીધર પણ પાછળ જાય છે. નેપથ્યે એક ગીત સંભળાય છે અને પડદો પડે]

ગીત

ાહ માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે,
ામનામ શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે—

## પ્રવેશ ત્રીજો

[ કુંવરબાઈ તુલસીક્યારે દીવો મૂકે છે. સંધ્યાનો સમય છે. અંદરથી કોઈ બારણું ઠોકતું લાગે છે. ]

કુંવર : કોણ હશે, અત્યારે ? સંધ્યાકાળે ! ઊભા રહો, ભાઈ !

[ નેપથ્ય જઈ એક સિપાઈને લઈ આવે છે. ]

બોલો, શું કામ છે ? કોનું કામ છે ?

સિપાઈ : નરસિંહ મહેતાનું બોલાવો, જલદી બોલાવો.

કુંવર : એ તો ભાઈ સેવામાં બેઠા છે. જરા વાર રહીને ઊઠશે.

સિપાઈ : વાર જરા પણ નહિ ચાલે. જ્યાં બેઠા હોય ત્યાંથી બોલાવો. રાજહુકમ છે.

કુંવર : અમે ક્યાં મુત્સદ્દી છીએ કે અમારે રાજદરબારનું કામ હોય ? નરસિંહ નહિ પણ એમના ભાઈ, બંસીધર મહેતાને તેડું હશે. એમને રાજદરબાર સાથે સંબંધ ખરો. પણ અમારે કાંઈ લાગે વળગે નહિ.

સિપાઈ : નહિ, નહિ, નહિ. મારે નરસિંહનું જ કામ છે.

[ ઝૂંપડી ખખડે છે અને નરસિંહ આવે છે. ]

નરસિંહ : મારું કામ છે. ભાઈ ? જયશ્રીકૃષ્ણ !

સિપાઈ : [ જરા નરમ પડીને ]

હા, હા, ભક્તરાજ ! આપનું જ કામ છે. રા'બાપુનો હુકમ છે. જયશ્રીકૃષ્ણ !

નરસિંહ : ચાલો રાજાજ્ઞા છે તો આવું. પણ હું મારી કરતાલ લઈ લઉં. એ વગર તો જિવાય જ નહિ.

કુંવર : આ રહી કરતાલ.

[ અંદરથી કરતાલ લાવી આપે છે. ]

પાછું શું હશે, પિતાજી ? મને હમણાંનો ભય કેમ લાગ્યા કરે છે ?

સિપાઈ : મારાથી કહેવાય તો નહિ. છતાં કહું છું. લોકો મહેતાજી વિરુદ્ધ ફરિયાદ લઈને આવ્યા છે.

કુંવર : અને એ હશે નાગરો જ પાછા ! આપણે એમનું શું બગાડ્યું છે ? શું થશે હવે આપણું ?

નરસિંહ : બહેન ! સંસારની દૃષ્ટિએ તો, પડ્યું છે એથી વધારે દુઃખ પડવું હવે હોય નહિ. પછી ચિંતા શાની ? બધું જશે તો મારો પ્રભુ તો છે ને ? એ ક્યાં જવાનો છે, બ્રહ્માંડની જાગતી જ્યોત જેવો ?

કુંવર : મને તો હવે તમારા દેહની ચિંતા થાય છે. પિતાજી ! ચાલો જૂનાગઢ છોડી દઈએ.

નરસિંહ : મારા દેહની ચિંતા ? ઘેલી ! દેહ તો નશ્વર જ છે. એક દિવસ જરૂર જવાનો. માત્ર દેહે એક કર્તવ્ય સ્વીકાર્યું છે કે સવા લાખ પદ પ્રભુને નામે રચવાં. સંકલ્પ પૂરો કરાવવો હશે તો દેહને સાચવશે; નહિ તો તારી ભોજાઈ સૂરસેના પુત્ર બની મારાં અધૂરાં પદ પૂરાં કરશે.

[ સૂરસેના આવે છે. ]

ભક્તની દીકરીને ભય ન હોય, બહેન !

સિપાઈ : મહેતાજી ! સાચું પુછાવો તો ભારે ભય છે, આપને માથે ! એક પાસથી નાગરો ફરિયાદ લાવ્યા છે અને બીજી પાસથી સાધુ-સન્યાસીઓ પણ ફરિયાદ લાવ્યા છે. રા'બાપુ ક્રોધમાં છે. મને તો હુકમ છે કે જરૂર પડયે આપને બાંધીને લાવવા. પણ એમ કરું તે પહેલાં તો મારો હાથ કપાઈ જજો ! શું કરું ભક્તરાજ ! નોકર છું તે આવવું પડ્યું.

નરસિંહ : કાંઈ નહિ, ભાઈ ! તમારો ધર્મ છે; તમારે પાળવો જ રહ્યો.

સિપાઈ : અને મહેતાજી ! મનમાં એમ પણ ખરું કે આપને નાસવું હોય તો હું માર્ગ ચીંધું. દરબારમાં તો ભારે જોખમ છે. મારી નોકરીનું થઈ રહેશે. કહીશ કે મહેતાજી અલોપ થઈને ઊડી ગયા. કહો તો હું આપની સાથે જ ભાગી આવી આપની સેવામાં રહું.

નરસિંહ : હું નાસું ? કોનાથી નાસું ? મને કોઈનો ભય હોય તો ને ? તમારે જોખમ નથી રહ્યું ! મને લઈને જ ચાલો. અને બહેન કુંવર, દીકરી સૂરસેના ! હું જાઉં છું રાજદરબારમાં. ભૂલશો નહિ કે આપણે તો રાજાઓનો રાજા ઓળખ્યો છે. કૃષ્ણસ્મરણ કરતાં બન્ને બેસો. નરસિંહનું ઘર એ કે જ્યાં ચિંતા જ ન હોય. પ્રભુને ગમશે એ થશે.

[ કુંવરને કંઠે ડૂસકું આવે છે અને સૂરસેના આંખ લૂછે છે. ]

નહિ, બહેન કુંવર ! સૂરસેના ! તમને આ ન શોભે. તમે રડો તો મારી ભક્તિ ફોક થાય. દીકરીઓ ! શાંત થાવ અને કૃષ્ણ, કૃષ્ણ કહો.

કુંવર : [ સહેજ કંપિત કંઠે ]
પિતાજી ! પ્રભુ બહુ તાવે છે, આપને !

નરસિંહ : એનો પાર કોણ પામી શકે ? એ તાવતો હશે એનું નિવારણ પણ એ જ કરતો હશે, નહિ ? કેમ ભૂલે છે, બહેન ! કે એ તો આપણા કરતાં પણ આપણી વધારે પાસે છે !

કુંવર : એક દિવસની પણ આપને શાંતિ નહિ, પિતાજી !

નરસિંહ : કોણે કહ્યું ? દીકરી ! મારા હૃદયમાં જેવી શાંતિ છે એવી શાંતિ પણ મૃત્યુની ઘડી સુધી કાયમ રાખે એ જ પ્રાર્થના.

કુંવર : પિતાજી ! મૃત્યુનું નામ ન લેશો. મારું કાળજું ધબકી ઊઠે છે.

[ કુંવર આંસુ લૂછે છે. સાથે સિપાઈ પણ આંસુ લૂછે છે. ]

નરસિંહ : કુંવર, મારી દીકરી ! અરે, નહિ, નહિ મારા પ્રભુની પુત્રી ! જો, તું આંખમાં આંસુ લાવે છે ! અને આ રાજ્ય-સેવક પણ આંખ લૂછી રહ્યા છે. આપણાથી રડાય પણ નહિ અને કોઈને રડાવાય પણ નહિ. બહેન ! ગભરાઈશ નહિ. આ પ્રભુ મારી સામે પધાર્યા ! સ્મિત કરે છે, મારો હાથ ઝાલે છે, મને દોરી જાય છે. કરી લો દર્શન એ પ્રભુનાં ! જેનાં ભાગ્ય હોય તે દર્શન પામે !

[ કૃષ્ણનો પડછાયો પડદા ઉપર પડે છે અને સ્મિત સહ નરસિંહને દોરતો હોય એમ લાગે છે. સિપાઈ અને કુંવર બન્ને ઘૂંટણીએ પડી પગે લાગે છે. ]

જો, બહેન ! હવે શાની ચિંતા ? પ્રભાતમાં તો હું પાછો આવ્યો જાણ.

[ નરસિંહ જાય છે. અંદરથી તેની પાવડીના ખટકારા સંભળાય છે. ઉતાવળો સિપાઈ નરસિંહ પાછળ જાય છે. કુંવર પણ ઊભી થાય છે અને આ દૃશ્યમાં એક ગીત સંભળાય છે. ]

## ગીત

જે ગમે જગતગુરુ દેવ જગદીશને
તે તણો ખરખરો ફોક કરવો,
આપણો ચિંતવ્યો અર્થ કંઈ નવસરે
અંતરે ના ઉદ્વેગ ધરવો—
હું કરું હું કરું, એ જ અજ્ઞાનતા,
શકટનો ભાર જ્યમ શ્વાન તાણે.
સૃષ્ટિમંડાણ છે સર્વ એણી પેરે
જોગી જોગેશ્વરા કોઈક જાણે.

[ ગીત સાંભળતી સાંભળતી કુંવર નેપથ્યમાં ચાલી જાય છે અને દૃશ્ય સમેટાય છે. ]

# પ્રવેશ ચોથો

[ રા'માંડળિકનો દરબાર. રાત્રિનો સમય. દરબારમાં પ્રધાનો અને મુત્સદ્દીઓ બેઠા છે. બીજી બાજુએ જુદા જુદા પ્રકારના સાધુઓ પણ બેઠા છે. ]

રા'માંડળિક : હજી મહેતાજી આવ્યો નહિ...તાકીદની આજ્ઞા મોકલી છે છતાં.

[ એકાએક સિપાઈ અને નરસિંહ મહેતા પ્રવેશ કરે છે. રા'માંડળિકને નરસિંહ મહેતા નમન કરે છે. ]

નરસિંહ : હાજર છું હું રાજદરબારમાં ! જેવું તેડું આવ્યું તેવો જ હું સીધો ચાલ્યો આવ્યો છું...પણ મને સમજાતું નથી કે મારા સરખા નિરુપયોગી કૃષ્ણભક્તનું રાજદરબારમાં શું કામ પડ્યું હશે ! અહીં તો મુત્સદ્દીઓનાં કામ !

રા'માંડળિક : મહેતાજી ! તમને મુત્સદ્દી તરીકે નહિ, પરંતુ ગુનેગાર તરીકે આજ પકડી મંગાવ્યા છે.

નરસિંહ : ગુનેગાર તરીકે ? ગુનો કર્યો હોય તો જરૂર મને શિક્ષા ઘટે. પણ હજી મને ખબર નથી કે મારાથી રાજ્યનો શો અપરાધ થયો છે.

રા'માંડળિક : અપરાધ ? તમારો અપરાધ એટલો ભારે છે કે આજ તમારો છેલ્લો ન્યાય કર્યા સિવાય છૂટકો નથી. મેં અને મારી રાજસત્તાએ ઘણું ઘણું જતું કર્યું. પરંતુ હવે તમને હું જૂનાગઢમાં રહેવા દઉં તો મારું આખું નગર ઉજ્જડ થાય !

નરસિંહ : અરે અરે, રાજન ! નગરને તે હું ઉજ્જડ થવા દઉં ?

એ પહેલાં મારો દેહ અને મારું ઘર હું ઉજાડી મૂકું ! હું ભક્તિ કરું છું તે જનતાને ઉજાડવા નહિ, જનતાને લીલીછમ રાખવા !...અને મારે કાને તો એમ પડે છે કે મારી હાજરીમાં જૂનાગઢની વસતી વધતી અને વધતી જાય છે !

એક દરબારી : વધે છે, વધે છે, ભિખારીઓ અને સાધુઓનાં ટોળાં ! એમાંથી કેટકેટલા ગુના વધી જાય એની વાત મહેતાજીને કાને આવી લાગતી નથી !

નરસિંહ : સાધુઓ આવે અને નગરમાં ગુના થાય ? મને ખબર નથી. મને કોઈએ આ વાત કરી હોત તો હું પ્રાયશ્ચિત્ત કરત અને ગુના અટકાવત. હજી કોઈ મને ખબર આપે તો હું પ્રાયશ્ચિત્ત કરવા તૈયાર છું.

બીજો દરબારી : મહેતાજી વિરુદ્ધ તે એક જ ફરિયાદ ઓછી છે ? જાતજાતની અને ભાતભાતની ફરિયાદ. કાંસી જોડા અને કરતાલોની વચ્ચે ભગતને કાને ફરિયાદ પણ શાની જાય ?

રા'માંડળિક : એવી એવી વાત તમારે માટે થાય છે, એવી કડવી ફરિયાદ લોકો તમારા નામની કરે છે, સજ્જનને સાંભળતાં શરમ આવે એવી ! બીજાને મૂકીએ, પરંતુ તમારા જ્ઞાતિબંધુઓની જ ફરિયાદ આવે છે !

નરસિંહ : એક ફરિયાદ હું જાણું છું, મહારાજ ! નાગરો— મારા જ્ઞાતિબંધુઓ તો મુત્સદ્દી રહ્યા ! ધીર ગંભીર એમની વાણી ! એમનાં વસ્ત્રોમાં શિષ્ટતા અને રહેણીકરણીમાં પ્રૌઢતા ! એમની જ વચ્ચે એમની જ જ્ઞાતિનો એક નરસૈયો જાગ્યો !— જેને ન વસ્ત્રનું ભાન કે વાણીનું ભાન ! હાથમાં કરતાલ અને પગમાં નૃત્ય ! બોલમાં રાધા–કૃષ્ણ અને મુત્સદ્દીગીરીમાં પ્રભુનું ભજન અને પ્રભુનું શરણ ! ભારેખમ અને સંસ્કારી નાગરી ન્યાતને મારી વેવલાશ ન જ ગમે એ હું જાણું છું. પણ હું કરું શું ? હું જન્મ્યો જ છું કાંઈ ઘેલછા લઈને !

એ મારી ભક્તિઘેલછા હવે કેમ બદલાય? અને પ્રભુનામ કેમ મુકાય? મારા મૃત્યુ સુધી મને નિભાવી લે એટલી જ મારી જ્ઞાતિ-ગંગાને વિનતિ!

રા'માંડળિક : એટલું જ નથી, મહેતાજી! એથી ય વધારે ગંભીર ફરિયાદો આવી છે. બોલો મુત્સદ્દીઓ! કેમ કોઈ બોલતા નથી? મહેતાજીની શરમ નથી છંડાતી, એમ? મને કહો છો એમ કહો સ્પષ્ટતાથી, એ નરસિંહ મહેતો સ્ત્રીઓ ભેગો નાચે છે! સ્ત્રીઓને ભક્તિનું ભૂત વળગાડી નાગરોનાં ઘર ભાંગે છે! નિત્ય વ્યવહારમાં કીર્તનભજનની ભીડ જમાવે છે! અને રાધાકૃષ્ણના રાસની બીભત્સ વાણી બકી ગામની યુવતીઓને બહેકાવે છે!...ખરું ને? એ જ તમારી ફરિયાદ છે ને?

[ આખી સભા નીચું જોઈ રહે છે. રા'માંડળિક એક બે કાગળો પોતાના આસન પાસેથી કાઢી પોતાના પ્રથમ દરબારી તરફ ફેંકે છે ]

નરસિંહ : રાધે કૃષ્ણ! રાધે કૃષ્ણ! મહારાજ! હું તો ભજન-કીર્તન કરું. મારા ઘરમાં કે મારે આંગણે કોઈને બોલાવતો નથી, આવે તેને ના પાડતો નથી; ભાવથી બોલાવે ત્યાં જાઉં છું, કૃષ્ણનું નામ લઉં છું અને લેવરાવું છું...મોટે ભાગે તો નગર બહાર ઢેડવાસના તુલસીક્યારામાં. અને મહારાજ! આપે શું કહ્યું? રાધાકૃષ્ણના રાસની બીભત્સવાણી? સાક્ષાત્ ભગવાન શંકરે મારા ઉપર કૃપા કરી રાસના દર્શન કરાવ્યાં. રાધાકૃષ્ણનો રાસ નિહાળ્યો અને મારી સ્ત્રીત્વ પુરુષત્વની ભાવના આખી ગળી ગઈ. રાધાકૃષ્ણ વિના પછી તો કાંઈ દેખાતું જ નથી!

એક સાધુ : તો, ભરવસ્તીમાં પડી કેમ રહે છે? જા, જંગલમાં એકલો અને કર તારા રાસનાં દર્શન.

નરસિંહ : સાધો! કોપાયમાન ન બનો. પ્રભુની જ આજ્ઞા થઈ કે
**સંસાર શું સરસો રહે અને મન મારી પાસ**
એટલે સંસાર સ્વીકારવો પડ્યો. નહિ તો ગિરિરાજની ટેકરી કે ગુફામાં અગર વૃંદાવનની કુંજોમાં એકલો બેઠો બેઠો રાસને જોતો, ગાતો, ફરતો હોત.

એક મુત્સદ્દી : પણ મહેતાજી! તમારાં ભજનોમાં સ્ત્રીઓને કેમ ભેગાં કરો છો?

નરસિંહ : હું ભેગી કરું છું? સ્ત્રીઓને? બહેનો, દીકરીઓ, માતાઓ મારા ભજનમાં ન આવે તો મને જરા યે વાંધો નથી. હું તો સહુને એમ કહું છું કે મારું ભજન મૂકી, જે તે પોતાનો ગૃહસંસાર ચલાવે.

બીજો સાધુ : એ જ મુશ્કેલી છે ને? તમારો કંઠ જ મોહભર્યું સંગીત રેલે છે. એ કંઠ સંભળાય છે અને માનવટોળાં ભેગાં મળે છે—સ્ત્રીઓનાં અને પુરુષોનાં!

નરસિંહ : પ્રભુદીધો કંઠ! પ્રભુસ્મરણમાં વાપરું છું. બહેનો યે સાંભળે અને ભાઈઓ પણ સાંભળે; સાંભળવાની મના કરનારો હું કોણ?

એક સાધુ : બહેનો બહેનો કહો છો, પણ પછી તમે બૈરાંને ભરમાવો છો અને કહાન-ગોપીના રાસ ગાઈ ગવરાવી બધાંને ભ્રષ્ટ કરો છો. એ અધર્મ ક્યાં સુધી રાજ્ય સાંખી રહેશે?

નરસિંહ : રાધાકૃષ્ણનો રાસ એ અધર્મ? હરિ, હરિ! કોણ કહે છે એવું? અને તે ધર્મને નામે?

રા'માંડળિક : સાંભળો મહેતાજી! આ વિદ્વાનો, ધર્મગુરુઓ અને સાધુ સંતો પણ મુત્સદ્દીઓ સાથે ભેગા થયા છે. તેમની પણ એ જ ફરિયાદ છે કે સાચાં વેદપ્રણિત ધર્મસાધનો છોડી, તમે રાસ જેવા કુટિલ જાદુની મોહિની સહુને લગાડી રહ્યા છો.

નરસિંહ : રાસ એ કુટીલ જાદુ? ગંગાજળથી નિત્ય સ્નાન કરતા ઓ રા'ગંગાજળિયા! તને મારે કહેવું પડશે કે આખી વેદ-

વાણી અને વેદનાં ધર્મસાધન રાધાકૃષ્ણના રાસની જ કથા-ગાથા છે. રાધાકૃષ્ણનો રાસ તો અણુઅણુથી માંડી અનંત કોટિ બ્રહ્માંડો સુધી સનાતન રચાયલો જ રહે છે; એક ઘડી, ક્ષણ પણ અટકતો નથી. જુઓ જુઓ, મહારાજ! સભાજનો! જુઓ, જુઓ! મારો કૃષ્ણ સ્વામિજીની સાથે રાસ રમી રહ્યો છે. મારી પ્રત્યક્ષ આંખે દેખાય છે!

[ દરબારમાં અંધકાર છવાય છે. પડદા ઉપર રાધા અને કૃષ્ણ સહજ દેખાય છે અને એક ગીત સંભળાય છે. ]

## ગીત

જાગીને, જોઉં તો જગત દીસે નહિ,
ઊંઘમાં અટપટા ભોગ ભાસે;
ચિત્ત, ચૈતન્ય, વિલાસ તદ્રૂપ છે,
બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.

[ રાધા કૃષ્ણ સહજ નૃત્ય કરતાં અદૃશ્ય થાય છે અને પ્રકાશ પડે છે. ]

એ જ મારાં રાધા કૃષ્ણ! સમગ્ર બ્રહ્માંડનો એ રાસ! બ્રહ્મ પાસે બ્રહ્મ લટકાં કરી રહ્યો છે. એને રમવાનું મન થયું છે. एकोऽहम् बहुस्याम्। હું, તમે અને આખી સભા સઘળાં એ રાસમાં ઘૂમીએ છીએ. એ જ સત્ય, અન્ય સર્વ મિથ્યા!

[ નરસિંહ એકાગ્રતાપૂર્વક સ્તબ્ધ બની ઊભો રહે છે. ]

રા'માંડળિક : કાંઈક સાંભળ્યું ખરું! કાંઈ દેખાયું પણ ખરું...પણ મહેતાજી! કદાચ એ જ તમારો જાદુ હશે તો? આજ છેલ્લો નિર્ણય! આજ તમારી ભક્તિની છેલ્લી પરીક્ષા! તમે સાચા

કે ફરિયાદી સાચા એની દિવ્ય પતીજ આજ અત્યારે અહીં જ થાય. સભાગૃહનાં દ્વાર બંધ કરો. ભોગળ-સાંકળ વાસી દો. સભાજનો સહુ બેસી રહે. સાધુજનો, વિદ્વાનો અને મુત્સદ્દીઓ સહુ પોતપોતાને સ્થાને રહે. હું પણ અહીં બેઠો રહીશ. બહારથી કોઈ આવે નહિ...અને નરસિંહનો પ્રભુ આ બંધ-બારણે આવી મહેતાજીને હાર પહેરાવી જાય તો જાણવું કે મહેતાજી સાચા અને એમની ભક્તિ પણ સાચી! આજ રાતની મહેતલ! પ્રભાત થતાં જો પ્રભુએ પ્રત્યક્ષ આવી મહેતાજીને હાર ન પહેરાવ્યો તો જાણવું કે નરસિંહ મહેતો મહા પાખંડી અને મહા અધર્મી! અને અધર્મીને દંડ એક જ હોય: મારે હાથે જ એનો શિરચ્છેદ...મુખ ઉપર હજી વિહ્વલતા નથી, મહેતાજી! ખરું?

નરસિંહ: શા માટે હું વિહ્વલ બનું, રાજન્? પ્રભુને ભક્તની લાજ રાખવી હશે તો પ્રભુ જાતે આવી હાર પહેરાવશે...હું સાચો ભક્ત નહિ હોઉં તો મારા કંઠ ઉપર ભલે આપની તલવાર ફરી જાય! સાચા ભક્તની લાજ જશે તો પ્રભુની લાજ જશે. ...મને, મહારાજ! જરા ય વ્યગ્રતા નથી કે વિહ્વલતા નથી! ...હું એકાગ્ર બની પ્રભુસ્મરણ કર્યે જ જાઉં છું!

[એકાએક દરબારમાં અંધારું થાય છે. વાદ્યો, ઝાંઝ, પખાજ સાથે ગીત સંભળાય છે.]

ગીત

દેવના દેવ, સુણ દેવકીનંદન,
ભક્ત-પ્રતિપાલ એ બિરદ તારું;
એમ જાણી ઘટે તેમ કરો વિઠ્ઠલા,
અવર અદ્યાપ નહિ કાંઈ મારું.

[એક ઘંટનાદ થાય છે અને પ્રકાશ ફેલાય છે.]

રા'માંડળિક : મહેતાજી ! રાત્રિનો ત્રીજો પ્રહર થઈ ગયો. હજી તમારા પ્રભુનો પત્તો લાગતો નથી. સૂર્યને પહેલે કિરણે મૃત્યુ માનજો.

નરસિંહ : પ્રભુનો પત્તો મને લાગી ગયો છે. મારે મન તો મૃત્યુમાં પણ એ જ વસે છે.

રા'માંડળિક : એ તમે જાણો.

[એકાએક અંધારું થાય છે. ઝાંઝ પખાજ સાથે પાછું ભજન શરૂ થાય છે.]

## ગીત

તને રોકી રહી રાધિકા રંગ જામ્યો ઘણો
રસિયા રજની રહી રે થોડી,
નંદના નંદ તું શાને આળસ કર !
નાગરા સાથ તેં પ્રીત જોડી.

[ફરી એક ઘંટનાદ થાય છે. અને પ્રકાશ રંગભૂમિ ઉપર વ્યાપે છે.]

રા'માંડળિક : મહેતાજી ! ચોથા પહોરની શરૂઆત થઈ. હવે ડંકો પડશે તે પ્રભાતનો જ હશે.

નરસિંહ : હું જાણું છું, રાજન ! કે રાત્રિનો ચોથો પહોર પણ ચાલવા માંડ્યો. રાત્રિનું અંધારું જોતજોતામાં ઓસરશે અને પ્રભુ હાર નહિ આપે તો મારું શિર અહીં જ પડશે.

એક સાધુ : મહેતાજી ! તમે પેલી વાત ફેલાવી છે, એ શું ?

નરસિંહ : કંઈ વાત સાધો ?

એક સાધુ : કેદાર ગાતાં બરોબર પ્રભુ સાક્ષાત્ પ્રગટ થાય છે, એ ખરી વાત ને ?

નરસિંહ : [સહજ હસીને] હં ! મને એ વાત સાચી લાગે છે.

રા'માંડળિક : તો ગાવ કેદાર. તમને કોઈ રોકતું નથી.

નરસિંહ : જે થાય એ ખરું. મૃત્યુ સામે આવે તો યે આજ કેદાર ગવાય એમ નથી.

રા'માંડળિક : કેમ એમ? રાગ આવડે છે, અને ગળું ચાલુ જ છે. બીજા રાગમાં ભજન કરો છો તો કેદારમાં ભજન કરો. શો વાંધો છે?

નરસિંહ : મોટો વાંધો છે, મહારાજ! કેદાર રાગ તો આજે જ મેં ગીરો મૂક્યો છે.

[ ચારે પાસથી હાસ્ય સંભળાય છે. ]

એક મુત્સદ્દી : રાગ તે કોઈ ગીરો મૂકે?

બીજો મુત્સદ્દી : અને કોઈ રાખે પણ ખરું?

નરસિંહ : જીવનની આ પણ એક વિચિત્રતા. છતાં એ જ સાચી વાત છે. ધરણીધર મહેતાને ત્યાં કેદાર રાગ આજે જ મેં ગીરો મૂક્યો છે. એ રાગ બાનમાંથી છૂટે નહિ ત્યાં સુધી મારાથી કેદાર ગવાય નહિ.

એક સાધુ : ખરું બહાનું શોધ્યું! બીજું કાંઈ જડ્યું નહિ એટલે રાગ ગીરો મૂક્યાની વાત આગળ આણી. બધું ખોટારું!

રા'માંડળિક : જુઓ, મહેતાજી! સમય વહી જાય છે. આવાં બહાનાં ન કાઢશો. પ્રભુના ભક્ત છો એમ કહી રહ્યા છો; તમને બચાવવા હશે તો પ્રભુ જાતે જઈને રાગ નહિ છોડાવી લાવે?

[ નેપથ્યમાં મીઠું હાસ્ય સંભળાય છે અને તત્કાલ એક ખત સહુના દેખતાં મહેતાજીના પગ પાસે આવીને પડે છે. ]

એક મુત્સદ્દી : અરે, કોઈ કાગળિયા જેવું શું ઊડી આવ્યું?

બીજો મુત્સદ્દી : પારિજાતના પુષ્પની સુવાસ ફેલાયલી છે. કોઈ દિવ્ય સુવાસ!

રા'માંડળિક : શું પડ્યું તમારા પગ પાસે, મહેતાજી!

નરસિંહ : એ જ, એ જ ! મારો ગીરો મૂકેલો કેદાર, મને સહુ દેખતાં પાછો મળે છે. મારા પ્રભુએ જ એ આડ છોડાવી. રાજન ! મારો પ્રભુ આવ્યો જાણો... કેદારના સૂર ઉપર ઊંચકાઈને !

[ રંગભૂમિ ઉપર અંધકાર ફેલાય છે. અને નેપથ્યે કેદારના સૂર સંભળાય છે. ]

**સામ મપ ધપ નીધ સા**
**સાની ધપ મપ ધપ ગમરે-સા**

## ગીત

સુંદર રાગ સોહામણો સારો,
મારો ગોરિયો ગમાણે આવ્યો રે;
ઘમકે ઘૂઘર નૃત્ય કરું હું,
મારો રાગ કેદાર સુહાવ્યો રે.
પ્રગટ સભામાંથી પાતળિયા
મુજને આપો હાર રે;
શામળિયા સંગ સાંઈડાં લેશું,
નહિ લાગે કંઈ વાર રે.
મલપંતા મંડપમાં આવો,
મેં જાણ્યા દીનદયાળ રે;
સભા સર્વ દેખતાં વહાલા,
કંઠે અર્પો માળ રે.

[ અંધકારમાં એક સ્થળે પ્રકાશ પડે છે, જ્યાંથી પીતાંબર ધારી કૃષ્ણ સહુ સભા જુએ એમ હસતે મુખે ધીમે પગલે નરસિંહ મહેતા તરફ આવે છે. ]

નરસિંહ : આવ્યો મારો પ્રભુ! એને માનવીની સાંકળ-ભોગળ શી ? એને વળી ક્યાં કમાડ બારણાં નડે ? પીતાંબરધારી મારો

કૃષ્ણ ! આ રહ્યો સન્મુખ શામળિયો ! રાજન્ ! સભાજન ! કરી લો એનાં દર્શન ! જુઓ જુઓ, મને સ્વહસ્તે હાર આપે છે ?

[ કૃષ્ણ પોતાના કંઠમાંથી વૈજયંતી માળા કાઢી નરસિંહને પહેરાવે છે, અને હસી પાછે પગે જવા માંડે છે. નેપથ્યે મોરલીના આછા સૂર વાગે છે. ]

હવે અદૃશ્ય થવું છે, મારા નાથ ? સભામાંથી ભલે અદૃશ્ય થાવ ! પણ અમારી આંખમાંથી અને મારા હૈયામાંથી હું હવે નહિ જવા દઉં !

[ કૃષ્ણ અદૃશ્ય થાય છે. નેપથ્યે ઝાંઝ પખાજ વાગે છે. સભાજનો અને રા'માંડળિક સ્તબ્ધ બની ઊભા થઈ જાય છે. નરસિંહ કૃષ્ણની પાછળ એકલીન બની જોયા કરે છે. રા'માંડળિક નરસિંહ પાસે આવીને તેને નમન કરે છે, અને રંગ ભૂમિ ઉપર પ્રકાશ વ્યાપે છે. ]

રા'માંડળિક : ભક્તરાજ ! ક્ષમા કરો...તમારું પારખું લેનાર અમ પાપીઓને !

નરસિંહ : નહિ નહિ, મહારાજ ! સહુને ક્ષમા કરવાવાળો તો એ જાય ! પેલો જાય ! મને પૂર્યો ન હોત તો આ સભાને કૃષ્ણ-દર્શન ક્યાંથી થાત ? આપનો તો હું ગુણ માનું છું !

[ ધીમે ધીમે દૃશ્ય સમેટાતાં ગીત સંભળાય છે. ]

## ગીત

વણલોભી ને કપટ રહિત છે, કામક્રોધ નિવાર્યાં રે.
ભણે નરસૈંયો એનું દર્શન કરતાં, કુળ ઇકોતેર તાર્યાં રે.

# દયારામ

## વસ્તુ

આથમતી અઢારમી સદીથી ઓગણીસમી સદીના પૂર્વાર્ધ સુધીને અલંકૃત કરનાર કવિ દયારામનો જન્મ ઈ.સ. ૧૭૭૭માં થયો હતો અને તેનું મૃત્યુ સને ૧૮૫૨માં થયું. એના પિતાનું નામ પ્રભુરાય અને માતાનું નામ રતનબાઈ. પંદર વર્ષમાં એનાં માતાપિતા ગુજરી ગયાં હતાં. ત્યાં સુધી તે ચાંદોદ રહ્યો હતો. પછી તે પોતાને મોસાળ ડભોઈ રહેલો. જીવનભર એ અવિવાહીત હતો. કૃષ્ણભક્તિમાં તલ્લીન દયારામને પરણાવવા અનેક કન્યાઓનાં માગાં આવતાં પણ તે એક જ જવાબ આપતો : 'મેં તો કૃષ્ણ સાથે લગ્ન કરી દીધું છે.' એ

મહા પ્રવાસી હતો. કાશીમાં કાશી વિશ્વનાથની કૃપાથી તેને કવિતા સિદ્ધિ પ્રાપ્ત થઈ એમ કહેવાય છે, અને તેણે કાશીની લાવણી બનાવી જે તેનું પહેલું કાવ્ય ગણાય છે. એ હતો તો પુષ્ટિમાર્ગી, છતાં એનામાં અંધ ગુરુભક્તિ ન હતી. ગુસ્સે થઈને તેણે ગુરુની કંઠી પણ તોડી નાખી. વળી કરનાળીના કેશવાનંદ મહારાજે તેને કૃષ્ણનો સાક્ષાત્કાર કરાવ્યો કહેવાય છે. પેટલાદ વાળા ઇચ્છારામ ભટજી સાથે પણ તેને ડાકોરમાં મેળાપ થયો હતો. દયારામ શરીરે બહુ દેખાવડા હતા અને સંગીત સારું જાણતા હતા. વાદ્યમાં સિતાર પણ વગાડતા એમ કહેવાય છે. એમના શિષ્યમંડળમાં રણછોડ, ગિરજાશંકર, વસંતરામ તથા ઘેલાભાઈ વગેરે હતા. શિષ્યાઓ પણ દયારામને હતી; જેમાં રતનબાઈ નામની સોનારણે કવિની છેલ્લી માંદગીમાં તેની અતિશય સેવા કરી હતી. દયારામ સરસ કપડાં પહેરતા અને એ યુગના છેલમાં તેમની ગણતરી થતી—જોકે તેમના પ્રત્યે ગુજરાતમાં ઘણે ભાગે ગુરુભાવ હતો. હિંદુસ્તાનની તે સમયની બધી જ ભાષાઓમાં તેમણે કવિતાઓ લખી છે. મૃત્યુ સમયે દયારામે પોતાનાં પુસ્તકો રણછોડ જોષીને આપેલાં, તેમનો તંબૂરો શિષ્ય વસંતરામને તથા પોતાની છબી રતનબાઈને આપ્યાં હતાં. વિધવા રતનબાઈ સાથેનો દયારામનો સંબંધ ક્વચિત વગોવાતો પણ ખરો. ચુન્નીબાઈ નામની એક સ્ત્રીભક્ત પણ દયારામનાં પદથી બહુ પ્રસન્ન હતી. પ્રભુ અને પ્રભુભક્ત સિવાય કોઈની તેમણે કવિતા લખી નથી. તેઓ ભારે ઉદાર હતા. પરાજિત બજવૈયાની કુશળતા ઉપર પ્રસન્ન થઈ પોતાના ગળામાંની સોનાની કંઠી તેમણે ભરમિજલસમાં ભેટ આપી દીધી હતી. કોઈના બોલાવ્યા તેઓ જતા જ નહિ—ખાસ કરીને ધનિકો અને સત્તાધીશોને ત્યાં. પ્રાચીન ગુર્જર કવિતાની સમાપ્તિ દયારામના કંઠમાં એમના પછી નૂતન કાવ્ય અને સાહિત્યનો ઉદય. એ રંગીલા કવિની કવિતા ઘેરઘેર, ગામેગામ, અને શેરીએ શેરીએ ગવાતી. હજી પણ નૂતન ગુજરાતને એની ગરીબીઓના ઢાળ અને ભાવ ઘણા ગમે છે.

## પ્રવેશ પહેલો

દયારામના કાવ્યની વ્યાપક અસર. તેમની છબી અને તેમના જુદા જુદા ગરબાઓમાં સંભળાય છે.

સ્થળ

દયારામની શેરી

પાત્રો

(૧) રતન સોનારણ, દયારામની શિષ્યા જેનો સંબંધ વગોવાયો હતો તે.

(૨) મુસાફર, દયારામ પાસે કેટલાક સંદેશા આપવા આવેલો અને સાથે સાથે દયારામના જીવન વિશે કુતૂહલથી પ્રેરાયલો એક ગુજરાતી – ગુજરાતના માનસનો પ્રતિનિધિ.

## પ્રવેશ બીજો

દયારામના ઘર પાસે બનતા બનાવો.

સ્થળ

દયારામભાઈના ઘર પાસેનો એક ચોતરો. દયારામની નિત્ય બેઠક.

પાત્રો

(૧) દયારામ
(૨) રણછોડ – શિષ્ય
(૩) વસંતરામ – શિષ્ય
(૪) રતન – સોનારણ
(૫) મુસાફર
(૬) ચુન્નીદેવી – એક વૈષ્ણવ સ્રીભક્ત. ગુજરાતમાં ફરતી રહેતી પ્રૌઢ સ્રી.

# પ્રવેશ ત્રીજો

દયારામના ઘરનો એક ભાગ

## સ્થળ

દયારામનો અંત સમય

## પાત્રો

(૧) દયારામ
(૨) રતન
(૩) રણછોડ
(૪) વસંતરામ
(૫) ઘેલાભાઈ અમીન
(૬) રાધાકૃષ્ણનો પડછાયો

## સૂચન

આવાં નાટકોમાં પ્રવેશ અને અંક એક જ બનીરહે છે. જે તે સ્થળે નાટકમાં જ સૂચનો આપવામાં આવેલાં છે. એ સૂચનો સ્થળ અને પાત્રની સગવડ પ્રમાણે આછો ફેરફાર પામે એ સ્વાભાવિક છે.

દયારામની પ્રથમ છબી અને રાધાકૃષ્ણનાં છાયાચિત્ર પડદા અને પ્રકાશની ગોઠવણથી શકય બને એવાં છે.

દયારામની કવિતાનું વાતાવરણ ઉપજાવવા માટે સંગીતનો વધારે ઉપયોગ કરવાની જરૂર રહે છે. મોટા ભાગનાં ગીત નેપથ્યમાંથી ગવાય એ ચાલે એમ છે. ગીતો અગર સંવાદ અનુકૂળતા પ્રમાણે ઘટાડી નાખવામાં પણ હરકત આવશે નહિ.

દયારામનાં વસ્ત્રો જાણીતાં છે. બીજા પ્રવેશમાં દયારામ શરૂઆતમાં પાઘડી રાખી પછી તેને દૂર કરે તો હરકત જેવું નથી.

ત્રીજા દશ્યમાં તો દયારામની માંદગીનો ચિતાર છે.

## પ્રવેશ પહેલો

[ આખી રંગભૂમિ ઉપર અંધકાર છવાયો છે. રંગભૂમિના છેક અંતિમ ભાગમાં પ્રકાશ પડે છે અને ત્યાં કવિ દયારામનો લાક્ષણિક દેહ તંબૂરા સાથે બેઠેલો દેખાય છે. નેપથ્યે ગરબો સંભળાયછે.]

### ગીત

હાં રે; ચાલ વહેલી અલબેલી પ્યારે રાધે !
તુંને તારો કા'ન બોલાવે !
તુંને ઘનશ્યામ બોલાવે !
સરસ સમય સાધે સાધે ! હો પ્યારી રાધે !
હાં રે, ચાલ વહેલી અલબેલી પ્યારે રાધે !

દયારામ તંબૂરો હાથમાંથીમૂકી દઈ, ખડિયો-કલમ લઈ કાગળ ઉપર કંઈ લખે છે અને બીજી પાસના નેપથ્યે એકલ કંઠે ગવાતી ગરબી સંભળાય છે.

### ગીત

ઉદ્ધવ, નંદનો છોરો તે નમેરો થયો જો,
મૂને એકલી મૂકીને મથુરા ગયો જો;
ઉદ્ધવ, નંદનો છોરો તે નમેરો થયો જો.

એકાએક અંધકાર વ્યાપે છે. દયારામ અદૃશ્ય થાય છે અને ફરી પ્રકાશ થતાં થોડી યુવતીઓ એક ગરબો ગાતી આવે છે.

## ગીત

ગરબે રમવાને ગોરી નીસર્યાં રે, લોલ,
રાધિકા રંગીલી અભિરામ
વ્રજવાસિની રે લોલ,
તાળી લેતાં વાગે ઝાંઝરઝૂમખાં રે લોલ.

ગરબો બંધ થાય છે. ફરી અંધકાર છવાય છે અને રંગભૂમિ ઉપર પ્રકાશ પડતાં એક મુસાફર દેખાય છે.

મુસાફર : આખા ગુજરાતને કંઠે આ દયારામ ઊતરી રહ્યો છે. એની જ નગરી દર્ભાવતી એની ગરબીઓ વડે ગુંજી રહે એમાં શું આશ્ચર્ય !

[ સ્વચ્છ, સુઘડ વસ્રો પહેરેલી છતાં સાદી દેખાતી વિધવા રતન સોનારણ પ્રવેશ કરે છે. ]

બહેન ! પેલા સાઠોદરા નાગર...કવિ દયાશંકર...એમનું ઘર આટલામાં જ આવ્યું ને ?

રતન : દયારામભાઈની વાત કરો છો ?...પેલું ઘર દેખાય ! માણસોની અવરજવર જ્યાં થઈ રહી છે ને ? તે ઘર !

મુસાફર : ( નેપથ્યે જરા જોઈ ) આવી આટલી બધી અવજવર જોતાં ઘર જરા નાનું ન પડે ? એને...હવેલી નથી ? હું તો ધારતો હતો કે આવા પંકાયલા કવિને રહેવા માટે મોટી હવેલી હશે ?

રતન : અરે ભાઈ ! એ કવિએ તો હૈયે હૈયે હવેલી રચી છે. એને ઈંટ–ચૂનાની હવેલી શું કરવી છે ?

મુસાફર : તે બહેન ! તમે દયારામને ઓળખો ખરાં ?

રતન : હા એને કોણ ન ઓળખે

મુસાફર : એને બરોબર પૂરો ઓળખો ખરાં ?

[ સહજ સ્મિત કરે છે. ]

રતન : એ તો પ્રભુનો મહાભક્ત, એને રાત્રિદિવસ પ્રભુનું જ સ્મરણ – કીર્તન. એવા ભક્તરાજને કોણ પૂરેપૂરો ઓળખી શકે ? હું યે નહિ અને કોઈ યે નહિ.

મુસાફર : હું એમ નથી કહેતો. આ તો સાંભળ્યું છે કે...અને કંઈક લોકો કહે છે કે દયારામ જરા પહેરવેઓઢવે ઠાઠમાઠ બહુ રાખે છે. ખરી વાત ?

રતન : હા, જી. એમ કહેવું હોય તો એમ. પરંતુ પ્રભુનું સતત સુંદર સાન્નિધ્ય જેને હોય એનાથી અસ્વચ્છ મેલોઘેલો દેહ પ્રભુ પાસે કેમ લઈ જવાય ? દયારામભાઈ જ નહિ, દયારામભાઈનાં શિષ્યો અને શિષ્યાઓ પણ સુઘડ વસ્ત્રોથી જ ઓળખાઈ આવે છે.

મુસાફર : (સહજ તિરસ્કારભર્યું હસીને) તે પાછી દયારામભાઈને શિષ્યાઓ ખરી કે ?...પરણેલો નથી તો ય ?

રતન : જુઓ ને ભાઈ ! દયારામે તો પ્રભુ પ્રત્યે સખીભાવ વિકસાવ્યો છે. રાધાકૃષ્ણ વગર એની રસના બીજું ઉચ્ચારતી જ નથી. એવા ભક્તને તો શિષ્ય યે હોય અને શિષ્યા ય હોય ...સાંભળો, સાંભળો. દયારામની જ વાણી કંઈકથી આવતી સંભળાય છે !

[ મંજીરાં અને ઝાંઝર સાથે નેપથ્યમાં એક ગરબી સંભળાય છે. ]

**હાં રે, વૃંદાવનમાં થનક થા થેઈ થેઈ, થઈ.**
**હાં રે, રાધાકૃષ્ણ વિના,**
**હાં રે, સખી શ્યામ વિના,**
**બીજું નહિ, નહિ, નહિ,**
**હાં રે, વૃંદાવનમાં થનક થા, થેઈ, થેઇ, થઈ.**

મુસાફર : કહે છે કે...રાતદિવસ દયારામ ગાનતાન અને થેઈકારમાં જ ગુલતાન રહે છે...મહા રંગીલો !...નહિ ?

રતન : તમે ડહોઈથી અજાણ્યા લાગો છો ? કળીકાળમાં તો કૃષ્ણ-કીર્તન એ જ સાચો માર્ગ. આજની દુનિયામાં કૃષ્ણગીત અને કૃષ્ણનૃત્ય વગર ગુલતાન થવા પાત્ર બીજું છે પણ શું ?

મુસાફર : ઠીક છે તમારું કહેવું. પણ...દયારામ જરા રખડેલ કહેવાય ખરો, નહિ ?

રતન : ભારતભરનાં પવિત્ર તીર્થધામોમાં પગપાળો વિચારતો યાત્રાળુ રખડેલ કહેવાય તો, હા, દયારામ રખડેલ ખરો. ચાર ધામની યાત્રા કરતો દયારામ રખડ્યો છે ખરો...પણ તે એના કૃષ્ણને જોવા અને ગાવા.

મુસાફર : હશે ! એમ હોય તો સારું. પણ હું તો સાંભળું છું કે દયારામ બહુ તીખો, તોછડો, ઝાંઝી અને મિજાજી બહુ છે. ખરી વાત ?

રતન : તીખો, તોછડો, ઝાંઝી અને મિજાજી તો કોણ જાણે ? પણ, હા. કૃષ્ણભક્તને પરવા પણ કોની હોય ? એને ધન, કીર્તિ, સત્તા કે લાલચ સ્પર્શી શકે એમ નથી.

[ દૂરથી પુરુષ સ્વરમાં ગીત ગવાતું સંભળાય છે.

ચિત્ત તું શીદ ને ચિંતા ધરે,
કૃષ્ણને કરવું હોય તે કરે.
દોરી સર્વની એના હાથમાં,
ભરાવ્યું ડગલું ભરે;
જેવો જંત્ર વગાડે જંત્રી
તેવો સુર નીસરે,
કૃષ્ણને કરવું હોય તે કરે.

સતત નિર્ભય બનેલો કૃષ્ણભક્ત ! એ કોનાથી અંજાય ? આંજવા જનાર કોઈને એ તીખો કે ઝાંઝી-મિજાજી લાગ્યો હોય તો એ જાણે. ]

મુસાફર : હશે. એ વાત જવા દઈએ. પણ એની બીજી કંઈક વાતો થાય છે એ શું?

રતન : હું તો કાંઈ જ એની વાત જાણતી નથી. એવી શી વાત થાય છે, દયારામભાઈની?

મુસાફર : કહું? ખોટું તો નહિ લગાડો ને? ચારેપાસથી સાંભળીએ છીએ કે દયારામ લંપટ બહુ છે, એ સાચું કે ખોટું?

રતન : ભાઈ! તમે તો દયારામના દર્શને આવ્યા છો કે દયારામનું વગોવણું કરવા? કે પછી દયારામની પરીક્ષા કરવા?

મુસાફર : કાંઈ સમજ પડતી નથી. કોઈ કહે, દયારામ સાચો ભક્ત છે! કોઈ કહે, દયારામ તો સ્રીલંપટ છે. પેલી રતન સોનારણની વાત બહુ થાય છે, એ જાણો છો ને? આવી ચર્ચા તો ...છેક જુઠ્ઠી ન હોય ને?

રતન : વારુ. રતન સોનારણ કોણ એ તો તમે જાણતા જ હશો. રતનને ઓળખો ખરા?

મુસાફર : જાણતો હોઉં, ઓળખતો હોઉં તો આમ અધ્ધર રસ્તે જનારને પૂછું અરો?

રતન : ત્યારે તો હું જ રતનને ઓળખાવું...રતન સોનારણ તે હું જ...હું જાતે રતન સોનારણ, તમારી સામે ઊભી છું તે જ.

મુસાફર : (જરા ઝંખવાઈ ને) હાં હાં, બહેન! માફ કરજો. આ તો વાતો સાંભળીને ભૂલ થઈ જાય...અને વાતો કરાનારનું કંઈ મોં ઝલાય છે?

રતન : હરક્ત નહિ, ભાઈ! લોકને મોઢે ક્યાંથી ઢાંકણ હોય? તમે એકલા નથી જે મને અને દયારામને વગોવતા હશો. છતાં દયારામનું શીલ સ્વચ્છ છે કે ભ્રષ્ટ એનો સાચો સાક્ષી તો હું જ હોઉં ને?...અને હું તો જાણું છું કે દયારામનું ચારિત્ર સ્ફટિકસમ નિર્મળ છે. જય શ્રીકૃષ્ણ!...

[જવા માટે પગલું ભરે છે.]

મુસાફર : બહેન, રતનબહેન! ક્યાં જશો?

રતન : દયારામભાઈ પાસે. હું તેમની નિત્ય સેવા કરું છું.

મુસાફર : મને દયારામભાઈ પાસે ન લઈ જાઓ?

રતન : દયારામભાઈ પાસે તમારે આવવું છે?...આટઆટલું સાંભળ્યા પછી?

મુસાફર : હા, હા. એમને મળવા માટે તો હું આવ્યો છું. દર્શન. તો ઠીક, પણ કવિના લાભની એક વિષ્ટિ લાવ્યો છું જો તમે રતનબહેન! તમે પણ મારી સહાયે જરૂર આવો, જો તમે દયારામનાં સાચાં ભક્ત હો તો.

રતન : એવી શી વિષ્ટિ લાવ્યા છો, ભાઈ?

મુસાફર : સાંભળો. બહુ છાની વાત છે, કવિને જ કહેવા જેવી. તે તમને કહું છું દયારામને એક ધનવાન, બુદ્ધિમાન અને રૂપવાન નાગરકન્યા મળે એવો યોગ છે. દયારામ હા પાડે એટલી જ વાર. હું ચટ ચાંલ્લો કરું અને લગ્નનું મુહૂર્ત પણ જોવડાવી નાખું.

રતન : બહુ સારું. આપ જાતે જ કવિને મળો અને આપનું આ શુભ કહેણ સ્વમુખે જ કવિને પહોંચાડો. પેલા પધારે કવિરાજ ...ઓટલા ઉપર...શિષ્યોની વચમાં...પધારો મારી સાથે.

મુસાફર : પણ રતનબહેન! મેં કહ્યું તે ધ્યાનમાં રાખજો. તમારે અમારી વહારે ચઢવું પડશે.

રતન : સહુની વહારે વિઠ્ઠલ તો છે જ ને? સાથે સાથે કવિનાં દર્શન તો કરી લો.

[ દૃશ્ય સમાપ્ત થાય છે ]

## પ્રવેશ બીજો

[ દયારામભાઈના ઘર પાસે એક ચોતરો. શિષ્ય-મંડળની વચમાં દયારામ બેઠા છે—પાસે તંબૂરો પડયો છે. અગર શિષ્યોની મંડળીમાં દયારામનો પ્રવેશ પણ કરાવી શકાય. શિષ્યો પગે લાગે છે. ]

દયારામ : ( સ્વગત ) કૃષ્ણ કહો કૃષ્ણ કહો, ફરી વાર કૃષ્ણ કહો, જીવનભર કૃષ્ણ કહો, શ્વાસ ચાલે ત્યાં સુધી કૃષ્ણ કહો !

[ શિષ્યો તરફ નજર કરે છે. ]

કેમ રણછોડ ?

રણછોડ : જી. આપતો અણધાર્યા પધાર્યા. અમારા મનમાં તો એમ કે આજ તો મહારાજા ગાયકવાડ આપની વાણી વડોદરે સાંભળતા હશે.

દયારામ : હા, ભાઈ ! હું ગયો હતો તો મહારાજ ફતેહસિંહરાવનો તેડાવ્યો વડોદરે. અને આજ ત્યાં જ કૃષ્ણ—કીર્તન થાત. પરંતુ વડોદરે જતાં બરોબર ખબર પડી કે પેટલાદથી પરમ વૈષ્ણવ ચુન્નીબાઈ પધાર્યાં છે, ડભોઈ, મને મળવા ! ડાકોરમાં એક વાર એમનું કીર્તન સાંભળેલું. આ કળીકાળમાં તો કૃષ્ણની મોરલી આવીને ચુન્નીબાઈના કંઠમાં જ બેસી ગઈ છે. ભક્ત-જન મને મળવા પધારે અને હું રાજદરબારના દરવાજા ઠોકતો હોઉં એમ કેમ બને ? રાજદર્શન તો ફરી યે થાય પણ ભક્ત-દર્શન ફરી થવાનાં નથી. એ જેટલાં વધારે થાય એટલી દૈવી સંપત્તિ આપણી વધે...વારુ...કોઈએ ચુન્નીબાઈને મારા આવવાની ખબર કરી ખરી ?

શિષ્ય : હા, જી. ક્યારના સમાચાર પહોંચાડ્યા. આપને મળવા

વસંતરામ : તો તેઓ અતિ આતુર છે. હમણાં તેઓ આવતાં હશે. ...પણ, અમો સર્વ શિષ્યોની અને આખી દર્ભાવતીનગરીની વિનંતી છે કે...

દયારામ : કેમ અટક્યો વસંતરામ ? રણછોડ ! શું કહેવું છે સહુને ?

રણછોડ : આપ તો વારંવાર યાત્રાએ પધારો, આપની વાણી સાંભળવા નિત્ય દેશ-પરદેશનાં આમંત્રણો હોય જ; અને સ્વાભાવિક છે કે આપની વાણીનો લોકોને મોહ થાય. હમણાં તો ધામેધામથી વિનંતીઓ આવે છે. પણ આપ ડભોઈમાં ન હો એટલો વખત ડભોઈ તો સૂનું જ પડે ને ?

દયારામ : પ્રભુસ્મરણ કરનારને સૂનકાર હોય જ નહિ.

વસંતરામ : પણ પ્રભુસ્મરણ કરાવનાર પણ આપ અને આપની વાણી જ ને ? અમારી ઊંડી અભિલાષા છે કે આપ ડભોઈની બહાર પધારો ત્યારે આપની પાવડી અહીં રહે, અમે એને પૂજીએ અને એનાં દર્શન કરીએ ! તો આપનું સ્મરણ...

દયારામ : ઘેલો રે, ઘેલો ! પાવડીપૂજન તે હોય ? અને તે મારું ? તમે સહુ જાણી લો કે હું તો કૃષ્ણચરણની રજ છું, રજની ય રજ છું ! એ ભાગ્ય પણ આપણું ક્યાંથી હોય ? મારી આજ્ઞા છે કે ફરી આવો વિચાર કોઈ ના કરે. કૃષ્ણ વગર કોઈનું પણ પૂજન હોય ?

[ નેપથ્યથી એક ગીત સંભળાય છે]

નંદકુંવર સરીખો રે, નયણે ના દીઠો;
પ્રાણ થકી પ્રિય લાગે રે, અમૃત પે મીઠો.
... ... ... ... ...
એ પ્રભુ મૂકી અન્ય ભજે રે, તે કેવળ નિર્ભાગી
દાસ દયાના પ્રભુ શું રે, મુજને લેહ લાગી. ]

મારો શિષ્ય કહેવડાવનાર કૃષ્ણ વગર કોઈનું ય પૂજન ન જ કરે. આપણે માર્ગે કોઈ ગુરુ યે નહિ અને કોઈ ગુરુની પાવડી યે નહિ. પછી કૃષ્ણ વગર કોઈનું પૂજન તો હોય જ ક્યાંથી?

[ રતન અને મુસાફર પ્રવેશ કરે છે, અને કવિને પગે લાગી કોઈ સ્થાને બેસી જાય છે.]

દયારામ : સાથમાં કોને લાવી, રતન? કોણ ભવદીય એ ભાઈ છે?

રતન : મેં તો એમને મુસાફર તરીકે ઓળખ્યા આપને મળવું છે અને આપને કાંઈય સંદેશો પહોંચાડવો છે.

મુસાફર : બે સંદેશા લઈ હું આવ્યો છું, કવિરાજ!

દયારામ : રાજ? કવિરાજ? મારા જીવનમાં રાજ તો કૃષ્ણ વગર બીજો કોઈ જ નથી. પણ હશે. કહો, ભાઈ! કોનો અને શાનો સંદેશ લાવ્યા છો?

મુસાફર : એક તો વડોદરા નિવાસી શ્રીમંત ગોપાળરાવ મહારાજનો.

દયારામ : ઓળખ્યા, બરાબર ઓળખ્યા. કુબેરનો અવતાર! કર્ણ સરખા દાનેશ્વરી! મહા ધર્મનિષ્ટ પુરુષ! કહો, એમની શી આજ્ઞા?

મુસાફર : એ કુબેર અને કર્ણ સાચા છે કેમ એનો આપને પરચો કરાવવો છે. આપે એમને આપની વાણી સંભળાવી નથી. આપની વાણી એ સાંભળશે તો આપના ઉપર ધનનો વરસાદ વરસાવશે. એમણે આપને ગણેશઉત્સવમાં બોલાવ્યા છે.

દયારામ : હું તો અયાચક વ્રતનો પાળનાર. મને કોઈના દાનનો, ઉદારતાનો કે ધનનો પરચો કરાવવાનો ન હોય! ગોપાળરાવજીને કહો કે નર્મદાતીરે મંદિરો બંધાવે, ઘાટ રચાવે, અન્નક્ષેત્રો કાઢે, પાઠશાળાઓ ઊભી કરે અને ગરીબોની ગરીબી ટાળે...પ્રભુપ્રીત્યર્થ! હું તો કૃષ્ણ સિવાય કોઈની કવિતા રચતો જ નથી; માનવીની તો નહિ જ! પછી એ ચક્રવર્તી

રાજા મહારાજા હોય કે છત્રીસાં વાદ્ય વગડાવતો ધનિક હોય !

મુસાફર : અહીં આપની ભૂલ થાય છે, કવિ ! ગોપાળરાવજીને પોતાની જાતનાં કાવ્ય રચાવવાં જ નથી. આપ તો જાણો જ છો કે એ ગણપતિના મહાન ભક્ત છે. એમની વિનંતી છે કે આપ એમને ત્યાં પધારો, આરામથી નિવાસ કરો અને ગુજરાતીમાં ગણેશનાં ગુણગાન ગાઓ.

દયારામ : ગણેશના શુભ સ્મરણ વગર તો કશું કામ જ ન થાય. હું યે મારી વાણી શરૂ કરું છું ગણેશ-સરસ્વતીના સ્મરણથી જ. પછી એ વાણી ગુજરાતી હોય, હિંદી હોય કે મહારાષ્ટ્રી હોય...પણ કોઈને ત્યાં તો હું રહું જ કેમ ? હું ભલો અને મારી ઝૂંપડી ભલી...વળી મારા ઇષ્ટ રાધાકૃષ્ણ વગર મારી વાણી એકકે બાજુએ વળતી નથી...બીજાં દેવદેવી મને ક્ષમા કરશે. પણ મારી જીભને તો ઈશ્વરી આદેશ મળી ચૂક્યો છે કે...

[ નેપથ્યમાં એક ગીત સંભળાય છે. ]

**નામ સાર છે,**
**જિહ્વા જપો ને શ્રીકૃષ્ણ નામ સાર છે.**
**સકલ ધર્મ, સકલ સાધન, નામથી સફળ થાય,**
**એકે ઉપસ્કર એને ન જોઈએ, સહેલું સહજ ગવાય,**
**નામ સાર છે.**

મુસાફર : કવિ ! વધારે સમજવા જેવી વાત છે. આપનું વર્ષાસન બંધાશે, જો મહારાવની છાયા મળશે તો. અને કૃષ્ણ સિવાય આપે શિવને પણ બિરદાવ્યા છે અને રામને પણ બિરદાવ્યા છે ! કાશીવિશ્વેશ્વરની આપની લાવણી અને હનુમાન-ગરુડ સંવાદ કેમ ભૂલી જાઓ છો.

દયારામ : સાચી વાત. હું અન્ય દેવોનો કે અવતારોનો દ્રોહી નથી અને કોઈએ થવું પણ ન જોઈએ એ કહેવા મેં હનુમાન-

ગરુડ સંવાદ રચ્યો...વળી મારા સરખા રખડતા, રઝળતા, પામર માનવીને કાશીવિશ્વેશ્વરે કૃષ્ણદર્શન કરાવ્યાં. મારે મન હરિહર અને રામકૃષ્ણ એક જ છે...પણ હવે તો પ્રતિજ્ઞા લેવાઈ ગઈ અને ટેક ધારણ કરી દીધી કે કૃષ્ણના નામોચ્ચારમાં જ મારું આખું જીવન પૂર્ણ થાય. વર્ષાસન તો...ગોપાળરાવજીને કહેજો કે મને કેમ ખપે ? અને તે કોઈની આજ્ઞા પ્રમાણે કવિતા લખવા માટે ? નહિ, નહિ !

[ ચુન્નીદેવી સિતાર હાથમાં લઈ પ્રવેશ કરે છે. ]

પેલાં સિતાર સાથે પધારે છે એ ચુન્નીદેવી તો નહિ ? પધારો, પધારો માતાદેવી ! મારાં નમન છે. આપ સરખાં મારે આંગણે પધારે એ મારું મહાભાગ્ય !

ચુન્નીદેવી : [ દયારામ પાસે બેસીને ]
દયારામ ! તુજ સરીખા, ભક્તરાજના દર્શનાર્થે હું ફરતી ફરતી આવી છું તારી નગરીમાં. તેં તો ગુજરાતને ઘેલું કર્યું છે, ઘેર ઘેર તારાં ગીત ગવાય છે. એક વાર સાંભળ્યું કે તેં એક બજવૈયા બાવાનો તાલ ચુકાવ્યો. ત્યારથી મેં તારાં રચેલાં ગીત ગાવા માંડચાં છે. પ્રભુ આગળ તાલ-સૂર વગરનાં ગીત ન જ ગવાય.

દયારામ : ચુન્નીદેવી ! એ બજવૈયો તો મહા કલાકાર હતો. આ મારા રણછોડની એણે તાલમાં જરા ભૂલ કાઢી. વાત સાચી. પણ માનવી તો ભૂલ અને પાપનો ઢગલો જ. કીર્તનમાં બેઠો હતો હું અને એ બજવૈયાએ અડ કરી; અને કદી ભૂલ ન કરે એમ મહોરો કર્યો, એટલે જરા સંગીત ઝપાઝપી થઈ ગઈ. પણ સાચું કહું છું કે એના જેવો તબલચી થયો નથી. હજી એના તોડા - તાલ મારા કાનમાં રમી રહ્યા છે !

ચુન્નીદેવી : તેં તો અધૂરી વાત રાખી. એ બજવૈયા બાવાને હરાવી સામેથી સોનાની સાંકળી તેં એને ભેટ આપી. એણે જ મને

એ વાત કહી. આનું નામ તે સાચી શર્ત...હારનારની જીતનાર કદર કરે ત્યારે. હું તો તાલ, સૂર અને લય પાછળ ઘેલી છું. પ્રભુનાં દર્શન મને સંગીતમાં થાય છે. શાં તારાં એ ગીત! વાહ! મારા પ્રભુનો સાક્ષાત્કાર તારી વાણીમાં જ મને થઈ જાય છે. હવે ડાકોરમાં જ રહેવાની જરૂર રહી નથી. કૃષ્ણને પ્રત્યક્ષ કરાવનાર વાણીનો ઉચ્ચારનાર કોણ છે, કેવો છે, શું કરે છે એ જોવા, જાણવાની વૃત્તિ મને થઈ. હું પ્રસન્ન થઈ તને જોતાં. કૃષ્ણની કવિતા રચે એવો જ તારો સુંદર અને પવિત્ર દેહ છે. ગુજરાતના નારીકંઠમાં સંગીત હશે ત્યાં સુધી તારી કવિતા અમર રહેશે. બસ હવે હું પાછી વળું.

રણછોડ : એમ ને એમ પાછાં ન વળાય, ચુન્નીદેવી! અહીં પધાર્યાં છો તો આપની પ્રસાદી સંભળાવો અમ શિષ્યવર્ગને.

ચુન્નીદેવી : હું તો આખા ગુજરાતને દયારામનાં ગીત સંભળાવું છું. વારુ, શું સાંભળશો?

વસંતરામ : આપને ગમે એ પદ કે ગરબી.

ચુન્નીદેવી : આવડે છે એટલાં બધાં ય ગીત મને ગમે છે. પણ હાં, પેલી 'વાંસલડી' ગાયા વગર મને રાત્રે નિદ્રા જ આવતી નથી. અને પેલો સોરઠ?...રાતભર પ્રભુની ઝાંખી થયા જ કરે છે. કયાં કયાં ગીત ગણાવું?

રણછોડ : માતાજી! એ જ સોરઠ સંભળાવો.

ચુન્નીદેવી : એ રાગમાં ઊતરરર પ્રભુને પણ ધન્ય છે અને એ વાણીમાં પ્રભુને ઉતારનાર દયા સખીને પણ ધન્ય છે!

[ ચુન્નીદેવીનો સિતાર બજે છે અને સાથે ગીત ઊતરે છે. ]

રાગ સોરઠ

કામણ દીસે છે અલબેલા તારી આંખમાં રે
ભોળું ભાખ મા રે.

મંદ હસીને ચિતડું ચોર્યું, કુટિલ કટાક્ષે કાળજ કોર્યું,
અદપડિયાળી આંખે ઝીણું ઝાંખમાં રે
ભોળું ભાખ મા રે—કામણ.

દયારામ! પ્રભુનાં દ્વાર ખૂલે બે ચાવીઓ વડે : એક ચાવી તે ધ્યાન અને બીજી ચાવી તે ગાન. તેં બન્ને ચાવીઓ તારા ગીતમાં ભેગી કરી દીધી. જાઉં હું હવે. કવિતા જે જે લખે તે તે મને મોકલતો રહેજે. તારા વગરની કવિતા હું હવે નહિ ગાઉં.

દયારામ : માતાજી! આપણે ક્યાં હોઈશું? ડાકોરમાં કે બીજે?

ચુન્નીદેવી : યાદ નથી, દયારામ? પેલા સંઘમાં, વર્ષો પહેલાં આન્હા આંગરે સંઘ લૂંટચો ત્યારે? ક્યાં ક્યાં બાંધીને આપણને ફેરવ્યાં હતાં! પહેલી મને છુટ્ટી કરી. મારા પછી તું છૂટચો હોઈશ. લૂંટાયો યે ગીતનો શોખીન ખરો! પણ દયારામ! આખરે લૂંટારાના બંધનમાંથી તો આપણે છૂટચાં. હવે માયાનાં બંધન છૂટે એટલે પ્રભુધામમાં, વ્રજભૂમિમાં, કૃષ્ણરાધાના રાસમાં આપણે હવે મળશું.

[ સહુ ચુન્નીદેવીને પગે લાગે છે. ચુન્નીદેવી અદશ્ય થાય છે.—ગાતાં ગાતાં—

### ગીત

મીઠો આવડો શો શોર,
મોહ્યો નંદનો કિશોર,
તારું આવડું શું જોર,
ભૂંડી કાળજડું મા કોર રે
હો વાંસલડી!

બંસીના સૂર પણ વચ્ચે વચ્ચે સંભળાય છે. ]

રણછોડ : જાણે વાંસળીએ જ ચુન્નીનો અવતાર ન લીધો હોય ...અમે જવા માંડીએ. ચાલો બધા. કવિએ તો મરજાદ લીધી છે એટલે હાથે પાણી ભરશે, હાથે રસોઈ કરશે ત્યારે જમવાનું પામશે.

દયારામ : ત્યારે પ્રભુને થાળ થશે એમ કહે, ભાઈ! મારું જમવું તો પ્રભુની પાછળ.

મુસાફર : મારો સંદેશ સાંભળવો હજી બાકી છે, દયારામભાઈ! એકની ભલે ના પાડી, પણ બીજાની ના ન પાડશો.

દયારામ : કૃષ્ણકીર્તનમાં પ્રેરતો એકેએક સંદેશો મને કબૂલ છે. કહો ભાઈ! શો સંદેશ સંભળાવો છો?

મુસાફર : જરા એકાંતમાં કહેવા જેવો છે, આ બધા જાય એટલે.

[ શિષ્યો જાય છે, માત્ર રતન અને રણછોડ એ બે સિવાય. ]

દયારામ : [ સહજ હસીને ] સહુ ગયા. સમજદાર છે. પણ આ રણછોડ અને આ રતન એ બેમાંથી કોઈ મને મૂકીને ખસવાનાં નહિ. અને એમનાથી મારે કંઈ છાનું નથી. બેધડક કહો તમારી વાત.

મુસાફર : [ જરા અટકીને ગંભીરતાપૂર્વક ] એક નાગર ગૃહસ્થ છે...

દયારામ : ભલે, ભલે. મારે મન તો એક જ નટવર નાગર છે.

મુસાફર : સાંભળો તો ખરા, કવિરાજ! એમની એકની એક કન્યા! શી રૂપાળી છે! શી સંસ્કારી છે!

દયારામ : તો પરણાવી દો એને કોઈ સારો વર અને સારું ઘર જોઈને. મારા એને આશીર્વાદ આપજો.

મુસાફર : આપ સમજ્યા નહિ, કવિ!

દયારામ : મારી સમજ જરા એવી જ છે—ઓછી, ઘણી ઓછી. અને મેં કહ્યું એથી વધારે મારે સમજવું પણ નથી.

રણછોડ : ગુરુને પગે લાગું છું અને હું રજા લઉં છું.

[ સહેજ હસતો હસતો જાય છે.

મુસાફર : સાંભળો તો ખરા, દયારામભાઈ ! તમારા જેવું સારું ઘર બીજું કયું લાવીએ ?

દયારામ : મારું ઘર ? મારે વળી ઘર કેવું ? અને આ ઘરમાં તો મારો પોતાનો પગ પૂરો સમાતો નથી. એ ઘરને સારું કેમ કહીએ ? શિષ્યોને બેસવા સ્થાન પણ ક્યાં છે ?

મુસાફર : હું કહું છું એ કન્યા આ ઘરમાં આવશે ને, એટલે આખું ઘર વિશાળ બની જશે. અને સાંભળો; ઘર કરતાં યે અમારે તો વરની કિંમત વધારે.

દયારામ : [ સહજ હસીને ] તે આ ઘરમાં તમને વળી વર કોણ જડ્યો ?

મુસાફર : આપ પોતે જ.

દયારામ : [ ખડ ખડ હસતાં હસતાં ] હા...હા...હા...કૃષ્ણ કહો, કૃષ્ણ કહો, કૃષ્ણ કહો ! મારું લગ્ન તો થઈ ગયું છે... ક્યારનું ય...

મુસાફર ! આપનું લગ્ન ?

દયારામ : હા, મારું જ. પૂછો આ રતનને.

મુસાફર : સાંભળ્યું નથી. કોની સાથે લગ્ન થયું ?

દયારામ : મારું લગ્ન તો કૃષ્ણ સાથે થઈ ચૂક્યું છે...જન્મોજન્મનું ...ભવોભવનું.

મુસાફર : રતનબહેન ! તમે તો કાંઈ બોલો ? બે વાત કવિને સમજાવો તો ખરાં ? આ તો લક્ષ્મી ચાંલ્લો કરવા આવે છે ને...

રતન : હું આજની કવિને નથી કહેતી, ભાઈ ! વર્ષોથી કહી રહી છું કે કવિ ! ઘર માંડો.

દયારામ : રતન ! મને આમ કહીશ ? ...મારી વધારેમાં વધારે સેવા કરનાર અને મને વધારેમાં વધારે ઓળખનાર...

રતન : કવિ ! હું તો આજ છું ને કાલ નથી. મારા દેહનો ભરોસો

શો ? સેવા તો ઠીક છે, પણ આ આખી એકલવાઈ જિંદગી કેમ જાય ?

દયારામ : મારો કૃષ્ણ મારી સમક્ષ આઠે પહોર વસતો હોય પછી હું મારી જિંદગીને એકલવાઈ કેમ કહું ? અને રતન ! એકલવાઈ જિંદગી એટલે શું એ મારા સરખા કુંવારા પુરુષ કરતાં તારા સરખી વિધવા સ્ત્રી વધારે સારી રીતે સમજી શકે. નથી લાગતું રતન ! કે ઘણી ય વાર એકલવાઈ જિંદગી જ સાચી જિંદગી બની રહે છે ?

મુસાફર : પણ દયારામભાઈ ! પાછળ કંઈ વંશવેલો રાખવો છે, કે પછી એમ ને એમ ? પિંડ આપનારું, તર્પણ કરનારું કોઈ જોઈએ કે નહિ ?

દયારામ : ભાઈ ! હું તો નિત્ય મારી જીવનક્રિયા કરતો ચાલું છું. મારી એકએક ગરબી મારો પિંડ બની રહેશે અને મારું એકએક પદ મારું તર્પણ. અને સાંભળો, વંશવેલામાં તો આખું મારું ગુજરાત પડયું છે. જયાં સુધી એકાદ ગરબી કે ગરબીનો ઢાળ કોઈ ગુજરાતી કંઠમાં વસ્યો હશે, એકાદ પદ કે પદનો લય કોઈ ગુજરાતી સાંભળતો હશે, ત્યાં લગી મારો વંશવેલો ચાલુ જ રહ્યો માનજો.

મુસાફર : એક સાચી વાત કહું ?

દયારામ : જરૂર. સાચને આંચ ન હોય.

મુસાફર : ખોટું તો નહિ લગાડો ?

દયારામ : ખોટું ? મેં મને જેટલી ગાળ દીધી છે એટલી મને બીજા કોઈએ દીધી નથી. મારો અપરાધ-ક્ષમાસ્તોત્ર હું રોજ ગાઉં છું. મને ખોટું ન લાગે.

[ નેપથ્યમાંથી ગીત સંભળાય છે. ]

**હું અપરાધી કોટી કલ્પનો શરણ પડચો શિરનામી,**
**તે અપરાધ ક્ષમા કરીએ શ્રીકૃષ્ણ કૃપાકર સ્વામી.**

મુસાફર : એ બધું ઠીક. પણ આ જુઓ ને, દયારામભાઈ! તમારાં ગીત બધે ગવાય છે ખરાં, પણ સાથે નામ પણ કેટલું વગોવાય છે.

રતન : ગીતથી કવિ વગોવાય છે?—ઘેર ઘેર ગવાય છે છતાં?

મુસાફર : હા રતનબહેન! 'શીખ સાસુજી દે છે રે, વહુજી રહો ઢંગે,' તથા 'રાતલડી કોની સંગે જાગ્યા?' એવી એવી ગરબીઓ ગાય સહુ કોઈ, ગમે બધાંયને, પણ એમાં આળ ચઢે તો કવિને માથે ને? કવિનું લગન થઈ ગયું હોય તો પછી લોક આંગળી દેખાડતા ચટ અટકી જાય.

દયારામ : [ સહજ હસીને ] કૃષ્ણ કહો, કૃષ્ણ કહો, કૃષ્ણ કહો! આળ અને આંગળી! લોકનિંદા હું સાંભળતો રહું, તો કૃષ્ણસ્મરણનો સમય જ ક્યાં રહે? અને જુઓ ને ભાઈ! મેં સમર્પણ લીધું છે. આ દેહ પણ પ્રભુને સમર્પ્યો છે. હવે પ્રભુ સિવાય ન હું કોઈને અડું, કે ન મને અડવા પણ દઉં. આવા સમર્પણીથી લગન કેમ થાય?

મુસાફર : તમે સમર્પણી છો ત્યારે વધારાની એક વાત સાંભળો. ગોંસાઈજી મહારાજ આપના ગુરુ ગણાય. એમણે પણ આપને સંદેશો મોકલ્યો છે કે આમ મસ્ત બની છેલછટાક સરખા એકલા ના ફરીએ. લગનની સ્થિરતા સ્વીકારી લો, કવિ! ગુરુનો એ જ આદેશ.

દયારામ : ગુરુ?

[ કંઠ ભરવેલી તુલસીકાષ્ટની કંઠી તરફ નજર કરી તેને હાથમાં પકડે છે. ]

આ કંઠીનું બંધન હજી મારી અને કૃષ્ણની વચમાં આવે છે ખરું? લો આ કંઠી! ગુરુને પાછી સોંપજો અને કહેજો કે મારી અને પ્રભુની વચમાં હવે ગુરુ પણ ન જોઈએ!

[ કંઠી તોડી મુસાફર ફેંકે છે ]

રતન : હાં, હાં, કવિ! એમ ન કરીએ.

[ મુસાફરને ] હમણાં આપ પધારો હું કવિને સમજાવી આપને પાછા તેડું છું.

[ મુસાફર જવા માગે છે. જતાં જતાં ]

મુસાફર : કવિ પણ અજબ નીકળ્યો. ગુરુની પણ એને તમા નથી અને સંસારની પણ એને તમા નથી...એક તો નાગરી ન્યાતમાં કન્યા મળવી મુશ્કેલ. તેમાં આવી એકની એક, રૂપાળી સંસ્કારી, સંગીતશોખીન યુવતી! એની પણ ના કહેનારો આ એક કવિ દયારામ નીકળ્યો! સાચે, એને માનવદેહનો મોહ ન પણ હોય.

[ મુસાફર જાય છે. ]

રતન : આજ પ્રભુને ભૂખ્યા રાખવા છે શું?

દયારામ : એ તો વિશ્વંભર છે. એને ભૂખ શી અને તરસ શી? આપણે સેવા કરીએ એ આપણે જ માટે, પ્રભુને એક અગર બીજે બહાને વળગી રહેવાય એ માટે!

રતન : પણ, આ તમારા દેહને પણ ક્ષુધા લાગશે ને?

દયારામ : રતન! દેહની ક્ષુધા-તૃષા અદૃશ્ય બની ગઈ છે, હો!

રતન : તે હું ક્યાં નથી જાણતી?

દયારામ : તો પછી તું કેમ મને લગ્નનો આગ્રહ કર્યા કરે છે?... જ્યારે લાગ મળે છે ત્યારે?

રતન : સાચું કારણ કહું? તમે લગ્ન કરો તો આપણે વગોવાતાં અટકી જઈએ. તમારી કીર્તિમાં આછી પણ ઝાંખપ આવે એ મારાથી સહ્યું જતું નથી.

દયારામ : રતન! સત્ય જોનાર તો એક પ્રભુ બેઠો છે...અને મારી કીર્તિને ઝાંખપ લાગે એવું કાંઈ બન્યું હોય તેમ તને યાદ છે ખરું?

રતન : મને શી ખબર? મને તેવું કાંઈ યાદ નથી. પણ જગત તો

એમ જ માને કે તમે પરણો એટલે બધું ઢંકાઈ જાય—કાંઈ હોય ન હોય તો યે.

દયારામ : રતન ! તેં બહુ સાચું કહ્યું. મારી કીર્તિને ઝાંખપ લાગે એવું કાંઈ પણ બન્યું હોય તો એ તો હું જ જાણું; બીજું કોઈ એટલું ન જાણે...અને કેટકેટલી ઝાંખપો જીવનમાં ઢંકાયલી રહે છે ? ભક્ત તરીકે, કવિ તરીકે પુજાતો હું કેવો છું—સાચે સાચ કેવો છું તેનું ચિત્ર દોરી આપું ?

રતન : મારે કશું ચિત્ર જોવું નથી. મને તો તમારી વાણીમાં, તમારા પડછાયામાં પ્રભુ દેખાયા કરે છે. મારે માટે એટલું ચિત્ર બસ છે.

દયારામ : છતાં દયારામને તું ઓળખી લે. પ્રભુ કૃષ્ણ તરીકે જન્મ્યા ત્યારથી જ પ્રભુ હતા. હું તો, જો ને રતન ! પામર માનવી તરીકે જ જીવી રહ્યો છું. છતાં ધન, સત્તા અને કીર્તિ મને આકર્ષી શક્યાં નથી. ભરૂચને કુરજે કરેલી થોડી નોકરી ચાલુ રાખી હોત, તો તેમાંથી મને ધન, સત્તા અને કીર્તિ સઘળું મળત.

રતન : આજે પણ ક્યાં તમને ધન, સત્તા કે કીર્તિનો શોખ છે ? —તમારા ઉપર એ વર્ષી રહ્યાં છે તો ય ?

દયારામ : પણ રતન ! મને સૌંદર્યશોખ ઘણો ભારે ! સૌંદર્યમોહ ઘણો વધારે ! એ ચાંદોદમાંનો ચક્રપાણીનો ઘાટ ! ઘેર ગંભીર નર્મદા ત્યાં ઉછાળે ચઢે ! પેલો...અગસ્ત્યે હીંડોળેલો વિંધ્યગિરિ દૂર દૂરથી ભઇછળતી નર્મદાને નિહાળે ! મને એ દૃશ્ય ગમતું...અને ઘાટ ઉપર ચઢતી ઊતરતી સુંદરીઓના દેહહીંડોળ !...ચમક ચમક થતાં બેડાં નીચે રમતાં એ ગતિમાન સૌંદર્ય !...કોઈએ આરોપ પણ મૂક્યો કે હું બેડાં ઉપર કાંકરી મારતો...

રતન : આ બધું મને કહેવાનું કાંઈ કારણ ? મેં ક્યારે પૂછ્યું છે કે તમે નાનપણમાં કેવા હતા ?

દયારામ : નાનપણમાંથી નહિ, યૌવનમાં પણ હું કેવો હતો અને છું, એ જરૂર તારે જાણવું જોઈએ, સાંભળી લે. મને ઓળખી લે. એક વાર હું ઘરમાં સીડી ચઢતો હતો. પહેલેથી ચઢતાં છેલ્લે પગથિયે હું ચઢી ગયો, અને જાળીમાંથી નજર કરી તો મારી...આંખ ન હાલે ન ચાલે! સૌંદર્યમંજરી સરખા એક સ્ત્રીદેહ ઉપર આંખે ત્રાટક માંડ્યું...એ સ્ત્રીદેહમાં કોણ હતું? —એ તું હોઈશ કે બીજું કોઈ?...ખાતરી થાય તે પહેલાં તો હું પગ ચૂક્યો અને હું આખી સીડી ઉપરથી ગબડી નીચે પટકાયો...તે પછી માત્ર પગ સહજ ખસ્યો હોય! છતાં મારાથી ગવાઈ ગયું :

> **સ્ત્રી એ જ મોટી મોહિની રે,**
> **બીજું સહુ એની હેઠ;**
> **પહોંચેલાને પણ પાડે પલકમાં**
> **છેલ્લી સીડી થકી ઠેઠ,**
> **હો મનવા! શ્રીહરિ શરણે રે'જે.**

રતન : કવિ! મારો કાંઈ અપરાધ આજ થયો છે?

દયારામ : તારો અપરાધ? તેં કદી કોઈનો અપરાધ કર્યો નથી. મારી થતી વાત આજ મને મારી સામે જ કહેવામાં આવી, એ બહુ જ સારું થયું. એટલે તો હું મારા અપરાધનો અંગીકાર કરું છું.

રતન : એ પ્રભુસાન્નિધ્ય કરો. મારો કશો અંગીકાર કરવો નથી. હું કશું જાણતી ય નથી અને હું કશું માનતી ય પણ નથી. ગુરુની નિંદા સાંભળવામાં યે પાપ છે, દયારામભાઈ!

દયારામ : પણ એ ગુરુ જાતે કહેતો હોય તો ય? રતન! તું જેને ગુરુ માની બેઠી છે એ સાચેસાચ કોણ છે, કેવો છે, શું શું કરી ચૂક્યો છે, એટલું તો જાણી લે!

રતન : તે...આ બધું કહીને...ઘરમાં મને આવતી બંધ કરવી છે, ખરું ?

દયારામ : કાંઈક અંશે એમ ખરું.

[ રતનની આંખમાં આંસુ ઊભરાય છે અને તે પોતાના વસ્ત્રછેડા વડે લૂછવા મથે છે. ]

આંખમાં આંસુ આવ્યાં, રતન ?

રતન : [ જરા રોતા સાદે ] આપની કીર્તિને મારી સેવાથી ઝાંખપ લાગતી હશે તો આ ક્ષણથી જ હું આપના ચરણસ્પર્શ કરી ચાલી નીકળીશ.

દયારામ : મારી કીર્તિ નહિ. મેં તો સર્વસ્વ કૃષ્ણાર્પણ કર્યું છે —કીર્તિ સુધ્ધાં. હું તો તારી કીર્તિની ચિંતા કરું છું. નારીદેહને ડાઘ જલદી પડે, નારીનામને રાહુગ્રહણ વહેલું લાગે.

રતન : તો મારી કીર્તિની ચિંતા મને જ સોંપો...અરે, એ પણ કૃષ્ણાર્પણ કરો ! ગુરુસ્થાનનું ગૌરવ ઘટશે, કે આપના ચરણને મારો સ્પર્શ ડાઘ લગાડશે તે ક્ષણે હું ચાલી જઈશ... અરે, ચાલી જઈશ શા માટે ? અહીં ને અહીં મારો દેહ છોડી જઈશ...ત્યાં સુધી તો હું આ ઘરઆંગણું મૂકીશ નહિ, અને લોકસેવા છોડીશ નહિ. જેને જે કહેવું હોય તે કહે. મારે માટે કહો ! મારા માટે અને તમારા માટે !

દયારામ : રતન ! તું દૈવી જીવ છો. તારામાં પાપનો પ્રવેશ હોય જ નહિ. પાપ આવતું હોય તો યે તારે પડછાયે એ અટકી જાય. રતન ! મને સદા ય યાદ છે ! મારી માતાનું નામ પણ રતન હતું...પ્રભુએ તને મારી કાળજી માટે મોકલી. હું તને ઘરમાંથી કેમ દૂર કરી શકું ?

રતન : અને આ વ્રજધામ – પ્રભુધામ છોડી મારે બીજે જવાનું પણ ક્યાં છે ? મારા ગૃહને, મારા જીવનને, વૈધવ્ય સાથે મેં તાળું જ માર્યું છે.

[ દશ્ય વિલાતાં—પડદો પડતાં ગીત ગવાય છે.]

## ગીત

વ્રજ વહાલું રે વૈકુંઠ નહિ આવું,
ન ગમે મને ચતુર્ભુજ થાવું;
ત્યાં નંદકુંવર ક્યાંથી લાવું ?
વ્રજ વહાલું રે વૈકુંઠ નહિ આવું. ]

## પ્રવેશ ત્રીજો

[ઊંચી પથારી ઉપર માંદા દયારામ તકિયે અઢેલીને બેઠા છે. રતન તેમની સારવાર કરે છે. પડદો ઊપડતાં ગીત ગવાય છે.

સિત્તેર થયાં ત્યારે આંખે ન સૂઝે
થરથર ધ્રુજે તારી કાય,
કાયામાં કંપવાયુ પ્રગટચો, ત્હોય
હરિભજન નહિ થાય.
સુમારગ નવ ચાલ્યો રે
ડગલું નવ મેલ્યું ડરી.

[ રતન દયારામને દવા આપે છે. દયારામ બાજુએ મૂકી દે છે. ]

દયારામ : औषधं जाह्नवी तोयं वैद्यो नारायणो हरिः રતન ! વર્ષો વીત્યાં તને અહીં રહ્યે.

રતન : હા, જી. પણ મને તો......હું જાણે આપના ચરણમાં આજ આવી હોઉં એમ લાગે છે.

દયારામ : માંદગી લાંબી ચાલી, રતન ! તારી માવજત આ દેહ ન પામ્યો હોત તો—

રતન : બોલતાં થાક લાગશે, પ્રભુ !

દયારામ : આકરામાં આકરી સારવારમાં તને થાક ન લાગ્યો અને મને બોલતાં થાક લાગશે ? રતન ! મા, દીકરી, પત્ની કે બહેન ન કરે એવી તેં મારી ચાકરી કરી. હવે તારા પરિશ્રમનો અંત પ્રભુએ લાવવો જોઈએ.

રતન : જિંદગીમાં જીવવા જેવું કાંઈ પણ હોય તો તે આપની સેવા.

[ શિષ્ય રણછોડ આવે છે ]

આવો, રણછોડભાઈ !

રણછોડ : તબિયત કેમ છે, અત્યારે ?

રતન : [ સહજ ધીમેથી ] આમ તો સ્વસ્થ છે...પણ બોલે છે વધારે...અને જૂની વાતો યાદ કરે છે.

દયારામ : [ તકિયે માથું નાખીને, સહજ હસતાં ] આ રતનને એમ જ છે કે મારો દેહ કાયમ સાચવી રાખે. ઘેલી ! પડવા સરજાયલો દેહ, ગઈ કાલ ન પડ્યો તો ભલે આજ પડે... દેહ પડતાં પડતાં પણ કદી પાછળ નજર નાખી લે છે. એમાં ખોટું ય શું ?

રણછોડ : રતન ઠીક કહે છે. આપ જરા ઓછું બોલો તો શક્તિ વધારે સચવાય. અમારે મન આપનો દેહ અણમોલ સંપત્તિ છે.

દયારામ : રણછોડ, ભાઈ ! આ દેહે પુણ્ય તો ક્યાં થયાં ?...હા, પાપનો તો પાર નહિ !

[ નેપથ્યે ગીત સંભળાય છે]

**જગત જાણે જે સંત સાચો શામળિયા વહાલા,**
**પાખંડી પૂરો તમથી કાચો, નંદ લાલા રે.**

[ અન્ય શિષ્યો અને શિષ્યાઓ આવે છે. ]

દયારામ : સાચું કહ્યું, રણછોડ ! સકળ તીર્થધામોની યાત્રાઓ કરી, શિવવિષ્ણુનાં સાક્ષાત્ દર્શન કર્યાં, અરે, રાસલીલા પણ પ્રભુએ બતાવી—જમનાજીના તટ ઉપર. આ ભંગુર દેહ ઉપર મારા કૃષ્ણની કેટલી કૃપા ? જો રતન ! કેશવાનંદજીએ સમાધિ શીખવી, ઇચ્છારામ ભટજીએ માથે હાથ મૂક્યો અને અષ્ટ સખા જોડે મને નવમો સખો બનાવ્યો. સંસ્કૃત, પ્રાકૃત બધી બોલીઓ જીભે ચઢી ગઈ. ગંગાસ્નાન કર્યું, યમુનાપાન કર્યું, અને શંકરી નર્મદાનાં દર્શનનો તો પાર જ નહિ. કંઠે પ્રભુનામ

ચઢ્યું અને તે સંગીતમાં. એવા દેહને પાપ વળગી રહે તો પ્રભુ જૂઠો પડે.

વસંતરામ : આપને જરા શ્વાસ ચડે છે. કહો તો ગિરજાશંકર, હું અને રણછોડ ધીમું ધીમું કીર્તન કરીએ.

દયારામ : કીર્તન તે ધીમું હોય, ભૂંડા? એની તો રમઝટ જામે! આજે છેલ્લું કીર્તન હું કરીશ.

ઘેલાભાઈ અમીન : છેલ્લું કેમ? એ બોલ અમારે સાંભળવો જ નથી. આપનું કીર્તન તો અમર જ છે.

દયારામ : ઘેલાભાઈ! અમીનાત કરો છો, આજ આમ ગભરાવો છો શું? દેહ જડે કે પડે!...હું જરા ટટાર થાઉં.

[ રતન બરોબર તકિયા ગોઠવી કવિને બેસાડે છે અને તેનાથી ડુસકું ભરાઈ જાય છે. ]

રતન! તું તો રડ્યા જ કરે છે, ક્યારની!...હે કૃષ્ણ! હે કૃષ્ણ, હે યાદવ, હે સખેતિ!...રતનને તો મેં જીવતાં પણ રડાવી અને મરતાં પણ!

રણછોડ : હાં હાં, દયારામભાઈ! ખમ્મા અમારા ગુરુદેવને! એમને મૃત્યુ ન હોય!

દયારામ : માનવીને મૃત્યુ છે એ જ ઠીક છે. અને હું તો મારી છેલ્લી ઘડી જોઈ રહ્યો છું...વાહ, મનખો સફળ થઈ ગયો... દેહ ધારણ કર્યો એ સાર્થક થયો...મારા કૃષ્ણને, સ્વામિની રાધાને હું નિહાળું છું...એ હસે છે, મને બોલાવે છે!

[ પડદા પાછળ રાધાકૃષ્ણનું છાયાચિત્ર દેખાય છે, અને અલોપ થઈ જાય છે ]

એ જ...સ્વજનો! મને સન્નિપાત નથી થયો...અને ઘેલછામાં, સન્નિપાતમાં, મને મારાં રાધાકૃષ્ણ દેખાતાં હોય તો એ સન્નિપાતને પણ, ભલે આવવા દો. એથી બીજું શું જોઈએ?

રતન : પ્રભુની ભરી આંખ જરા મીંચી ન દો? હું સહજ સુવાડી દઉં. બેસતાં અને સૂતાં પ્રભુ તો છે જ ને?

[રતન સુવાડવા પ્રયત્ન કરે છે.]

દયારામ : હવે છેલ્લો સૂઈશ, પ્રભુચરણે.

[બધાં જ શિષ્યો અને શિષ્યાઓની આંખમાં આંસુ આવે છે અને આંખ લૂછે છે.]

આમ રડો નહિ, તમે બધાં! મારું 'ગીતામાહાત્મ્ય' તો તમને સહુને મુખપાઠ છે. એવાં તમને આવું રુદન હોય ખરું?...સાંભળો મારી છેલ્લી આજ્ઞા...કે વિનતિ. રણછોડ! મારાં પુસ્તકો તું સંભાળી રાખજે.

[રતન પુસ્તકોનું એક પોટકું લાવી રણછોડની પાસે મૂકે છે.]

વસંતરામ! પેલો મારો તંબૂરો. એ આજથી તારો.

[રતન તંબૂરો લઈ વસંતરામને સોંપે છે.]

અને રતન! તને તો હું શું આપી શકું?...વારુ. પેલી મારી છબી જક કરીને તેં જ ચિતરાવી હતી. એ હવે તારી પાસે જ રાખજે.

[છબી તરફ આંગળી કરે છે. ઘેલાભાઈ અમીન પોતાની બગલમાંથી એક કિંમતી શાલ કવિના પગ ઉપર ઓઢાડે છે. તેમની સામે દયારામ પ્રથમ જોઈ રહે છે.]

આ તો ઘેલાભાઈ! અમીન ખરો ને!...આ શું મૂક્યું પગ આગળ, અમીન? શાલ! ઊન કસબથી ભરેલી?...હું શું કરીશ એને?...શબ ઉપર તે એ શોભે?

[ઘેલાભાઈ મુખ ફેરવી લઈ આંખ ઉપર વસ્ત્ર ઢાંકે છે.]

રડીશ નહિ, દીકરા ! ભલે એ શાલ મારા પગ ઉપર પડી ! તારી ઇચ્છા પ્રમાણે થવા દે...અને હવે...વૃંદાવનની રમણ-રેતી, ગોપીચંદન, ગંગાજમનાનાં જલ, અને તુલસીદલ : તૈયાર છે ને એ સઘળું, રતન ? દેહ ભાન ભૂલે એટલે...

[ શિષ્યવર્ગની આંખમાં આંસુ ચાલે છે. ]

આમ રડો નહિ. વત્સ ! મારું શિક્ષણ કેમ ભૂલો છો ? કૃષ્ણનો આપેલો આ દેહ હવે કૃષ્ણ પાસે જાય છે. રુદન કરે એ મારો શિષ્ય નહિ...સાંભળો મારી ઇચ્છા ! દેહના અગ્નિદાહ પછી ત્રણ દિવસ સતત ઉત્સવ કરજો...ભજનકીર્તનની ધૂન !...જીવન-ની માફક મારા મોતને પણ એક મિજબાની રૂપે માનજો. હું તો ધન્ય થઈ ગયો છું...ક્યાં ગયો એ મારો રાધારમણ ? બોલાવો એને સાથે !

[ દયારામ સહજ ટટાર બની ગાય છે, અને તેની સાથે શિષ્યમંડળ મંજીરાં સહ ધીમું ધીમું ગાવા માંડે છે. ]

**મારો અંત સમય, અલબેલા ! મુજને મૂકશો મા,**
**મારા મદનમોહનજી છેલા ! અવસર ચૂકશો મા,**
**હરિ હું જેવો તેવો તમારો, મુજને મૂકશો મા,**
**મારે ઓથ નથી કોઈ બીજી, અવસર ચૂકશો મા.**

[ તંબૂરાનો તાર તૂટે છે, ઝાંઝ ખખડીને નીચે પડે છે, દયારામનું મસ્તક રતનને ખભે ઝૂકી પડે છે અને ઊઘડી ગયેલી આંખ પડદા સામે જોઈ રહે છે.

[ એ પડદા ઉપર રાધાકૃષ્ણનું છાયચિત્ર સ્મિત કરતું ફરી દૃષ્ટિએ પડે છે. એ સાથે જ દૃશ્ય સમેટાય છે. ]

# કવિ નર્મદ

## વસ્તુ

આપણી પ્રાચીન કવિતાના છેલ્લા પ્રતિનિધિ દયારામ. તે અર્વાચીન કવિતાના આદ્ય જ્યોતિર્ધરોમાંનો એક તે કવિ નર્મદ. એનો જન્મ ઈ.સ. ૧૮૩૩માં અને મૃત્યુ ૧૮૮૬માં. આ પ્રયોગવીર-કવિ કવિતા સિવાયનાં બીજાં અનેક સાહિત્યક્ષેત્રોમાં વિહર્યો છે. વિવેચન, નાટક, ઇતિહાસ, નિબંધ, શબ્દકોશ વગેરે ઘણી બાબતો ઉપર તેણે પોતાનો હાથ અજમાવ્યો છે.

સાહસ અને નર્મદ એ બે જાણે પર્યાય શબ્દો બની ગયા છે. "યા હોમ કરીને પડો, ફતેહ છે આગે" ગાનાર પોતે પણ દરેક ક્ષેત્રમાં "યા હોમને" કરીને જ પડતો. સમાજસુધારાની ઝુંબેશ ઉપાડી એ ક્ષેત્રમાં એણે જ્ઞાતિની કેટલીક પ્રચલિત રૂઢિઓ તોડવાથી માંડીને એક પત્ની હયાત હોવા છતાં બીજી એક નિરાધાર વિધવા સાથે લગ્ન કરવા સુધીની ફાળ ભરી હતી.

નર્મદે જીવનમાં કાંઈ કાંઈ પ્રયોગો કર્યા છે. એક તરફ કવિતા લખી છે તો બીજી તરફ સમાજસુધારામાં ઝંપલાવ્યું છે; એક બાજુ રંગભૂમિ માટે નાટકો ય લખ્યાં છે તો બીજી તરફ ગુજરાતી ભાષાનો કોશ લખવાની ય હિંમત બતાવી છે. એનો સ્વભાવ અત્યંત ઊર્મિલ અને આવેશમય હતો. એનો 'જોસ્સો' અને કાંઈક કરવાનો તલસાટ એના લખાણમાં અને વર્તનમાં ભારોભાર દેખાય છે. પરિણામે એણે કેટલાંક ઉતાવળિયાં પગલાં પણ ભરી દીધાં છે. એનો એ ઉતાવળિયો સ્વભાવ એની કૃતિઓમાં પણ નજરે પડે છે. પરંતુ ઠંડકથી, ઠાવકાશથી અને ધૈર્યપૂર્વક મઠારીને કાર્ય કરે એ નર્મદ નહિ! 'જોસ્સા'માં આવી કેટલુંક એના આવેશની અસરથી કથળ્યું પણ છે.

નર્મદનો પુરુષાર્થ ભારે હતો, જીવનક્ષેત્રે ઝઝૂમવામાં એ સાચે જ 'વીર' હતો. ટીકા સામે, નિંદા સામે, ગરીબી સામે, અગવડો સામે એ ખંતપૂર્વક ટકી રહ્યો. અંગત બાબતો પ્રત્યેની એની લાપરવાહી, અંગત સુખસગવડો પ્રત્યેની એની ઉદાસીનતા, એનું આત્મગૌરવ અને એની નીડરતા, એની અસીમ ઉદારતા એને સૌનો પ્રીતિપાત્ર બનાવતી. નર્મદનું મિત્રવર્તુલ ઘણું મોટું હતું.

પાંચ દસકાની એની જિંદગીમાં એણે કાંઈ કાંઈ માણ્યું અને નાણ્યું. એના જીવનના ઉત્તરાર્ધમાં છેવટના ભાગમાં એના વિચારોનું પરિવર્તન થયું હતું. એ મહાન પ્રયોગવીર ગુજરાતને 'પ્રેમશૌર્ય'ની અજોડ ભાવના અને બીજા કેટલા ય અવનવા અખતરા આપી ત્રેપન વર્ષે તો મૃત્યુ પામ્યો.

## પ્રવેશ પહેલો

સ્થળ

કવિ નર્મદનું મુંબઈનું નિવાસસ્થાન.

પાત્રો

**નર્મદાશંકર :**
**નરભેરામ :** આપ્તજન.
**નવલરામ :** તે સમયના મહાન વિવેચક; કવિના મિત્ર.

## પ્રવેશ બીજો

સ્થળ

સુરતની એક શેરી.

પાત્રો

**એક સ્ત્રી :**
**નરભેરામ :**

## પ્રવેશ ત્રીજો

સ્થળ

નર્મદનું ઘર.

પાત્રો

**ડાહીગૌરી :** નર્મદની સુશીલ પત્ની.

**નર્મદ :**

**નરભેરામ :**

## પ્રવેશ ચોથો

સ્થળ

નર્મદનું નિવાસસ્થાન (મુંબઈ)

પાત્રો

**નર્મદ :**

**ડાહીગૌરી :**

**નરભેરામ :**

**દાદા સાહેબ આપટે :** (રેડિયો નાટિકામાં આ પાત્ર વિના ચાલશે. રંગમંચ ઉપર ભજવાતા દૃશ્ય નાટકમાં આ પાત્ર જોઈએ.)

## પ્રવેશ પહેલો

સ્થળ : નર્મદનું નિવાસસ્થાન ( મુંબઈ )

[ વાતાવરણમાં ગીત સંભળાય છે. ]

"સહુ ચલો જીતવા જંગ બ્યુગલો વાગે
યા હોમ કરીને પડો ફતેહ છે આગે.
થઈ ગર્દ જંગમાં મર્દ હક્ક નિજ માગે
યા હોમ કરીને પડો ફતેહ છે; આગે."

[ એકાએક ગીત અટકી જાય છે. સહેજ શાંતિ વ્યાપે છે ]

નર્મદ : યાદ છે મને તે દિવસ ! જ્યારે કોઈની પણ નોકરી ન કરવાનો નિશ્ચય કરી મેં સદા મારી કલમને ખોળે–મારી શારદા મૈયાને ખોળે મારું મસ્તક મૂકી દીધું ! ભાવભર્યાં આંસુ એ મારાં પુષ્પો ! ત્યારથી હું કલમનો સાચો પૂજારી બન્યો. કલમે કીર્તિ, અપાવી. યશ અપાવ્યો...પણ...કેમ નરભેરામ ! આવ ને અંદર બહારથી શું તાકે છે ?

[ નરભેરામ આવે છે ]

નરભેરામ : કાંઈ નહિ, ભાઈ ! વચ્ચે વચ્ચે જોઈ જાઉં છું તમને ! એકલા તો પડો છો જ ક્યાં ? કોઈ ને કોઈ લમણાઝીક કરનાર હાજર જ હોય !

નર્મદ : તું યે ક્યાં એકલો પડે છે ? દૂધવાળો આવી જાય એટલે ખાંડવાળો; ખાંડવાળો જાય એટલે ઘીવાળો. નરભેરામ ! આ બધા માગનારાઓને તું શો જવાબ આપે છે !

નરભેરામ : એ બધા માગનારા છે જ નહિ, ભાઈ! નર્મદકવિને પાન ખવરાવી ભૈયો એમ માને છે કે એના બનારસી પાનની સાચી કદર થઈ; ખાંડવાળો જાણે છે કે કવિ નર્મદના ઘરમાં સવાર-સાંજ સો પ્યાલા ચા તો ઓછામાં ઓછી થવાની! પૈસા માગવા તો કંઈ રહ્યા, પણ બિચારો રોજ જોઈ જાય છે બે વાર કે કવિના ઘરમાં ખાંડ ખૂટી તો નથી ને?

નર્મદ : કલમે આબરૂ રાખી છે તે હજી યે રાખશે. કલમ જિવાડશે ત્યાં લગી જીવીશ...અને કલમ મારશે...'

નરભેરામ : ખમ્મા મારા કવિને! મરવા-મારવાની વાત આ ઘરમાં હોય જ નહિ. શું લોકોને તમારી ઘેલછા લાગી છે! રસ્તે જતા તમને જોવા તેઓ ઊભા રહે છે! અજાણી જગાએ પણ સાદ સાંભળાય : આ કવિ નર્મદ જાય!

નર્મદ : (સહજ હસીને) ગાળો પણ દેતા હશે કેટલા!...સાચું કહે, નરભેરામ! મને કોઈ ગાળ પણ દે છે કે નહિ?

નરભેરામ : જરા ય વાંકું કોઈ બોલે નહિ તો નજર લાગે, ભાઈ! સભાઓમાં, મિજલસમાં, મંડળીઓમાં–અરે જ્યાં ફરો ત્યાં એક જ વાત અને એક જ લક્ષ્ય : આ નર્મદ! આ નર્મદ કવિ! આ પેલો ગુજરાતનો રંગીલો વીર! એ જ ગુજરાતનો સિંહ! જે નથી નમતો સત્તાને કે નથી નમતો પૈસાને!

નર્મદ : એ બધું તો ઠીક! પણ મારી વિરુદ્ધ શું કહેવાય છે એ તેં સાંભળ્યું?

નરભેરામ : બોલે એ તો. હું તો સાંભળતો જ નથી ને!

નર્મદ : ત્યારે હું તને કહું જેથી તું સમજી શકે કે તું કોની સેવા કરે છે, અને કેવા માનવીનું મન સાચવે છે તે.

નરભેરામ :઼ઓ જુઓ ને, ભાઈ! પેલા જદુનાથજી મહારાજ સાથે વાદવિવાદ થયો ત્યારથી કેટલાક જુનવાણી લોકો તમને અધર્મી પણ કહે છે માટે કાંઈ તમે અધર્મી થઈ ગયા? મહિપતરામ વિલાયત ગયા એ પણ તમે વખાણ્યું.

નર્મદ : કેટલું ધાંધલ એ સભામાં મચ્યું હતું ! મારી જ સાથે ભાષણો કરવાવાળા સુધારક મિત્રોમાંથી કોઈ સાથમાં નહિ ! સાથમાં આ મારો મિત્ર પહેલવાન કિશનદાસ બાવો !

નરભેરામ : એ બાવો ન હોત તો તમને અને પિતાજીને ભેગા થયેલા ભક્તોએ છૂંદી નાખ્યા હોત !

નર્મદ : સાચને પડખે હું જરૂર ઊભો રહેવાનો, છુંદાઈએ કે ન છુંદાઈએ ! ગુજરાતને તો મરવાની બીક ભારે ! એ બીક મારે ભાંગવી રહી.

નરભેરામ : સાચું કહ્યું કવિ ! માટે તો એ પહેલવાનને 'હિન્દુઓની પડતી' તમે અર્પણ કરી !...અને શી તમારી હિમ્મત, કવિ ? બળવો થયો તો ય તમે લખતાં ડર્યા નહિ !

રાજવંશી તે ખરો, ખરો ખટપટીઓ ન્હાનો !
ગુપ્ત રહીને કર્યાં જીવસટ્ટાનાં કામો.
રણશૂરો પ્રખ્યાત તાતિયા ટોપી ટેડો,
માર્યા અંગ્રેજ શૂર લઈ એઓનો કેડો.
બલિહારી છે. ગાઉં ઝાંસીની રાણી તુંને,
કર્યું પરાક્રમ વીર તુંથી છે જશ હિંદને !

નર્મદ : નરભેરામ ! તું તો પાછો મને મારાં વખાણ ઉપર લઈ ગયો. આમ અમે કવિ; જરા જરામાં ચગીએ ! થોડો ભાંગનો શોખ ! મૂળ કવિ, તેમાં ભાંગ પીએ ! અને તારા જેવો વખાણ કરનારો સાથમાં હોય...

નરભેરામ : જુઓ ભાઈ ! આ જ તમારી મોટી ભૂલ છે. તમે જ તમારા દુશ્મન બનો છો અને તમારી વિરુદ્ધ લોકોને બોલવાનું કારણ આપો છો.

નર્મદ : એવું મેં શું લખ્યું છે, નરભેરામ ?

નરભેરામ : પહેલી તો છાંટોપાણી લીધાની વાત ! પછી જુઓ તમારા વૈધવ્ય ચિત્રમાંની તમારી નોંધ...'વાસનાના જોસ્સાથી ઘણો

રિબાતો !…' એમ તે લખાય ? તમારી ઋતુવર્ણનની નોંધ વાંચો…'હું અને મારી પ્રિયા પરસ્પર વાત કરતાં હતાં… હોડીની મોજ ઘણી કરી છે'…મદ્યમાંસની પણ તમે તરફેણ હિંદુઓની પડતીમાં કરો તે, સુરતનો રોળાવૃત્ત સંભારો… 'શું નોંધમાં લખ્યું છે ! 'મારી પ્રિયા એકાએક મારી પાસે આવી…' આવું આવું લખો એટલે લોકો વહેમાય જ ને ? કોઈ દિવસ નશો કર્યો હોય એમ મેં જોયું નથી, માંસ ખાધું મેં દીઠું નથી, આડીબાડી આંખ કરતાં મેં જોયા નથી, પછી આવું શીદ લખો છો ? બાળો છો ?

નર્મદ : ( પ્રથમ હસે છે. ) જો, નરભેરામ ! તું આવો મારો સાક્ષી છે છતાં હું મને પોતાને અને મારા ઈશ્વરને છેતરું તો નહિ જ. મારાં વખાણ કરતાં – અરે કોઈ પણ માનવીનાં વખાણ કરતાં એક વાત ન ભૂલશો; માનવદેહ તો પંચેન્દ્રિયની વીણા છે…સૂર મેળવતાં ચાર તૂટે યે ખરી અને બસૂરી યે બને ! ન ખાવાનું ખવાઈ જાય, ન પીવાનું પિવાઈ જાય, નીતિના બંધ તૂટી પણ જાય ! માનવ દુનિયામાં પોતાને નીતિશ્રેષ્ઠ માનનાર ઘમંડી જેવો બીજો કોઈ પાપી નથી…અને ખાવું, પીવું, સ્ત્રીપુરુષના સહવાસ બાંધવા, એ તો માનવીના સનાતન પ્રયોગો છે. અતિ ચોખલિયા બનીને હિંદુઓએ ઘણું ગુમાવ્યું છે. પ્રયોગો તો ચાલ્યા જ કરવાના !

નરભેરામ : પણ એ લખવાની શી જરૂર ?

નર્મદ : નરભેરામ ! મહેચ્છાઓ મને ઘણી છે. આગેવાની મને ગમે છે. કીર્તિ મને પ્રસન્ન કરે છે. કવિ અને અગ્રણી સુધારક તરીકે તો હું હવે ગણાઈ ચૂક્યો ! મુંબઈ નગરીને મેં ઘેલી બનાવી છે. છતાં…સમજી રાખ કે મોટા મોટા પણ હું માનવી છું, અને માનવી તરીકે હું કેમ જીવું છું તેની હું નોંધ રાખું છું. મારા મૃત્યુ પછી એ પ્રગટ કરજો અને હું કેટલો મોટો છું એની સાચી પરીક્ષા કરજો ! વીર પુરુષને

માટીના પગ હોય; પણ તેથી એ વીર મટતો નથી. માટીના જ પગ જોઈ હિમ્મત હારતાં કૈંક નિર્બળ માનવીઓને મારી સચ્ચાઈ – સચ્ચાઈભરી નિર્બળતાનું કથન વીર બનાવી શકશે.

નરભેરામ : (સ્વગત) દરબાર ભરાવા માંડ્યો! (કવિને) નવલરામ ભાઈ પધારે છે!

નર્મદ : એ પણ સાચો સુરતી લાલો છે!

[નવલરામ આવે છે.]

આવો નવલરામ! તમારી જ રાહ જોઉં છું. બિરાજો... પાન પડ્યાં છે...અને ચા આવે છે!...નરભેરામ! બે પ્યાલા ચા જોઈએ.

નરભેરામ : વારુ...બે પ્યાલે થશે ખરું?

[જાય છે.]

નવલરામ : તમારી ચાની પરબ તો ચાલુ જ છે, કવિ!

નર્મદ : (સહજ હસીને) સાંકડા સમયમાં બીજી કઈ મહેમાનગીરી કરી શકાય?

નવલરામ : મારા બહાદુર કવિ! અમર રહો તમારી પરબ!...પણ હવે પરબની જાહેરાત ન વધારે કરશો, નહિ તો આખું મુંબઈ તમારી ચા પીવા આવશે!

નર્મદ : સાચું કહું? મારા ટીકાકાર! મુંબઈ તો શું, પણ આખું ગુજરાત મારે ઘેર આવી ચા પી જાય એવા તરંગ પણ મને આવે છે! (બન્ને જણ હસે છે.)

નવલરામ : તરંગોમાંથી હવે બહાર આવો અને કહો કે કોશનું કામ કેટલે આવ્યું?

નર્મદ : કોશ પૂરો થયો અને છપાઈ પણ ગયો. કોણ જાણે કેમ, હું જે કામ હાથમાં લઉં છું એ કામ મારું જીવનબલ બની જાય છે. પૂરું કર્યે જ છૂટકો!

નવલરામ : તે સિવાય તમે કવિ પિંગળ, વ્યાકરણ, અલંકાર અને

કોશ જેવા ગ્રંથો ઊભા કેમ કરી શકો? તમે તો કવિ, અમારી નૂતન ગુજરાતના સંસ્કારઘોષ છો! પછી એ કોશ અર્પણ કોને કર્યો?

નર્મદ : (હસીને) કલ્પના કરો; કોને મેં અર્પણ કર્યો હશે?

નવલરામ : કોઈ રાજામહારાજાને, કે કોઈ ગવર્નર-કમિશ્નરને!

નર્મદ : બહુ ઊંચી સત્તાધીશ દુનિયામાં મારો પોશિંદો હજુ કોઈ મને મળ્યો નથી. હું રાજારજવાડામાં કે ટોપીવાળાઓને બંગલે ફરતો રહું...એ કેમ બને?

નવલરામ : કેમ ન બને?

નર્મદ : ફુરસદ ક્યાંથી લાવું?

નવલરામ : ફુરસદ તો બધી યે મળે. પણ એમ કહો ને, સ્વભાવ જ તખ્તેતાઉસ ઉપરથી નીચે ઊતરતો નથી!

નર્મદ : દુનિયાને મન ફેંકી દેવા સરખો કવિ! તખ્તેતાઉસ ઉપર એને કોણ બેસવા દે? એ દિન આવશે ત્યારે આકાશમાં સોનાનો સૂરજ ઊગશે.

નવલરામ : સૂરજ સોનાનો ઊગતાં ઊગશે! પણ ઘરમાં પચાસ સો ચાંદીના ટુકડા તો જોઈએ ને? એ વગર આ રાજદરબાર જેવો ઘરખર્ચ અને તે ઉપર છપામણીનો ખર્ચ પૂરો કેમ થાય? કોઈ શેઠશાહુકારને અર્પણ કર્યો કોશ?

નર્મદ : શેઠશાહુકારની કોમને તો તમે ઓળખતા જ હશો! ફેંકી દેવાં જેટલી દોલત ઊભરાય તો ચપટી આપણા ભણી ફેંકે. હા. એક ભોજ મને મળ્યો છે...કરસનદાસ માધવદાસ!... પણ...

નવલરામ : કહે છે ને કે એ તો શેરસટ્ટામાં ભાંગ્યા! ઘણો ઉદાર ગૃહસ્થ...મને યાદ છે તમે કહેલું તે! તમને ખબરે નહિ, અને એક શેર તમારો રાખી તેના નફામાં પાંચ હજાર તમને આપી ગયા હતા.

નર્મદ : એવાં તો કૈંક દૃષ્ટાંતો કરસનદાસનાં છે! માટે હું એને

મારો બોજ કહું છું. પરંતુ કોશ એને કે કોઈ શેઠિયાને અર્પણ કર્યો નથી.

નવલરામ : ત્યારે કોઈ મિત્રને અર્પણ કર્યો હશે! કરશનદાસ મૂળજી, ભાઉ દાજી, રાણીના પારસી...

નર્મદ : નવલરામ! ઈશ્વરની કૃપા છે કે ગુજરાતી, મહારાષ્ટ્રી અને પારસીઓમાં મારે મોટો મિત્રસમુદાય છે. પણ...જુઓ આ કોશ! શોધી કાઢો મેં એ મહાગ્રંથ કોને અર્પણ કર્યો છે તે! ( પુસ્તક લાવી મૂકે છે. )

[ એકાએક વાદ્યો સાથે સંગીત સંભળાય છે. ]

જય જય ગરવી ગુજરાત!
દીપે અરુણું પરભાત!
જય જય ગરવી ગુજરાત!

ધ્વજ પ્રકાશશે ઝળળ કસૂંબી પ્રેમ-શૌર્ય-અંકિત,
તું ભણવ ભણવ નિજ સંતતિ સહુને પ્રેમભક્તિની રીત.

ઊંચી તુંજ સુંદર જાત!
જય જય ગરવી ગુજરાત!

નવલરામ : કવિ, કવિ! રંગ છે તમારા હૃદયને! મૈયા ગુર્જરીને–ગરવી ગુજરાતને આવો મહાગ્રંથ કોઈએ અર્પણ કર્યો જાણ્યો નથી. ગુર્જરી ભૂમિને અને ગુર્જરી ભાષાને જીવંત મૂર્તિમંત બનાવનાર બીજો નર્મદ થયો નથી અને થવાનો પણ નથી... પણ ખર્ચનું શું કર્યું?

નર્મદ : જેને ગ્રંથ અર્પણ કર્યો એ આપી લેશે! જે ગુજરાતને હું ગરવી કહી બિરદાવું છું. એ ગુજરાત મારી ભીડ નહિ ભાંગે?

નવલરામ : સાહસ તો ખરું જ ને? કવિ! સાહસ હવે ઓછાં કરો.

નર્મદ : આ જિંદગી પણ એક સાહસ જ છે ને ? જીવન એટલે જ સટ્ટો. પ્રભુ હશે તો સાચને જય મળશે...હજી તો ગુજરાત મને નિભાવી દહ્યું છે...ઓહો, નરભેરામ ! હજી હવે ચા લાવે છે ? નવલરામ જરા ચા લેતા ચાલો !...મારી વાતથી કંટાળી ગયા હશો...

[ નરભેરામ બન્નેને ચા આપે છે. બન્ને પીએ છે અને વાતો કરે છે. ]

નવલરામ : નરભેરામે શું કરે બિચારો ? કહે નરભેરામ ! મારો પ્યાલો કેટલામો છે ?

નરભેરામ : એ તો, નવલરામભાઈ ! કવિના ઘરમાં એમ છે કે...પેલાં બાળકો ગાય છે એમ ચાના પ્યાલાનું બને છે. ગણ્યા ગણાય નહિ, વીણ્યા વિણાય નહિ...પ્યાલા ગણવા બેસું તો એક જુદો નોકર રાખવો પડે !

નર્મદ : ત્યારે આટલી વાર કેમ કરી ?

નવલરામ : જવા દો એ ઝીણવટ, કવિ ! નવી વાત નથી. દૂધ ખૂટ્યું હશે કે ખાંડ બજારમાંથી લાવવાની હશે !...વારુ પણ હું આવ્યો છું બીજા કામે.

નર્મદ : કહો; મારાથી બને એ હું કરી નાખીશ.

નવલરામ : આ નર્મદ – દલપત ઝઘડાની વાત મારે તમારે મુખે જ સાંભળવી છે. વર્તમાનપત્રોને એ ઝઘડામાં ખૂબ રસ પડ્યો છે.

નર્મદ : શાનો ઝઘડો ? અને શાની વાત ? અમારા બન્નેના કરતાં તો લોકોને વધારે ચડસ એમાં લાગે છે !

નવલરામ : 'પારસી પંચ'માં તો એક ઠઠ્ઠાચિત્ર પણ આવ્યું ! નર્મદની ચોટલી દલપતે પકડી છે અને દલપતની ચોટલી નર્મદે પકડી છે ! આખા ગુજરાતને આ ઝઘડામાં રસ પડ્યો છે !

નર્મદ : કવિઓના ડાયરા કે મુશાયરા ન જોનારને આમાં ઝઘડો દેખાયો હશે. મને કે દલપતરામને તો ભાગ્યે એમાં ઝઘડા જેવું લાગ્યું હોય! એ તો ગુજરાતના બે કવિઓનું મિલન હતું! નર્મદાથી ઉત્તરના કવિ તે દલપતરામ અને નર્મદાથી દક્ષિણનો કવિ તે હું! ભેગા મળીએ એટલે સારામાં સારી વસ્તુ આપવા મથીએ; જરા ઝમઝમાટ પણ જાગે!

નવલરામ : પણ ત્યાં થયું શું એ તો કહો? કાંઈક ઝટાપટી થઈ હશે!

નર્મદ : જરા ય નહિ, નવલરામ! વાલકેશ્વરમાં ભગવાનદાસને બંગલે મંડળી ભેગી મળી હતી. દલપતરામભાઈની કવિતા સહુએ સાંભળી. આપણા મહારાષ્ટ્રી મિત્ર ઓરીએન્ટલ ટ્રાન્સ્લેટર વિનાયકરાવજી ખરા ને? તેમનો અને સહુનો આગ્રહ થયો કે મુંબઈના કવિને પણ સાંભળવા. મેં તો બહુ ના પાડી...અને વળી લાલા લોક, તે પાક ખાધેલો...એટલે ગળું નહિ ચાલે એમ ભય પણ લાગ્યો. છતાં અતિશય આગ્રહ થયો એટલે લાચારીથી ઊઠી દલપતરામ નજીક જઈ મેં કહ્યું કે...દલપત-રામભાઈ તો સાગર છે...ને હું તો ખાબોચિયા જેવો નવો શિખાઉ છું...મારી કવિતા સાંભળી વાહવાહ કરનારને હું ડારતો...કારણ મને વાહવાહ કરવાથી દલપતરામભાઈ ઝાંખા પડે એ મને જરા ય ન ગમે...બસ! દલપતરામભાઈએ તો પછીથી મારાં વખાણ કરેલાં.

નવલરામ : એમ? પણ મુંબઈમાં તો ઘેરઘેર વાત થાય છે કે લોકોને તમારી કવિતા જ પસંદ પડેલી!

નર્મદ : એક બંગલાના દીવાનખાનામાં તે કેટલાક લોક સમાય? હા, કવિતા એ મારું જીવન છે. નવનવા છંદપ્રયોગો કરું છું, નવનવા વિષયો શોધી તેમને કવિતામાં ગૂંથું છું અને ગુજરાતને એક વીર કાવ્યધર્મ આપવા મથું છું. જોસ્સે

ભારે છે...જોસ્સો મરશે ત્યારે નર્મદ પણ મર્યો જ હશે... ત્યાં સુધી નર્મકવિતાનો ધોધ અખંડ રહેશે...

નવલરામ : પણ કવિ! નર્મકવિતાના સંગ્રહનું શું કર્યું?

નર્મદ : આખો ગ્રંથ છપાઈ ગયો—

નવલરામ : પણ ખર્ચનું શું? લેખન અને પ્રકાશન વચ્ચેના ગજ-ગ્રાહનો શો ઉકેલ આવ્યો? ભલી હિમ્મત કરી કોશ અને કાવ્ય!

નર્મદ : ગજગ્રાહ ચાલુ જ છે.

નવલરામ : અર્પણ માટે કોને શોધી કાઢચો? કોઈ રાજામહારાજા કે શેઠશાહુકારને શોધવામાં શી હરકત છે? કહો તો હું કાંઈ કરી જોઉં.

નર્મદ : અર્પણ તો નક્કી થઈ જ ચૂક્યું છે—

નવલરામ : એમ? કોણ એ ભાગ્યશાળી પુરુષ છે જેને તમે નર્મ-કવિતા અર્પણ કરો છો?

નર્મદ : એ જ, મારા ભોજને! કરસનદાસ માધવદાસને.

નવલરામ : પણ એમની પેઢી તો ભાંગી! એ તમારી છપામણીનો ખર્ચ હાલમાં ન આપી શકે—પછી...

નર્મદ : પણ હું તો બોલી ચૂકચો છું કે નર્મકવિતા અર્પણ થાય તો મારા એ ભોજને જ!

નવલરામ : બોલી ભલે ચૂકચા! પણ કરસનદાસ તો સમજદાર ગૃહસ્થ છે. બોલથી તમને બાંધે જ નહિ. એમને કહી જોઈએ.

નર્મદ : નવલરામ! એ સજ્જને મને તો ક્યારનો યે છુટ્ટો કર્યો છે. મને તો ક્યારના યે આગ્રહ કરી કહી રહ્યા છે કે તમે અમુકને અર્પણ કરો...તમારું ખર્ચ નીકળી જાય એમ કરો!

નવલરામ : પછી? એમની સલાહ માનો તો હરકત શી? સાચો મિત્ર સમજી જ જાય.

નર્મદ : નવલરામ એ સજ્જને મને તો ક્યારનો યે છુટ્ટો કર્યો છે. મને તો ક્યારના યે આગ્રહ કરી કહી રહ્યા છે કે તમે અમુકને અર્પણ કરો...તમારું ખર્ચ નીકળી જાય એમ કરો!

નવલરામ : પછી ? એમની સલાહ માનો તો હરકત શી ? સાચો મિત્ર સમજી જ જાય.

નર્મદ : નવલરામ ! હું યે સાચો મિત્ર છું. એની આર્થિક સ્થિતિ વણસી એટલે હું એક પુસ્તકઅર્પણમાં પાછો પડું તો મારી મૈત્રી પણ લાજે ને ? હું પણ પૈસાનો જ સગો ગણાઉં ને ? જેણે મને અનેક વેળા સંકડામણમાંથી બચાવ્યો, એની જ સંકડામણ વખતે હું મુખ ફેરવું, મારા મહાન પ્રયત્નનું ફળ એની સમક્ષ ન મૂકું, તો...મારું પ્રેમશૌર્ય, મારું વીરત્વ, મારું સાહસ અને મારી માણસાઈ જરૂર લાજે ! મેં તો નિશ્ચય કર્યો જ છે કે નર્મકવિતા અર્પણ થાય તો તે કરસન–દાસને જ – ભલે એની પાસે પાઈ પણ ન હોય !

નવલરામ : જોઉં ! શી ઢબનું અર્પણ છે ?'

**'ધીર ધર, ધીર ધર, ધીર ધર વીર નર,**
**ધીર ધરવા થકી હીર રહેશે !'**

આ તો નર્મદ જ કહી શકે. નર્મકોશ ગરવી ગુજરાતને અર્પણ કર્યો. નર્મકવિતા ભાંગેલી પેઢીવાળા કરસનદાસને સમર્પણ કરી અને હાથની વીંટી કોઈ બંસીધર ઉપર ફેંકી ! મારું હૈયું તો ગજગજ ફૂલે છે, કવિ! પણ આમ વ્યવહાર કેમ ચાલશે ?

નર્મદ : કહેતો કેમ નથી, નરભેરામ ! કે એ બંસીધરે તો કૃષ્ણ જેવી મોહનિદ્રા ઉપજાવી હતી ! એવી બંસી ઉપર તો રાજપાટ કુરબાન થાય, નવલરામ !

નવલરામ : ચાલો કવિ ! રજા લઉં. રાજપાટ કુરબાન કરનાર કવિ પાસે બહુ બેસવામાં જોખમ છે ! અમારા કવિ તો પેલા હાફેઝની ન્યાતના ! ગાલ ઉપરના તલ માટે સમરકંદ-બુખારા ન્યોછાવર કરી દે !

'બખાલે હિંદુયશ બખ્શમ સમરકન્દો બુખારારા !'

[નવલરામ જવા ઊઠે છે.]

નરભેરામ : વાત સાચી, નવલરામભાઈ! શું એ બાવાની બંસી! સુરાવટમાં સહુ તલ્લીન બની ગયા, સમજે તે અને ન સમજે તે!

[ નવલરામ જાય છે. ]

નર્મદ : કોઈ દિવસ નહિ અને આજે તું કેમ ગંભીર બની ગયો છે, નરભેરામ?

નરભેરામ : ભાઈ! એનું કારણ છે. નવલરામના દેખતાં જ કહેવું હતું પરંતુ મને તમારી બીક લાગી!

નર્મદ : મારી બીક લાગે એવું ન કહેવા જેવું શું બન્યું છે?... હું તો નવલરામને જમવાનું કહેવા જતો હતો...હજી બોલાવ... બહુ દૂર નહિ ગયા હોય......

નરભેરામ : ન કહ્યું એ જ બહુ સારું કર્યું. આજ સુધી કહ્યું નથી...પણ હવે...કહ્યા વગર કેમ ચાલે?

નર્મદ : તે કહી નાખ ને? વાર કેમ કરે છે?

નરભેરામ : અત્યારે રોકડમાં ચાર આના અને અન્નમાં મૂઠી પઉંઆ જ છે...બીજું કાંઈ જ નહિ!

નર્મદ : એ પણ એક નવો રંગ! દૂધ તો થોડું હશે જ! આપણે બન્ને આજે શરદપૂર્ણિમા ઊજવીએ, પૂર્ણિમા ન હોય તોય

નરભેરામ : કવિરાજ! આમ ક્યાં સુધી ચાલશે? પુસ્તકો માનવીનું પેટ ભરે એમ લાગતું નથી.

નર્મદ : પણ તું જાણે છે કે આપણે તો કહેમને ખોળે મસ્તક મૂક્યું છે! બ્રાહ્મણને ગરીબીનો ભય કેવો?...પણ નરભેરામ! આજ કેટલાક દિવસથી મને એક વિચાર આવ્યા કરે છે.

નરભેરામ : શો વિચાર?

નર્મદ : સુરત જઈએ તો કેવું? મુંબઈને માથે આપણું ભારણ વધારે થયું લાગે છે!

નરભેરામ : હું પણ એ જ વિચારી રહ્યો છું...ઘરનું ઘર તો ખરું!

# પ્રવેશ બીજો

સ્થળ : સુરત

એક સ્ત્રી : આ તારા કવિએ તો સુરતનું અને નાગરી ન્યાતનું નામ બોળ્યું ! શું મોં લઈને એ અહીં મુંબઈથી આવ્યો ? ત્યાં હતો તે ફાવે તે કરે ! દેખવું યે નહિ અને દાઝવું યે નહિ ! આ તો રોજ સામે બારણે વરઝોળા ! નહિ લાજ, નહિ શરમ ! આનું નામ તે મૂઓ સુધારો ?

નરભેરામ : પણ છે શું, બહેન ? આટલો બધો ગુસ્સો ! કવિનો કાંઈ અપરાધ ? અને એ સુધારાવાળા છે એ તો આખી દુનિયા જાણે છે. સુધારાનો ડંકો વગાડનાર જ એ, ગુજરાતભરમાં !

સ્ત્રી : વગાડ્યો ડંકો એણે, બાપ ! છકેલ, નફ્ફટ, લાજ વગરનો ! હવે તો દીઠું ખમાતું નથી !

નરભેરામ : કાંઈ કહેશો ખરાં ? કે ગાળો જ દીધે રાખવી છે ? ગાળો તો એમણે જાતે જ સાંભળી છે. નર્મદાશંકરના નરકાશંકર પણ કહેવાઈ ચૂક્યા. હવે કાંઈ ?

સ્ત્રી : રોજ તું આવજા કરનારો કવિના ઘરનો કોણ ? તને ખબર નથી શું થાય તે ? તારે યે આંખ છે કે બાકાં !

નરભેરામ : જુઓ બહેન ! કવિ તો મારે મન દેવ છે !...અને દેવતાઓએ કયા માનવીની નીતિપરીક્ષા પસાર કરી છે ?... કહેવા જેવું હોય તો ભલે કહો ! હું કવિને રૂબરૂ કહીશ...

સ્ત્રી : કહેવા જેવું શું રાખ્યું છે કવિએ ?' ફાવે તે ખાવું, ફાવે તે પીવું ! કોની સાથે ખાવુંપીવું એનો યે વિવેક નહિ ! એ તો એ જાણે અને એનો ધરમ જાણે ! પણ આ ન્યાતની છોકરીઓને જ્યારથી એણે આડે રસ્તે દોરવા માંડી છે......

નરભેરામ : બહેન ! બસ કરો. મુંબઈની વાત હું નથી કરતો. પરંતુ સુરત આવ્યા પછી કવિએ કોઈની પણ પત્ની તરફ નજર નાખી એમ કહો, તો હું નહિ પણ એનો દુશ્મન પણ માની શકે એમ નથી !

સ્ત્રી : પેલી સવિતાગૌરીને જખ મારવા ઘરમાં રાખી છે ?

નરભેરામ : બિચારી બાળવિધવા ! સાસરે સંપ નહિ અને પિયરમાં જંપ નહિ એવી એક આધાર વિહીન બાઈને આશ્રય આપ્યો એમાં તમારી આંખો દુષિત કેમ થાય છે ?

સ્ત્રી : આપ્યો આશ્રય ! બધા આશ્રય આપનાર નીકળે ! ફૂલફટાક વિધવાને શા માટે આશ્રય ન આપે ? હવે સવિતા મટીને નર્મદા થઈ ! બધી વિધવાઓનો હાર કરો, હાર ! ને ગળે ભરાવો, એટલે સુધારાનું તોરણ લટકાવાય !

નરભેરામ : સુધારાનું તોરણ તો ક્યારનું યે હિન્દુસ્તાનમાં લટકી ચૂક્યું !

સ્ત્રી : અને ઉપર ધજાઓ ફરકી ચૂકી ! નહિ બંધન, નહિ મર્યાદા ! ફાવે તે ખાવું, ફાવે તે પીવું ! ધરમધ્યાન નાખ્યાં દરિયે. અને કહેવાય કોણ ? તો કે સુધારાવાળા ! બીડીઓ પીવી અને બૈરાંના હાથ ઝાલી ફરવું ! સાચો સુધારક હોય તો, કહો ને કવિને, કે હિમ્મત કરી કોઈ વિધવાને પરણે !

નરભેરામ : એ તો કેમ બને ? એક ઉપરાંત બીજી સ્ત્રી નાગરમાં તો થાય જ નહિ...અને સુધારો પણ એમ જ કહે છે...એ જ સાચો સુધારો.

સ્ત્રી : ત્યારે પેલી નર્મદા કેમ કવિના ઘરમાં છડેચોક રહે છે ? એની સગી વહુ ડાહીગૌરીમાં યે વીત્ત નથી તો ! નહિ તો નર્મદાને ઘરમાં રહેવા દે ? ક્યારની ગાલ ફાંસીને ઘર બહાર કાઢી હોત !

નરભેરામ : ડાહીગૌરીનું નામ ન લેશો. એના જેવી સતી સાધ્વી નાગરી ન્યાતમાં તો ઠીક, પણ આખા હિંદુસ્તાનમાં થવી મુશ્કેલ છે ! પતિને દેવ માની—અરે માનવી માની પૂજતી એ

પતિવ્રતા સવારના પહોરનું નામ છે. કવિનું ઘર એના વડે ચાલે છે.

સ્ત્રી : ચાલ્યું ઘર ! પાસે દમડી તો મળે નહિ અને મોટા બંગલો કવિને ઊભો કરવો છે. નામ પાડવું છે સરસ્વતીમંદિર અને માંહ્ય ઊભું કરવું છે સુધારાનું ગોકુળ–વૃંદાવન ! ડાહીગૌરી મળે એટલી વાર !

નરભેરામ : મોકલું એમને તમારી પાસે ?

સ્ત્રી : હા હા, મોકલજે ને વળી ! કવિનાં તે લખ્ખણ છે ? બિચારીને અળગી કરી પોશ આંસુ ન પડાવે તો મને કહેજે.

નરભેરામ : ડાહીગૌરીને પૂછ્યા વગર કવિ પાણી પણ પીતા નથી, બહેન ! તમને શું કહું એ બંને વચ્ચેની મમતા ? જાણે રામ-જાનકીની જોડ !

સ્ત્રી : તમારા કવિ વળી જુદા રામ છે ! જાનકીને ફેંકશે વનમાં અને કેંક નર્મદાઓ ભેગી કરી રાખશે પોતાના ઘરમાં ! આ જોતા નથી આખા સુરતમાં કવિને નામે પીટ્ટ પડે છે તે ?

નરભેરામ : હું તો એટલું જાણું : ડાહીગૌરીની સંમતિ વગર કવિ સારું કે ખોટું ડગલું ભરે જ નહિ !

સ્ત્રી : જરા પૂછી આવ કે આ નર્મદા વિશે એની કેટલી હા છે તે ! પછી મને કહેજે.

[ સ્ત્રી જાય છે. ]

નરભેરામ : મુંબઈ કરતાં સુરત કવિને અનુકૂળ નીવડે એમ લાગતું નથી. લોકોનો ય વધારે છેક વાંક તો શું કહાડવો ? સરસ્વતી-મંદિરનો ખર્ચ ! અને નર્મદાગૌરીને અપાતો આશ્રય ! કવિનું માનસ મને જ સમજાતું નથી તો લોકોને ક્યાંથી સમજાય ? લાવ, જરા કવિને અને ડાહીગૌરીને વાત કરી જોઉં. પણ એ જ બન્ને કાંઈ વાત કરતાં સંભળાય છે ઘરમાં. શી વાત હશે ?

## પ્રવેશ ત્રીજો

સ્થળ : નર્મદનું ઘર

ડાહીગૌરી : આજ કાંઈ બહુ ઉદાસ લાગો છો। ખબર તો હશે જ કે હિંદમાં એક ઉદાસી નામનો સંપ્રદાય છે. હવે આવું મુખ રાખશો તો હું એ પંથની કંઠી લાવી તમને પહેરાવી દઈશ.

નર્મદ : ખરું જોતાં તો એ કંઠી તને પહેરાવવી જોઈએ.

ડાહીગૌરી : મને શા માટે? સિંહ જેવો મારે માથે પતિ છે; કીર્તિની કલગી સતત ઝળકાવતો મારે વર છે; સદા ય મને રાજી રાખતો મારે જીવનસાથી છે! હું ઉદાસ કેમ રહું વળી ?

નર્મદ : સદા ય...રાજી રાખતો...જીવનસાથી! તું સાચું કહે છે ?

ડાહીગૌરી : હું કદી જૂઠું બોલી હોઉં તો તમે યાદ કરો અને મને કહો.

નર્મદ : તું તો જૂઠું કદી બોલી નથી...પણ...તેં મને સિંહ સાથે સરખાવ્યો, મારી કીર્તિના ઝળકાટની તેં વાત કરી...તને સદા ય રાજી રાખતો સહચાર તેં મારામાં જોયો – એ બધું સાચું હોય તો...કેવું સારું ?

ડાહીગૌરી : કોણ કહે છે કે એ સાચું નથી? કલમ સિવાય બીજા કોઈ આગળ શિર ન ઝુકાવનારને સિંહ ન કહું તો બીજા કોને કહું ? કીર્તિનો ચળકાટ આખું યે ગુજરાત જુએ છે, જાણે છે અને ઉચ્ચારે છે! એમાં મારે કહેવાપણું નથી... અને મને રાજી રાખતા સહચારની તો હું જ સાક્ષી હોઉં ને ?

નર્મદ : એવું જ ભવિષ્ય રહેશે એની તને ખાતરી છે?

ડાહીગૌરી : હા.

નર્મદ : ભવિષ્ય બદલાય એવો પ્રસંગ મારી સામે આવીને ઊભો છે !

ડાહીગૌરી : તો ય મારો મત — મારું મન બદલાવાનું નથી.

નર્મદ : તેં એવા વિચિત્ર પુરુષ સાથે લગ્ન કર્યું છે કે તારે તારો મત ઘડી ઘડી બદલવો પડે; મને નવાઈ એ લાગે છે કે હજી સુધી તેં તારો મત કેમ બદલ્યો નથી !

ડાહીગૌરી : એ વિચિત્ર પુરુષમાં મને એટલી શ્રદ્ધા તો છે જ કે પોતાના સ્વાર્થ ખાતર એ મને કે કોઈને દુઃખમાં નહિ નાખે—

નર્મદ : તને દુઃખમાં નાખવાનું હજી બાકી છે? સંપત્તિ શું એ તેં કદી જાણ્યું નથી — તારા ઉપર ઘરેણાંલૂગડાં હું ન્યોછાવર કરી શક્યો નથી ! ઘરખર્ચના કૂવામાં હાથદોરડું ખૂટતું જ હોય.

ડાહીગૌરી : મેં સંપત્તિમાં સુખ માન્યું હોય તો ને ?

નર્મદ : ત્યારે તેં શામાં સુખ માન્યું છે ?

ડાહીગૌરી : તમારામાં ! તમને જે ગમે તેમાં મારું પરમ સુખ.

નર્મદ : હું પણ ગમું એવો ક્યાં છું ? મને કેટકેટલાં કલંક ચોંટયાં છે એ તું જાણે છે ?

ડાહીગૌરી : મારે એ જાણવાં જ નથી ને ? હું કશું સાચું માનતી જ નથી.

નર્મદ : તું ભલે ન માને ! પણ એમાંનાં કોઈ કોઈ સાચા પણ હશે, હોં ! બંધન તોડવાના ઉત્સાહમાં, સુધારાની તુમાખીમાં, સાહસના જોસ્સામાં, બંડખોરપણાના ધસારામાં મેં એવું કાંઈ કાંઈ કર્યું છે કે જેનો બચાવ હું પણ ન કરી શકું.

ડાહીગૌરી : એ બધાં સાથે મારે કાંઈ જ નિસ્બત નથી. મારી સાથેનું વર્તન એ જ મારે મન તમારી ખરી કસોટી અને હું નારાજ થાઉં એવું તમે કાંઈ કર્યું જ નથી...બહુ બહુ સંભારું છું તો ય !

નર્મદ : તારી સાલસતા, તારી પતિભક્તિ કોઈ પતિને પણ ગુસ્સે

કરે એવી છે. તારી નજર સામે જ તારો પતિ શું કરી રહ્યો છે એની તને ખબર નથી ?

ડાહીગૌરી : ( સહજ હસીને ) ગુસ્સે થવું હોય તો ભલે થાઓ – ગુસ્સો વળશે એટલે પછી પૂછીશ કે આજે તમને થયું છે શું ? આકાશ તૂટી પડ્યું છે ? તમારી કવિતા ન છપાઈ ? કે સરસ્વતીએ તમારી સાથે રૂસણાં લીધાં ?

નર્મદ : ગૌરી ! તને જોઈને તો શંકર ત્રીજું લોચન ઉઘાડીને બેઠા હોય તો ય બંધ કરે !...ગુસ્સે તો હું શું થાઉં ?...પણ સાંભળ ! આકાશ તારે માથે તૂટી પડે છે !

ડાહીગૌરી : તમે પાસે ઊભા રહેજો; બસ ! પછી ભલે આકાશને પડવા દો ! મરતી વખતે તમારો હાથ ઝાલી લેવાય એમ... એથી વધારે દૂર ન જશો.

નર્મદ : નર્મદા આપણા ઘરમાં છે એ તું જાણે છે ને ?

ડાહીગૌરી : કેમ નહિ ? મેં જ એ બિચારીને ઘરમાં આવી રહેવા કહ્યું હતું. બાળવિધવા ! કવિ ! તમારા વગર એને આમ ઘરમાં આશ્રય બીજું કોણ આપે ? ન્યાતજાતને આપણે બહુ ગમીએ નહિ...એટલે મને તો એ આવી ત્યારથી બહુ ગમવા માંડ્યું છે; જાણે મારી બહેન ન હોય !

નર્મદ : એને મેં એ આશાએ મારી પાસે રાખી કે કોઈ સુપાત્ર સુધારક સજ્જન સાથે એનાં પુનર્લગ્ન કરાવી આપીશ... પણ—

ડાહીગૌરી : પણ શું ? એ તો હું જાણું છું, તમે તપાસમાં છો જ – આજના નહિ.

નર્મદ : પણ કોઈ હા પાડતું નથી...બાળવિધવાનાં પુનર્લગ્ન એ પુણ્યકાર્ય છે એમ માનનારા, કહેનારા, પ્રયાસ કરનારા, પ્રસંગ આવે છે તો ય ખસી જાય છે.

ડાહીગૌરી : કહેવું અને કરવું એ બેમાં ઘણો ફેર છે—

નર્મદ : અને...નર્મદાગૌરી મને આહ્વાન આપે છે...

ડાહીગૌરી : એટલે?

નર્મદ : કે...તમે સાચા સુધારક હો તો તમે પુનર્લગ્ન કરી બતાવો.

[ વાતાવરણમાં પ્રથમ શાંતિ વ્યાપે છે, ડાહીગૌરીનું હૃદય ચિરાઈ જતું હોય એમ, પૃથ્વી ઉલટાઈ જતી હોય એમ, સૂચક ભણકાર કે રણકાર થાય છે; એકાદ વાદ્ય કે વસ્તુ પડે છે. ડાહીગૌરી એકાએક શાન્ત પડે છે. ]

ડાહીગૌરી : સમજી, તમે આ આહ્વાન સ્વીકાર્યું પણ ખરું, નહિ?

નર્મદ : હા. કવિ નર્મદનો એવો દુસ્વભાવ પડ્યો છે કે આહ્વાન ફેંકાય કે તેનો સ્વીકાર થઈ જ જાય.

ડાહીગૌરી : નાગરી ન્યાતમાં એક પત્ની ઉપર બીજી પત્ની થતી નથી.

નર્મદ : ન્યાતને બાજુએ મૂકીએ. સુધારો પણ એની વિરુદ્ધ છે... પરંતુ એક બાજુએ સુધારક તરીકેની પ્રતિષ્ઠા હતી...બીજી પાસ એક સુધારકનો આશ્રય શોધતી વિધવાનો નિશ્વાસ હતો! મારી આગળ નિશ્વાસ સદા ય જીતે છે!

ડાહીગૌરી : ( સહજ ડૂસકું ખાઈને ) નિશ્વાસ નાખનાર ડાહીગૌરી છે એ કદાચ નહિ સાંભર્યું હોય! હશે, તમને જે ગમ્યું તે મને પણ ગમ્યું માનજો!

નર્મદ : ગૌરી! એક કલમને ખોળે મસ્તક મૂક્યું હતું; બીજું તારે ખોળે! એક વાર નહિ...અનેક વાર...મારાં સાહસ...અને ખમવું તારે...સાહસ તો થયું...પણ હવે તું કહે એ ગોઠવણ કરવા હું તૈયાર છું...તને જુદું ઘર ગમે તો...

ડાહીગૌરી : તમારે મને કાઢી મૂકવી હોય તો એ વાત!

નર્મદ : તને કાઢી મૂકું ? એ પહેલાં હું મારા પ્રાણને કાઢી મૂકું...
તું કહે તો તને જુદો માસિક...દરમાયો...

ડાહીગૌરી : હું તમારી પગારદાર પત્ની નથી, કવિ !

નર્મદ : ખૂંધા ખમવા ભેગાં જ રહેવું છે ?

ડાહીગૌરી : હા, ખૂંધા ખમીશ...જુદી તો જીવ જતાં પણ નહિ રહું !

નર્મદ : મારા પ્રયોગોમાં કોઈને પણ ઘોર અન્યાય મેં કર્યો હોય તો, ગૌરી ! તને જ. હજી મારી વિચિત્રતા તને શું શું અન્યાય નહિ આપે ? એ સંતાપમાં જ...હું તને કહી રહ્યો છું કે...તને સાથમાં રાખવી એ...

ડાહીગૌરી : એ સિવાય તમે જે જે કહેશો તે કરીશ.

નર્મદ : હું શું કહું છું એનું તને પૂરું ભાન છે ?

ડાહીગૌરી : હા.

નર્મદ : તું એક સપત્ની સાથે – એક શોક્ય સાથે રહેવા કબૂલ થાય છે. સમજી લે !

ડાહીગૌરી : સમજી લીધું – ક્યારની ય મારી પસંદગી થઈ ચૂકી – હું તમારા ભેગી જ રહેવાની !

નર્મદ : સપત્ની સાથે ?

ડાહીગૌરી : હા.

નર્મદ : ગૌરી ! મને ગુજરાતે વીર નર્મદ કહેવા માંડ્યું છે. હું પૂછું છું, વીર તે નર્મદ કે ડાહીગૌરી ? એમાંથી સાર્થ સુધારક કોણ ?

ડાહીગૌરી : મને પુછાય એમ ? કવિનું સુખ એ જ મારું સુખ. અને સુધારો એ, મારે મન તો...જેમાં ક્લેશ નહિ, કંકાસ નહિ અને પોતાના કરતાં પારકાના સુખની પહેલી કાળજી, એનું નામ સુધારો !

નર્મદ : મારા કયા પુણ્યના ફળનું તું પરિણામ છે, ગૌરી? પ્રેમ-શૌર્ય એ મારો મુદ્રાલેખ ! તું મારો જીવંત મુદ્રાલેખ અવતરી !

ડાહીગૌરી : કવિતા લખવી હોય તો હું કાગળ-કલમ લાવી આપું... શું છે, નરભેરામ? કેમ અહીં દોડી આવે છે?

નરભેરામ : આ...પુનર્લગ્નની શી કથની છે પાછી?

ડાહીગૌરી : કવિને બેસી રહેવા દે શાંતિમાં! આવ મારી સાથે, હું તને સમજાવું.

## પ્રવેશ ચોથો

સ્થળ : નર્મદનું નિવાસસ્થાન ( મુંબઇ )

નર્મદ : પેલા ગવૈયાને પછી મારી શાલ આપી ને ?

ડાહીગૌરી : તમારે હાથે જ આપી ને ?

નર્મદ : હા હા; હું ભૂલી ગયો !...સંગીત, સાહિત્ય, સ્ત્રી, શશી, સાગર...જીવનભર મને ગમ્યાં છે !...ક્યાં ક્યાં ફર્યો હું એનો વિચાર કરું છું...મુંબઈથી સુરત...સુધારામાંથી સનાતન ધર્મ ...કાળ, મહાકાળ ઓળખીને સૂતો છું...

નરભેરામ : જરા સૂઈ જ જાઓ, ભાઈ !...બોલ્યા વગર.

નર્મદ : જીવનભર સૂતો નથી; તે હવે મૃત્યુપથારીએ સૂતો ! નરભેરામ ! સમય પલટાયો. ચોવીસ વર્ષ સુધી લગામ પકડી રાખી; અંતે એ તૂટી ! નિશ્ચય તૂટ્યો ત્યારથી હું તૂટ્યો ! નોકરી ન કરવી એ નિશ્ચય ચોવીસ વર્ષ પાળ્યો...અને અંતે નેકટેક છોડી દાસપણું સ્વીકાર્યું ! એ પણ પ્રારબ્ધ !—સિંહ પણ જાળમાં કોઈ વાર ફસાય ને ?...અભિમાન મારું ગળી ગયું...એ જ સારું થયું...

ડાહીગૌરી : ડૉકટર ભાલચંદ્રે બહુ બોલવાની ના પાડી છે.

નર્મદ : નહિ બોલું...હું સૂતો ત્યારે કોઈ આવ્યું હતું ?

નરભેરામ : આખું મુંબઈ ખબર જોવા આવે છે. ક્યાં બધાંના નામ નોંધીએ ?

નર્મદ : એ પણ એક મહાભાગ્ય ને ? હિંદુ, મુસલમાન, પારસી ખ્રિસ્તી : સહુમાં મારે મિત્રો ! ગુજરાતી, મહારાષ્ટ્રી, પુરવિયા : બધાં સાથે દોસ્તી ! લક્ષાધિપતિ, સત્તાધીશ અને પગપાળો : ત્રણે વર્ગમાં નર્મદનો સમાવેશ થાય !...શી ચિત્રવિચિત્ર જિંદગી !...કોણ અહીં બેઠું છે ?

નરભેરામ : કોઈ નહિ. એ તો આપણા દાદાસાહેબ...
નર્મદ : ખાપર્ડે ને ? એ યુવાન એક દિવસ સભાઓ ગજાવશે ખરો.
ડાહીગૌરી : કાંઈક રૂપિયા લઈ આવ્યા છે...
નર્મદ : સમજ્યો. ગેઝેટિયરના કામ બદલના એ રૂપિયા, કર્નલ વૉટ્સનવાળા. ગૌરી, નરભેરામ, દાદાસાહેબ ! એમાંથી પહેલું તો મારું દેવું પતાવો...પેલા સુરતી પરભુ મહેતાનું દેવું બાકી છે તે...અને બાકી રહે એ રકમમાંથી બે ગરીબ છોકરાઓ ભણે...
ડાહીગૌરી : તમારા કહ્યા પ્રમાણે જ બધું થશે...બે ચમચા દૂધ લેશે ?
નર્મદ : ગૌરી ! જીવનમાં એકાદ વાર તો હુકમ–આજ્ઞા આપ !... હા, પણ તારી વિનંતી આજ્ઞા કરતાં પણે વધારે અસરકારક છે ! જરા મોડું શીખ્યો, નહિ તો ગુજરાતને હું ઘણું આપી જાત...
ડાહીગૌરી : ગુજરાતને જે નર્મદે આપ્યું એ બીજો આપે ત્યારે ખરું !
નર્મદ : હું વિચારું છું...કે મેં શું આપ્યું ગુજરાતને ? અપક્વ સુધારો અને અપક્વ સનાતન ધર્મ !
નરભેરામ : પોણોસો પુસ્તકો તો હું આંગળીને વેઢે ગણી આપું ! અને તેમાં કેવા કેવા અનેરા ગ્રંથ ?
નર્મદ : કાળના પ્રવાહમાં બધું ભુંસાઈ જશે...ઝડપથી...
નરભેરામ : કાળ નહિ ભૂંસી શકે, કવિએ આપેલા બે મહાશબ્દો : દેશાભિમાન અને સ્વરાજ્ય ! એમાંથી તો પ્રેમ–શૌર્યની ગર્જના કરતા કેંક ઇતિહાસબોધ ફૂટી નીકળતા હું જોઉં છું !
ડાહીગૌરી : જરા ય અસંતોષ ન રાખો, કવિ ! ગરવી ગુજરાતની મૂર્તિ ઘડી એમાં જીવ તમે મૂક્યો... હવે ચિરંજીવી સત્ય છે; એને કાળ પણ નહિ ભૂંસી શકે...

નર્મદ : સાચું, દેવી! તું જ મારી ગરવી ગુજરાત! નૂતન ગુજરાતની મહાસતી નર્મદ જેવા વંટોળિયાને ઝીલી...

ડાહીગૌરી : જેટલું ઓછું બોલાય એટલું સારું, હો!...દૂધ પીવાનું હજી બાકી જ છે!

નર્મદ : ગૌરી!...મને કેટલાં વર્ષ થયાં!

ડાહીગૌરી : ત્રેપન વળી! કાંઈ વધારે નથી થયાં!

નર્મદ : બાવનનો બધો ય વિસ્તાર! આખી અક્ષરમાળા બાવન અક્ષરની! વર્ષે વર્ષે જાણે હું એક એક અક્ષર શીખ્યો. હવે? ત્રેપન એટલે અક્ષરાતીત! હવે કાંઈ કર્તવ્ય ન રહ્યું! જો, ગૌરી, નર્મદા, નરભેરામ! હું ન હોઉં તે ક્ષણે મારો શોક ઘટે નહિ તમને!...રંગ!...મહાકાલ! જય પરબ્રહ્મ!... નર્મદા! આખરે જુદાઈ જ!

[ નર્મદનો પ્રાણ ઊડી જાય છે. ]

નરભેરામ : ગુજરાતનો સિંહ પડ્યો...

ડાહીગૌરી ; ( ડૂસકાં સહ ) મારો...પ્રાણ...જાય છે...

[ સંગીત–પ્રલંબ–સંભળાય છે : બિહાગમાં, ]

નવ કરશો કોઈ શોક, રસિકડાં,
નવ કરશો કોઈ શોક.
યથાશક્તિ રસપાન કરાવ્યું,
સેવા કીધી બનતી;
વીર સત્યને રસિક ટેક પણ,
અરે પણ ગાશે દિલથી–રસિકડાં,
નવ કરશો કોઈ શોક.

# મહાકવિ પ્રેમાનંદ

## વસ્તુ

ઈ. સ. ની ૧૭ મી – ૧૮મી સદી જ્યારે મોગલાઈનો સૂર્ય ઔરંગઝેબના કાળમાં પૂર્ણ કળાએ પહોંચ્યો હતો, અને સામેથી હિંદુપદ પાદશાહીનાં સ્વપ્ન સાચાં પાડવા છત્રપતિ શિવાજી મથન કરતા હતા, ત્યારે ગુર્જર સાહિત્યનો મહા કવિ પ્રેમાનંદ પોતાનું નાનકડું, બ્રાહ્મણત્વને ઘટે એવું, નિષ્કિંચન જીવન ગાળી સરસ્વતી સેવામાં પોતાના દિવસો નિર્ગમન કરતો હતો. મોગલાઈનો અસ્ત થયો, છત્રપતિનું છત્ર પણ નામનું બની ગયું. પરંતુ સાહિત્યક્ષેત્રે પ્રેમાનંદનું ઉચ્ચતમ સિંહાસન હજી જળવાઈ રહ્યું છે. એક ગરીબ પુરાણીનો એ પુત્ર. બાળપણથી જ પિતા સ્વર્ગવાસી થયા. ગરીબ માતા કે માશીએ તેને ઉછેર્યો. સંસ્કારને, અભ્યાસને, બુદ્ધિને ગરીબી કુંઠિત કરે છે. એટલે ગરીબ વિધવાનો એ ઉછેર બાલપણમાં સહુને જડભરત લાગ્યો. એ જડભરત બાલ-પ્રેમાનંદમાંથી જ સાહિત્યજ્યોત જાગી.

## પ્રવેશ પહેલો

સ્થળ

વડોદરાની તુલસીવાડી—તુલસીવાડીમાં ખાખીનો અખાડો.

પાત્રો

( ૧ ) સાધુ રામચરણ

( ૨ ) પ્રેમાનંદની વૃદ્ધ માતા—કે માશી

( ૩ ) પ્રેમાનંદ

## પ્રવેશ બીજો

પ્રેમાનંદનું સ્વપ્ન

સ્થળ

પાઠશાળા : વિદ્યાર્થીઓનો અભ્યાસ ચાલતો હોય છે.

પાત્રો

( ૧ ) વિદ્યાર્થી

( ૨ ) પ્રેમાનંદ

( ૩ ) ગુરુ

( ૪ ) પ્રેમાનંદના ભાવિ શિષ્યો—કલ્પનામાં.

## પ્રવેશ ત્રીજો

સ્થળ

રસ્તો

પાત્રો

બે પુરુષ અને બે સ્ત્રીઓ

પાર્શ્વસૂચન

પ્રેમાનંદનાં કાવ્યો તેના અભ્યાસની સાક્ષી આપી રહ્યાં છે, એટલું જ નહિ, તેની પ્રતિભાને પણ એનાં કાવ્યો પ્રગટ કરે છે. ગુજરાતી આખ્યાનો અને કથાઓ એ યુગમાં પણ પ્રજા-સંસ્કારને ઘડતાં હતાં પરંતુ…સ્વાભાવિક છે કે સંસ્કૃત કથાપુરાણોના વાચન જેવી તેની પ્રતિષ્ઠા ન હોય. છતાં પ્રેમાનંદની વાણી ગુર્જર આખ્યાનોને પ્રતિષ્ઠા આપી રહી છે. એની કથા ભવ્ય લોકપ્રિયતા પામે છે અને સ્ત્રી, પુરુષ, પંડિત અને સામાન્ય જનતામાં જુદા જુદા અનુકૂળ ભાવ પ્રગટાવે છે…

## પ્રવેશ પહેલો

સાધુ રામચરણ : ચલો રામ, હવે વટપુરથી ઉઠાંતરી કરીએ, અને પગ જ્યાં લઈ જાય ત્યાં પરિક્રમા કરીએ. મૃગચર્મ, પોથી અને કમંડલ એટલાં સાધન એ સાધુની જંજાળ. એ બટારી લીધાં એટલે આપણો પ્રવાસ શરૂ અ...લ...ખ...! અરે, પણ મૈયા કેમ ન આવી? બિચારી રોજ સેવા કરે છે, અને મોઢે તો માગતી નથી, પણ એનું અંતર માગ્યા કરે છે કે એનો પુત્ર પ્રેમાનંદ જડભરત કહેવાય છે તે સાચો શાસ્ત્રી, સાચો પુરાણી, સાચો કવિ બને. હું જોઈ શક્યો છું કે એ નથી જડભરત! એવો દેખાતો હશે તો ય એની ગરીબીએ ઉપજાવેલો કાટ એક ફૂંક મારતાં ઓસરી જશે અને એ જરૂર એક ઝગમગતો કવિ બનશે. વેદ, ઉપનિષદ, ગીતા, બધાં જ કવિને સંભારે છે.

**कविं पुराणमनुशासितारम**
**अणोरणीयांसमनु स्मरेद्यः ।**

હવે એની રાહ જોતાં ન બેસાય. પ્રભુ સહુનું કલ્યાણ કરો.

[ચાખડીનો ખટખટાટ થાય છે. પ્રેમાનંદ અને તેની માતા પ્રવેશ કરે છે.]

માતા : મહારાજ! ક્ષમા કરો મોડું તો થયું છે, પરંતુ આપ તો જાણો છો કે ગરીબ વિધવાને પ્રભાતમાં કેટલાં દળણાં દળવાનાં હોય છે. દળી રહી, નાહી રહી, આપને માટે પુષ્પ વીણી લાવી અને સમય થઈ ગયો. મને દર્શન આપ્યા વગર આપનું

પ્રયાણ ન જ થાય. મારા પ્રણામ! અને પ્રેમાનંદ! પગે લાગ ગુરુજીને.

[બન્ને પગે લાગે છે.]

સાધુ : મૈયા! આપ તો ગંગાજળ છો. આપનાં દર્શન વગર મારા પણ પગ ઉતાવળા ચાલતા ન હતા. બહુ સારું થયું તમે આવી પહોંચ્યાં તે. વત્સ! ઊભો થા. દીર્ઘાયુષી થા! આયુષ્યમાં અને આયુષ્ય બહાર કીર્તિ પામો! તારું ભાવિ ખૂબ ઉજ્જવળ છે. સરસ્વતીનો તને પ્રસાદ છે. આવ મારી પાસે; તારી જીભ ઉપર હું સરસ્વતીનો મંત્ર લખું.

[મંત્ર લખે છે.]

કલ્યાણ થાઓ! હવે હું જઈશ...

પ્રેમાનંદ : મહારાજ! આપ હવે મારા ગુરુ બન્યા. કયા ગુરુનો પ્રસાદ હું માનું?

માતા : (બહુ રાજી થઈને) અરે બાપજી! આપે તો એને વાચા આપી. કથામાં મૂઢ જેવો બેસી રહેતો તે આજ બોલ્યો. હે પ્રભુ! દીકરો ઉછેર્યો તે હવે સફળ થશે.

સાધુ : મૈયા! મારી આખી કથાનું સત્ત્વ એ બાળક ઝીલતો હતો. મૌન એ ઘણી વાર મૂર્ખનું નહિ પણ ડાહ્યાનું લક્ષણ બની રહે છે...અને દીકરા! ગુરુના નામનું તારે શું કામ છે? સાધુને નામ ન હોય. સંસ્કાર વેરે અને નામાક્ષરો અલોપ કરે એ સાચો સાધુ. હું યાદ આવું તો...ભલે...યાદ કરજે રામચરણને. વત્સ! તારે ગુરુનું કે ગુરુના નામનું હવે કામ નથી. તું જાતે જ જોતજોતામાં ગુરુપદ મેળવીશ, સરસ્વતીની સાચી સેવા કરજે; સ્વાધ્યાય અને તપશ્ચર્યામાં રત રહેજે. ધનને બહુ શોધીશ નહિ. મારા સ્થળાંતરની શરૂઆત પહેલાં તું આવ્યો હોત તો સંસ્કૃતનો મહાપંડિત તું બન્યો હોત. પણ...હરકત નહિ. તું પ્રાકૃતનો, ગુજરાતીનો મહાપંડિત હવે બનીશ. નવો

યુગ પણ હવે પ્રાકૃતનો જ છે એટલે અદશ્ય જે કરાવે છે તે સારું જ થાય છે. અ...લ...ખ...!

[ પાવડીનો ખટખટાટ થાય છે અને સાધુ અદશ્ય થાય છે. ]

પ્રેમાનંદ : મા ! મહારાજ તો ગયા. હવે કથા કોની સાંભળીશું ?

માતા : દીકરા ! એવી વાણી તો હવે સાંભળવા નહિ મળે. પણ હા. વડોદરામાં શાસ્ત્રી-પુરાણીની ખોટ નથી. મંદિરે અને ચકલે કથાઓ પણ બેસે છે. મન થાય ત્યાં જજે.

પ્રેમાનંદ : એમ નહિ, મા ! હું તો કૌમુદી, પંચ મહાકાવ્ય, મહાભાષ્ય અને વેદ સુધી ભણવાનો વિચાર કરું છું.

માતા : (હસીને) ઘેલો મારો જડભરત ! આપણાથી તે કાશીમાં મળે એવી વિદ્યા ભણાય ? ગુરુને યાદ કર, અને જે આછું-પાતળું ભણાય તે ભણતો રહેજે. પેલા શાસ્ત્રીને ત્યાં હું પાણી ભરું છું, ત્યાં હું પગે લાગી તને મૂકીશ.

## પ્રવેશ બીજો

વિદ્યાર્થી : અલ્યા પ્રેમાનંદ ! પૂરો કચરો તો વાળ્યો નથી; શાનો બેઠો બેઠો રૂપ ગોખ્યા કરે છે?

પ્રેમાનંદ : ભાઈ ! સાફ તો બધું કર્યું છે, પણ જરાક પોપડા ઊખડી ગયા છે એટલે કદાચ કચરો લાગ્યો હશે. હું ફરી સાફ કરું.

વિદ્યાર્થી : અરે, સાફ કરવા કરતાં જરા એટલી જગા લીંપી નાખ ને ? ગાર તો આટલી બધી પડી છે.

પ્રેમાનંદ : ભલે, ભાઈ ! પાઠ જરા રહીને કરીશ;

વિદ્યાર્થી : અરે, તારે તો બહુ ગોખવાની પણ જરૂર પડતી નથી. કોણ જાણે તને કેમ બધું મુખપાઠ થઈ જાય છે? અલ્યા, ઘેર ખીંટીએ ચોટલી બાંધી બેસતો હોઈશ, નહિ ?

પ્રેમાનંદ : નહિ રે ભાઈ ! મારા ઘરમાં ખીંટી કેવી ? આ બે કપડાં હોય તે હાથે ધોવાનાં અને વળગણીએ સૂકવવાનાં. વળી એટલું મધરાત સુધી જાગી અને વાંચવાના દીવા માટે દિવેલ પણ ક્યાંથી લાવું ?

વિદ્યાર્થી : અરે, તું તો બડો જબરો છે ! તે દિવસે રાજવાડામાં દેવડી ઉપરના અખંડ બળતા દીવા નીચે બેસી તું વાંચતો હતો. અને તને ત્યાંથી કાઢ્યો ત્યારે ગયો પેલા મંદિરની દેવડીએ. જોને પેલા શિયાળામાં, મિયાંની તાપણી પાસે બેસી વળી તું રઘુવંશ વાંચતો હતો. યાદ છે ને ? જરા રમતો રહે, રમતો; નહિ તો ચિતભ્રમ થઈ જઈશ.

પ્રેમાનંદ : જુઓ ને, ભાઈ ! હું જ્યારે ગુરુજી માટે વિદ્યાર્થીના આશીર્વાદ કરતો, ઝોળી લઈ દાણા ઉઘરાવવા નીકળી પડું છું

ત્યારે અર્ધી ઘડી ખાખીને અખાડે જઈ આવું છું અને થોડા દંડબેઠક, કુસ્તી, મલખમ અને જોડ કરી લઉં છું.

વિદ્યાર્થી : અને અલ્યા, તારો વેગ પણ બહુ સારો છે. વારસિયા તળાવમાં બે ચક્કર તેં લીધાં અને પાઠશાળાના બધા વિદ્યાર્થીઓ થાક્યા પણ તેં ત્રીજું ચક્કર પૂરું કર્યું! અલ્યા, દાન દક્ષિણા અને ભોજન ઠીક મળે છે કે શું?

પ્રેમાનંદ : ના રે, ભાઈ! મારી માને સાધુસેવા બહુ ભાવે એટલે જે આવ્યું તે સીધું જાય સાધુને ચરણે,

વિદ્યાર્થી : જો, જરા સારું આવડે છે તેમાં છકી ના જતો તારા જેવા કંઈક વિદ્યાર્થીઓ અહીં આવી ગયા બહુ હોશિયાર અને ડાહ્યો થવા જઈશ તો...યાદ રાખજે, પુષ્પાંજલિ આપવામાં અમે બધા એક્કા છીએ!

પ્રેમાનંદ : હું તો ભાઈ! કાંઈ ડાહ્યો નથી...કેમ આજ ગુસ્સે છો? વડો નિશાળિયો તો બધાંયને સંભાળી લે...

વિદ્યાર્થી : પેલી કવિતા કેમ લખી આપતો નથી? ચાળા તો બહુ કરે છે?

પ્રેમાનંદ : કઈ કવિતા?

વિદ્યાર્થી : કેમ? ધૂળેટીને દિવસે ગવાય એવી કવિતા લખવાની મેં કહી હતી ને? પેલા બુઢ્ઢા શાસ્ત્રી નાની કન્યા પરણી લાવ્યા એને જરા હોળીમાં ફજેત કરીએ.

પ્રેમાનંદ : એવી કોઈ ગૃહસ્થને કે ગુરુજનને ગાળ દેતી કવિતા ન લખાય; કવિતામાં તો પ્રભુનામ જોઈએ.

વિદ્યાર્થી : મોટો પ્રભુ નામવાળો! ચાલ અત્યારે જ ઘસડવા માંડ. જો, જરા ઝમકદાર લખજે.

પ્રેમાનંદ : એટલે? હું કાંઈ કવિ નથી...આ તો કોઈ કોઈ વાર કવિતાની ચમક આવી જાય છે અને કવિતાના ટુકડા તરી આવે છે. નિંદા કે ગાળ તો એમાં ન જ આવે. કહો, કેવી કવિતા લખું?

વિદ્યાર્થી : ચાલ, ગાળ અમે ઉમેરી લઈશું. પણ આ તમારી મોળી-મચ ગુજરાતી જેવી કવિતા ન લખતો. સંસ્કૃતનો ઘોર સંભળાય, હિંદી-ઉર્દૂની છટા ખીલી નીકળે, બંગાળીનું મુલાયમપણું ઊતરે અને મરાઠીનો જોરદાર ખટકાર વાગે એવું કાંઈ બતાવી આપ. ગુજરાતી તો 'શું શાં પૈસા ચાર' કહેવાય... ...અલ્યા, ગુરુ આવતા લાગે! ...બેસી જાઓ—કામે લાગો...

[ પાવડીનો ખટકાર થઈ અટકી જાય છે. બેત્રણ જણ સંસ્કૃત રૂપ ગોખે છે. ]

પ્રેમાનંદ : ગુજરાતી એટલે શું શાં પૈસા ચાર! એમ? એ મહેણું ન ટળે? ગુજરાતને અને ગુજરાતી ભાષાને વગોવનાર ગુજરાતી ઓ જ હોય ત્યાં બીજું શું થાય? गुर्जराणां मुखं भ्रष्टं કહી પર પ્રાંતો પણ ગુજરાતને વગોવે! અને ગુજરાતીઓ પણ તેને વગોવે!...હું કાંઈ ન કરી શકું?...ગુરુ દેખાય છે?...સાધુ રામચરણ?

[ પાવડીના ખટકાર સાથે સાધુ રામચરણ પ્રવેશ કરે છે ]

ગુરુદેવ! નમોનમ:

સાધુ : વત્સ! કેમ મને યાદ કર્યો?

પ્રેમાનંદ : મારી માતાને, મારી માતૃભાષાને ગાળ પડે છે! એને માથે આળ મુકાય છે કે એ ભ્રષ્ટ છે, એના ઉચ્ચારણમાં સામર્થ્ય નથી, રસ ઝીલવા સરખું એનું પોત નથી. પરાધીન પ્રજાની એ ભાષા છે; વ્યાપારીઓની એ બોબડી બોલી છે; એને પડી બારાખડી મળી છે.

સાધુ : તો તું એને શુદ્ધ કર; ઉચ્ચારણમાં જોમ લાવ; પોતને ઘટ બનાવ કે જેથી રસ ઝિલાય અને સચવાય. પરાધીનતા—સમગ્ર ભારતની પણ—કોઈ ગુજરાતી જ દૂર કરશે! વ્યાપારી-ની ભાષા એ ભલે હોય; એનું સંસ્કરણ કર. વ્યાપારીઓ

લક્ષ્મીને વેચનાર બનશે તો ગુજરાતી વાણીને દિગ્‌વિજય અપાવશે. એવું લખવા માંડ કે જે જનતાના હૃદયમાં ચોંટી જાય. જનતા સમજે નહિ, જનતા માણે નહિ, એવી વાણી મિથ્યા છે. અને ગુજરાતી તો સંસ્કૃતની પુત્રી. પુત્રી માતા સરખી સ્વરૂપવાન અને તેજસ્વી ન હોય એ માતાને લાંછન કહેવાય. જો તું ધારીશ તો...

[એકાએક શિષ્યમંડળ પ્રગટતું પ્રેમાનંદની દૃષ્ટિએ પડે છે.]

પ્રેમાનંદ : આ કોણ? વલ્લભ! મારો પુત્ર? અને આ તો રત્નેશ્વર! વીરજી! દ્વારકા! હરિદાસ! મારું શિષ્યમંડળ? બસ, હવે ગુર્જરીને કોણ કંગાલ કહી શકે? વલ્લભ! તું હિંદી સરખું જોમ ગુજરાતીને આપ. રત્નેશ્વર! મહારાષ્ટ્રના આપણે પડોશી. એની ભાષાના ગુણને ગુર્જરીમાં તું ઉતાર. વીરજી! ઇસ્લામ પણ વર્ષોથી—અરે, સદીઓથી આપણને સહવાસ આપે છે. ગુર્જરીને ઉર્દૂ-ફારસીની રંગત તું ન આપે?... અને હું સંસ્કૃત, પાલી, માગધીનાં કાવ્યો, મહાકાવ્યો, નાટકો અને ચંપુઓને યાદ કરાવે એવાં ગુર્જર આખ્યાનો...અરે નાટકો પણ આપું!

[હવામાં સંગીત સંભળાય છે :

ભાષા ગુર્જરી આર્યવર્ત અખિલે ફેલાય ફાલી ઘણી,
સર્વે દેશ વિદેશ ગુર્જર ગિરા સોહાય સોહામણી;
વાણી સંસ્કૃત મૃત્યુપ્રાય થઇ છે, આ થાય શિરોમણી
અર્પો તો વિભુ એ જ અર્પણકરો! આ આશ પ્રેમી તણી!

[વિદ્યાર્થીઓની હસાહસ સંભળાય છે.]

પ્રેમાનંદ : આ જ મારો સંકલ્પ! ગુર્જરીનાં માન વધે નહિ, એની

પ્રતિષ્ઠા ફેલાય નહિ, ત્યાં સુધી આ મસ્તક પાઘડી ન જ ધારણ કરે...

વિદ્યાર્થી : અલ્યા, પ્રેમાનંદ! ભીંતે અઢેલીને તું ઊંઘે છે શું? શાનો પુત્ર? કોનો શિષ્ય? કઈ ગુર્જરી? પાઘડી શાની? પાઠશાળામાં ઊંઘ આવે એ તો ઠીક! બધાંયને આવે–ગુરુને અને શિષ્યને! પણ તું તો વચ્ચે બોલી–બબડી પણ ઊઠે છે! જા, ભાગ, ફરી આવા સહજ...શો તરંગી છોકરો છે!

પ્રેમાનંદ : હું ક્યારનો સૂતો હતો?...સ્વપ્ન આવ્યું એ વાત સાચી ...પણ ભાઈ! એ સ્વપ્ન સાચું પાડવું છે...

વિદ્યાર્થી : હવે તું ઊભો થા! તો તારું સ્વપ્ન ખંખેરી શકાય...

પ્રેમાનંદ : સ્વપ્ન હવે જીવનભર ચોંટ્યું...સાચું કરી બતાવ્યે જ છૂટકો!...પ્રતિજ્ઞા ભલે સ્વપ્નમાં લીધી...પણ તે મેં જ લીધી ને?

## પ્રવેશ ત્રીજો

૧ શ્રોતા : ક્યાં જાઓ છો ભાઈ ! આટલા ઉતાવળા ?
૨ શ્રોતા : કથામાં.
૧ શ્રોતા : તે આમ ક્યાં ચાલ્યા ? પુરાણીની કથા તો મંદિરે થાય છે. હું ત્યાં જ જાઉં છું.
૨ શ્રોતા : હું તો ભાઈ ! પેલા ચોખળામાં કથા થાય છે ને, તે સાંભળવા જાઉં છું–ભટની કથામાં, પ્રેમાનંદ ભટની કથામાં.
૧ શ્રોતા : (જરા ઊકળી જઈને) શું દુનિયા ઊલટી છે ! શાસ્ત્ર-પુરાણીઓની કથા સારી, કે આમ મહાભારત–રામાયણમાંથી ચોરી કરી ગુજરાતીમાં ઉટંગ બાંધે એ કથા સારી !
૨ શ્રોતા : મહાભારત–રામાયણની ચોરી તો સહુ કોઈ કરે. કાલિદાસ અને ભવભૂતિ પણ.....
૧ શ્રોતા : શું તમે મૂર્ખાઈભરી વાત કરો છો ? કાલિદાસ અને ભવભૂતિ ક્યાં ? અને આ એક રાગડા ખેંચતો ગાગરિયો ભટ્ટ ક્યાં ? સૂરજ–આગિયા જેટલો ફેર ! જવા દો એને અને ચાલો મારી સાથે...મંદિરે !
૨ શ્રોતા : નહિ ભાઈ ! પ્રેમાનંદની વાણી અધૂરી નહિ મુકાય. શું રસ રહી જાય છે ! એક વખત ભાઈ ! તમે આવો. પછી જુઓ કે તમે શાસ્ત્રીઓના ઘટકાશ અને પટકાશની ચાવળાશમાં કદી જશો જ નહિ. મારે પણ એમ જ થયું...એક ભાઈ જોર કરી ખેંચી ગયા; ત્યારથી પ્રેમાનન્દ ભટની કથા હું ચૂક્યો નથી.
૧ શ્રોતા : ગુજરાતીમાં તે એ શું રસ લાવતો હશે ? અલંકાર ક્યાં હશે ? ચમત્કાર પણ શાના ? અને કાવ્યમાં પ્રસાદ પણ ક્યાંથી આવે ?...ત્યાં તો ન આવું.

૧ શ્રોતા : આપ તો ભારે વિદ્વાન અને સમજદાર છો, એટલે એક વાર આવી જાઓ. પરીક્ષા કરો. ન ગમે તો ચાલ્યા જજો. મને તો લાગે છે કે રસ, અલંકાર, ચમત્કાર અને પ્રસાદની સાચી છોળ પ્રેમાનંદની વાણીમાં જ અત્યારે તો ઊછળે છે.

૨ શ્રોતા : પણ...એ સારું ગાય છે ખરો ?...ગાગર ઉપર તે તાલ ઊતરે? તમારાં કડવાં અને મીઠાં, ધોળ અને દેશી, પદ અને વલણ, એમાં તે રાગ આવે ?

૨ શ્રોતા : બિહાગ અને બિલાવલ, બાગેસરી અને જેતશ્રી કેદાર, કામોદ અને ખમાચ, ભૈરવ રામગ્રી અને કાલિંગડો પ્રેમાનંદનાં કાવ્યોમાં ગુંજતા હોય તો એ રાગ કહેવાય કે નહિ ? અરે, પરીક્ષા ખાતર તો ચાલો ! અને તાલ...તો ઘન અને ચર્મવાદ્યમાં વાગે જ. ગાગરને હસવાની જરૂર નથી. એ પણ ઘન વાદ્ય છે. જુઓ, સાંભળો, તાનપૂરો રણક્યો !...જગા નહિ મળે...આવવું હોય તો ચાલો ઝડપથી...ગાગર ઉપર તાલ, તોડા અને પરણ કેમ ઊતરે છે તેની પરીક્ષા તો કરો !

૧ શ્રોતા : ચાલો...વળી ! જોઈ સાંભળી લઈએ તમારા પ્રેમાનંદને ! ...આ સ્ત્રીઓ પણ ત્યાં જ જાય છે શું ?...

૨ શ્રોતા : સ્ત્રીઓને તો પ્રેમાનંદે ઘેલી કરી મૂકી છે...કથા વખતે કોઈને ઘેર બૈરી જ ન મળે !

[ બે સ્ત્રીઓ પ્રવેશ કરે છે ]

૧ સ્ત્રી : અલી બહેન ! આટલી ઉતાવળી કેમ ચાલે છે ? મારાથી આમ દોડાશે તો નહિ !

૨ સ્ત્રી : તે જુઓ ને, કથાની શરૂઆત ચૂકીએ તો બધો રસ માર્યો જાય.

૧ સ્ત્રી : આવડી નાની હજી તું છે ! તને તે રસ શો ? તને સમજ શી પડે આવાં મોટાં આખ્યાનોમાં ?

૨ સ્ત્રી : મને તો રજેરજ સમજાય છે. રોમેરોમમાં કવિના શબ્દો રમી રહે છે, અને ઘેર જાઉં છું ત્યારે સાંભળેલાં કડવાં કાનમાં એવાં ગુંજી રહે છે! શું પેલું ઓખાહરણનું ઉષા સ્વપ્ન અને પેલું ગીત?...

'આશા ભંગ થઈ ભામિની,
રૂએ સ્તુતિ કરે કામિની.'

૧ સ્ત્રી : એ...મ! તને સ્વપ્નું ગમ્યું. મને તો મારે ભગવાનનું નામ ભાવે. પેલો કેવો સારો ઊખળ-બંધનનો પ્રસંગ કવિએ ગાયો હતો...

'અખંડ વિનાશી વપુ વેશધારી
બાંધે ઊખળે બ્રહ્મને નંદનારી!'

૨ સ્ત્રી : તે તમે બધું ધ્યાનથી સાંભળો છો? બડાં પક્કાં છો! પેલું દમયંતીનું વર્ણન તમને કેવું ગમ્યું હતું?

'હસ્તકમળથી કમળ હાર્યું!
જળમાં કીધું ઘર;
ઉદર નિહાળી દમયંતીનું
સુકાયું સરવર.'

આવું આવું તો કંઈક તમને મોઢે છે! ઘરમાં એ વગર તો બીજું ગાતાં નથી. ઓખા અનિરુદ્ધને રીઝવે છે. એ કડવું તો તમે જ મને શીખવ્યું હતું...

૧ સ્ત્રી ચાલ, ચાલ...ચાંપલી! કવિ બોલે એ બધુંએ ગમે અને બધીએ અવતારી પુરુષની વાત. વાહ, ભટ! શું વાણી છે પ્રેમાનંદની! કવિની વાણી એટલે જ દેવવાણી!

૨ સ્ત્રી : પીતાં જાણે ધરાઈએ જ નહિ! ચાલો, જરા પગ ઉપાડો. કથા શરૂ થઈ ન જાય.

૧ સ્ત્રી : હા, ચાલ બહેન ! આ બધાં ટોળાં તો આગળ પહોંચી જશે અને મારે છેલ્લાં બેસવું પડશે. ધનભાગ્ય વડોદરાનાં, કે ભટની વાણી વડોદરાને સાંભળવાની મળી.

૨ સ્ત્રી : કવિ તો છે જ વડોદરાના. વાડી રંગમહાલના રહીશ. ક્યાં ક્યાંથી એમને કથા કરવા લોક બોલાવે છે ! પણ એ તો વડોદરા છોડે જ નહિ. આવી ગયાં આપણે. તંબૂરો રણકી રહ્યો છે. અને ગાગર ખખડે છે. આજ તો અનિરૂદ્ધનું યુદ્ધ છે.

# પ્રવેશ ચોથો

### કથાનું સ્થળ

લોકો એકચિત્તે કથા સાંભળે છે.

### પાત્ર

પ્રેમાનંદ તથા તેમના સહાયક તંબૂરો તથા ગાગર વગાડનાર

[ તબૂરો અને ગાગર વાગતાં સંભળાય છે.
પ્રેમાનંદ ગાય છે.

પ્રેમાનંદ :

### ગીત

ઓખા કહે કંથ એમ ન કીજે,
બળિયા સાથે વઢતાં બ્હીજે.
એ તો મહોન્મત ને બળિયા,
તમે સુકોમળ પાતળિયા,
માટે પહેલાં મુજને મારો;
પછી નાથજી ! રણમાં પધારો !

અનિરુદ્ધ કહે છે—

નાઠે લાંછન લાગે કુળમાં,
પ્રતિષ્ઠા જાયે એક પળમાં.
મૌઅર બોલે મણિધર ડોલે;
ન ડોલે તો સર્પને તોલે.
એમ કહી ઓખા અળગી કીધી,
ભડ ગાજ્યો ને ભોગળ લીધી.

અસુર સેના પર કોપિયો,
છજે થકી ઠેકીને પડિયો.
પડતામાં બહુ પડતાળ્યા
ભોગળ પ્રહારે ધરણી ઢાળ્યા.
હાંક્યા હસ્તી દે હલકાર,
થાય ખડગ તણા ચમકાર.
કોને ઝીંક્યા ઝાલી કેશ,
કોને ઉડાડ્યા પગની ઠેશ;
કોને હણ્યા ભોગળને ભડાકે,
કોનાં મુખ ભાંગ્યાં લપડાકે.
હવે રણ ભયાનક ભાસે,
બળ દેખીને ઓખા ઉલ્લાસે.
મેં તો આવડું નહોતું જાણ્યું
ચિત્રલેહાએ રત્ન જ આણ્યું.

[ કથા પૂર્ણ થાય છે. પ્રેમાનંદને હાર પહેરાવી લોકો વિખેરાય છે અને પ્રેમાનંદ પણ જાય છે. ]

૧ શ્રોતા : ખરેખર, મને ખ્યાલ નહિ કે ગુજરાતી ભાષામાં આવું વીર ઉચ્ચારણ થઈ શકતું હશે? પ્રેમાનંદને સાંભળવા તો જરૂર ગમે છે.

૨ શ્રોતા : અરે, તમે રણયજ્ઞ સાંભળો પછી કહો.

૧ શ્રોતા : એ પ્રેમાનંદનું કાવ્ય છે?

૨ શ્રોતા : હા જી; એ કંઈક વાર ગવાઈ ગયું. ફરી પાછું ગવાશે... જુઓ, આ વીરકથા સાંભળી અને ગુજરાતી શ્રોતાઓના પગ પણ કેવા ચાલે છે! જુવાનિયાઓ છાતી કાઢી ધમધમ પગ મૂકે છે!

૧ શ્રોતા : અને જુઓ ને પેલા ડોસા ટટાર ચાલે છે તે? ખરું ભાઈ, કવિનું કાવ્ય! એનાં બીજાં રસકાવ્યો પણ સાંભળવાં પડશે.

૨ શ્રોતા : અરે, પ્રેમાનંદને તો નવે રસ સાધ્ય છે. એ ધારે ત્યારે હસાવે, ધારે ત્યારે રડાવે, અને ધારે ત્યારે બેઠાંને ઊભાં કરી દે. તાકયું તીર મારનાર તો પ્રેમાનંદ જ.

૧ સ્ત્રી : સાંભળ્યું ને, છોકરી? કેવો અનિરુદ્ધ ઝૂઝ્યો ?

૨ સ્ત્રી : અરે, મને મન થઈ ગયું કે હું યે ભોગળ લઈને રણમાં કૂદી પડું.

૧ સ્ત્રી : આ તમારા માઈકાંગલા, ઘરકૂકડી વરોને જઈને સંભળાવો કે આમ યુદ્ધે ચડાય. આ તો દંગો થયો, કે ધાડ પડી, કે જરા મારામારી થઈ, કે ભરાયા ઘરને ખૂણે. બારણાં ભોગળ વાસીને...

૨ સ્ત્રી : એવું નથી મારા ઘરમાં. એ પણ સાંભળવા આવ્યા છે; અને કાલથી મોકલીશ એમને પણ કુસ્તી કરવા અને તરવા. જોમ વગરના મરદ આપણને તો ન જ ગમે...

૧ સ્ત્રી : કાઢજે જરા ઘર બહાર, લાઠી લઈને. આ તો બેઠા ઘરમાં સામે...વહુનાં મોં જોઈને ! બાયલા બટ ! એ તો લાઠી-છરા વાપરી જાણે એ જ રસ માણે. આપણે બૈરાં જ મરદોને બગાડીએ છીએ.

૨ સ્ત્રી : તે તમારા ઘરમાં કેવું છે ત્યારે ?

૧ સ્ત્રી : જા જા, ચાંપલી ! હજી વહેંત જેટલી છે ને મારા ઘરની વાત પૂછે છે? પણ જો કોઈને કહેતી નહિ મારી વાત ! અહં, હું તો...અલી બહેન ! ચાર ગુંડાઓને માર્યા ત્યારે મેં મારો ઘૂમટો...ખોલ્યો, સમજી? મડદાંને મોં શું બતાવવું ?

૨ સ્ત્રી : સાચું કહ્યું તમે ! ઘેર ઘેર અને શેરીએ શેરીએ અનિરુદ્ધ જેવા વીર હોય તો કેવું સારું !

૧ સ્ત્રી : એ કાંઈ રોજ રોજ ઓખાબાઈ બની માળિયે ચઢી વરના ઝૂલા અમસ્તા ન ઝુલાવાય, સમજી ને? જુદ્ધે ચડે એ ઝૂલે ઝૂલે.

## પ્રવેશ પાંચમો

### સ્થળ

પ્રેમાનંદની કથાના ભાવિકની ઓસરી.

### પાત્ર

બે શ્રોતાઓ

૧ શ્રોતા : જય, જય! મહાનુભાવ! શું ચાલે છે આ ખરા બપોરે!

૨ શ્રોતા : પ્રેમાનંદના દશમસ્કંધની નકલ કરી લઉં છું, ભાઈ!

૧ શ્રોતા : તમે ?...પ્રેમાનંદના કાવ્યોની નકલ કરો છો? તમારા સરખા સંસ્કૃતના વિદ્વાન? હું ન માનું.

૨ શ્રોતા : ન માનતા હો તો નિહાળો. અને આ એક જ પોથી નથી; જુઓ, પેલી બાંધેલી પોથીઓ અને પોથીઓ પડી છે તે! શું હશે એમ ધારો છો?

૧ શ્રોતા : મારા મનમાં કે હું જ એકલો પ્રેમાનંદનાં આખ્યાનો ઉતારી લઉં છું. આ તો તમે પણ લહિયા બન્યા. શું શું લખ્યું?

૨ શ્રોતા : જુઓ, ચંદ્રહાસ આખ્યાન, અભિમન્યુ આખ્યાન અને મદાલસા આખ્યાન તો લખી કહાડચાં, હૂંડી, શ્રાદ્ધ, હારમાળા અને મામેરું તો લખી રાખેલું હતું. તે પણ નાગરો માગી માગીને લઈ ગયા...

૧ શ્રોતા : યાદ છે, નાગરી ન્યાતની પાટે બેસી કવિએ મામેરું ગાયું હતું તે? શું નાગરો હસ્યા છે! શું રડચા છે! એ સાસુ અને વડ-સાસુનાં ચિત્ર! નરસિંહ મે'તાની વહેલ! એ

તો કહેવત બની ગઈ! વેવાઈઓના મેળા! ભગવાને અને લક્ષ્મીએ આવી છાબ ભરી! તે સાંભળીને નાગરો અને નાગરણોએ ચાંદી-પિત્તળના લોટા-પ્યાલા કવિને ચરણે ધરી દીધા ...વાહ!

૨ શ્રોતા : કવિની શક્તિ અગાધ છે...યાદ છે? પેલા શેઠ માધવદાસે કવિને પડકાર્યા કે વાંચતાં અઢી ઘડી ચાલે એવું કાવ્ય આજ ને આજ કરી આપો. એમાંથી ઊપસી આવ્યું લક્ષ્મણાહરણ!...એક દિવસમાં આખું આખ્યાન રચ્યું. છે કોઈની તાકાત?

૧ શ્રોતા : આપણી આસપાસ કવિઓ તો છે. અખો ભક્ત હમણાં જ થઈ ગયો, ગોપાળગીતાવાળા ગોપાળદાસ, પાટણવાળા વિશ્વનાથ જાની, ભરૂચના તાપીદાસ, વલ્લભ મેવાડો, ઠેઠ બાગલાણમાં રહેતો રતનજી અને પેલો નવો તૈયાર થાય છે તે શામળ! પણ...પ્રેમાનંદ? એનો જોટો ન જડે, ભાઈ! નવરસની રેલમછેલ...હું જાતે જ કહેનારો કે પ્રેમાનંદની વેવલી ગુજરાતી ભાષામાં રસ ઊતરે જ નહિ...

૨ શ્રોતા : તમે તો પ્રેમાનંદમાં નવે રસ શોધ્યા લાગે છે!

૧ શ્રોતા : મેં શોધ્યા? અરે, રસ શોધવા પડે એણે કવિતા જ ન લખવી. પ્રેમાનંદમાં તો વગર શોધ્યે, પગલે અને ડગલે રસ મળે છે...શું એ હસાવે છે? અને સાથે સાથે જ રડાવે છે? પેલા સુદામા!

"છબ્યાં સરખાં છોકરાં ને લૂંટી સરખી નાર."

ભક્ત નરસૈયો! હૃદયનો અડધો ટુકડો હસે છે અને અડધો ટુકડો રડે છે! દશમસ્કંધવાળું 'માણેકડું'! નળ-દમયંતીનો વિરહ! કયો રસ, કયો ચમત્કાર, કયો અલંકાર પ્રેમાનંદની વાણીમાં ઊતરવો રહી ગયો હશે? આવું કૌશલ્ય, આવો પ્રસાદ, નથી જોયો બીજે! અને તે ગુજરાતી જેવી ભાષામાં–

જેમાં હૂંડી, હિસાબ કે ખતપત્ર સિવાય બીજું કશું લખાય જ નહિ !

૨ શ્રોતા : પણ કાંઈ સાંભળ્યું ? કવિ તો બહારગામ પધારે છે ! ખરી વાત ? જોજો, કવિને ગુમાવી ન બેસીએ !

૧ શ્રોતા : હા ભાઈ ! પ્રેમાનંદને આમંત્રણની ખોટ શી ?

૨ શ્રોતા : ગુજરાત છે જ નગુણું ! ગુજરાતે કયે દહાડે કોઈ જીવતા ગુજરાતીની કદર કરી છે ?...હશે ! એ તો જ્યાં જશે ત્યાં ઠામ મેળવશે !...અરે, પ્રવાસમાંથી કાંઈ કાંઈ નવું લઈ આવશે.

# પ્રવેશ છઠ્ઠો

### સ્થળ

પ્રેમાનંદનું ઘર

### પાત્રો

પ્રેમાનંદ, કવિપત્ની, રઘુનાથદાસ પારેખ.

### સૂચન

કવિ પ્રેમાનંદ મોટા પ્રવાસી હતા. બાળપણમાં ગુરુ રામચરણ સાથે હિંદ ભરમાં તેમણે પર્યટન કર્યાં. ગોદાવરી સ્નાને તેઓ ગયા છે. સુરતમાં પણ તેમનો વસવાટ હતો અને નંદુરબાર તો 'ઉદર નિમિત્ત સેવ્યું' એમ કવિએ પોતે જ ગાયું છે. આમ ગુજરાતની સરહદ નંદુરબાર સુધી તો હતી જ. સને ૧૬૭૩માં * ઓગણત્રીસો કાળ પડ્યો. કવિએ વડોદરા છોડ્યું. એ છોડાવનાર સુરતના રઘુનાથદાસ ભગવાનદાસ પારેખ અને નંદુરબારના દેશાધિપ–દેસાઈ શંકરદાસ–એ બંને કવિના ગુણપારખુ ગૃહસ્થો.

[ કવિપત્ની ગાતાં ગાતાં પ્રવેશ કરે છે ]

કવિપત્ની :

'એ જ્ઞાન તો મને ગમતું નથી ઋષિ રાયજી રે !
રોતાં બાળક માગે અન્ન લાગું પાયજી રે !'

પ્રેમાનંદ : (સહજ હસીને) કેમ આજે સુદામાચરિત્ર યાદ કર્યું ?

કવિપત્ની : તમે લખો છો તે હું યાદ કરું છું, અને ગાઉં છું.

---

+ સંવત ૧૭૨૯

પ્રેમાનંદ : પણ આજે ખાસ આ કડી કેમ સાંભરી ?

કવિપત્ની : ઘરમાં અન્ન હોય નહિ અને બાળક અન્ન માગતાં હોય ત્યારે બીજું શું સાંભરે ? ભક્તો અને કવિઓ તો લખી, ગાઈ ને ભૂલી જાય. તેમની પત્નીઓને જ એ તો યાદ રાખવાનું ને ?

પ્રેમાનંદ : એમ ? એવી સ્થિતિ છે ? દુષ્કાળ કપરો છે, દેવી !

કવિપત્ની : ભક્તો ઘણા છે, શિષ્યો ઘણા છે, મિત્રો ઘણા છે અને મિત્રોમાં ધનિકો ઘણા છે. કાંઈ રસ્તો તો કહાડવો જ રહ્યો ને ?

'જોડવા પાણી ને દીનવાણી
થાય વદન પીળું વર્ણ;
એ છે ચિન્હ યાચકતણાં;
યાચવાથી રૂડું મરણ.'

નરસિંહ-સુદામાને બિરદાવનાર હું હાથ તો લાંબો ન જ કરું ને ? પરિશ્રમ કર્યે જાઉં છું, પ્રભુનું નામ લઉં છું લેવરાવું પણ છું. મારા ગુજરાતને હસાવું છું, રડાવું છું રિઝાવું છું...

કવિપત્ની : આટઆટલું સંસ્કૃત જ્ઞાન, શાસ્ત્રપુરાણનો મુખપાઠ ! કહેતાં પહેલાં રાજદરબાર, મંદિર કે હવેલીમાં શાસ્ત્રી બની જવાય...

પ્રેમાનંદ : હવે ? પણ લીધા પછી ? દેવી ! એ તો ભૂખે મરીએ કે તરસ્યે, ગુર્જરી સાથે જ પાનાં પડયાં ! ગુર્જરગિરાને ગીર્વાણનું તેજ ન અપાય, ફારસીની રંગત ન અપાય ત્યાં સુધી... અન્ન મળે ન મળે એની પરવા રખાય કેમ :?...અને મારો પ્રભુ તો છે !

કવિપત્ની : પણ પ્રભુ પ્રભુ કર્યે દેહ કેમ ચાલે? એ તો અન્ન-પાણી માગે જ ને?

પ્રેમાનંદ : દેહ પણ પ્રભુનો ! ખપ હશે ત્યાં લગી રાખશે ! અન્ન-પાણી...જુઓ ને ! કોણ હશે ? બારણું ખખડે છે,

[ બારણું ખખડે છે. "ભટ્ટજી ! પ્રેમાનંદ ભટ્ટ !" એવા ઉદ્‌ગાર સંભળાય છે ]

કવિપત્ની : હશે કોઈ માથાફોડિયો શિષ્ય, કે વખાણ વહેંચતો મહેમાન !...બન્નેને પાછા જમાડવા ! શું કરીશ હું આજે ?

[ બારણું ઉઘાડે છે. એક મહેમાન—રઘુનાથદાસ આવે છે. ]

પધારો ભાઈ ! કોનું કામ ?

રઘુનાથ : મારું નામ રઘુનાથદાસ. કવિને શોધતો આવ્યો છું, ભટ પ્રેમાનંદને ! સુરતથી આવ્યો છું...

પ્રેમાનંદ : પધારો પધારો પારેખ ! બહુ વર્ષે દર્શન દીધાં !... આજે મારે ત્યાં જ ભોજન થશે...

રઘુનાથ : ભોજન તો બીજે...અમારા દલાલને ઘેર નક્કી કરીને આવ્યો છું...પણ...

પ્રેમાનંદ એ તે ચાલે ? પારેખ ! અમારું ઘર લાજે. સુરત જેવો શોખ અહીં નહિ હોય, પણ વડોદરાની મહેમાનગીરી જુવાર-બાજરીમાંથી નહિ જાય. ( પત્નીને ) શેઠસાહેબ આજે અહીં જ જમશે...

કવિપત્ની : બહુ સારું. જમ્યા વગર તે જવા દેવાય મહેમાનને ? ...( સ્વગત ) પાછો પડોશ શોધું...ઘરમાં તો કાંઈ નથી...અને આ દોહ્યલા દુષ્કાળમાં કોણ અન્ન ઉછીનું આપશે ?

[ જાય છે. ]

પ્રેમાનંદ : કહો શેઠસાહેબ ! કેમ કૃપા કરી ? કાંઈ આજ્ઞા ?

રઘુનાથ : તમે તો આજ્ઞા ક્યારે માનો છો ? ભટ ! હવે વિનંતિ નહિ, આજ્ઞા નહિ, તમને ઉપાડી જવા માટે જ આવ્યો છું !

સુરત નંદુરબાર...અરે, આખો તાપીકિનારો તમને જોવા ને તમારી વાણી સાંભળવા તલસે છે. તમારા ' ગરવા ગુજરાતનું વીરક્ષેત્ર વડોદરું ' જરા છોડો અને બીજાં શહેરગામડાંને તમારી વાણી સંભળાવો.

પ્રેમાનંદ : વડોદરાએ જન્મ આપ્યો, મને પોષ્યો...

રઘુનાથ : જાણું છું તમને કેટલા પોખ્યા છે તે!...હવે એ લાભ સુરતને લેવા દો. અમારું ચોરાશી વાવટાનું બંદર ધંધામાં કળી ગયું છે. એને પણ જરા રડાવો હસાવો! થોડી માણસાઈ આવે...આ તમારી પોથીઓ તમને પાછી સોંપું! કેટકેટલા ભાવિકો એમાંથી આખ્યાનો ઉતારી ગયા?...આ તમારી પોથીઓનાં મૂલ્ય...

[ રૂપિયા ખખડાવે છે. ]

પ્રેમાનંદ : પોથીઓ તો પાછી આપો છો, પારેખ! પછી આ પૈસા કેવા? મૂલ્ય આપો તો લહિયાને આપો! હું કેમ લઉં? મારાથી એ પૈસાને અડાય જ કેમ?

રઘુનાથ : પુસ્તક તો તમારું ને? ભટ! વાણી તમારી ખરી કે નહિ?

પ્રેમાનંદ : વાણીને–વિદ્યાને વેચવી પડશે ત્યારે સાચો કળિયુગ આવ્યો હશે. પારેખ! કળિયુગ મારાથી શરૂ કરાવવો છે?

રઘુનાથ : ઓ કવિ! મારા ભટ! છૈયાંછોકરાં છે, કુટુંબકબીલાનો વિસ્તાર છે, પોષણનો ભાર છે, દુષ્કાળનું જોર છે! આ તમારા ભાગના પૈસા શાને પાછા ઠેલો છો? લોકોએ રાજી થઈને આપેલા છે. તમારાં આખ્યાનોની નકલો તો અમારું ધન બની ગયું છે. આ...આપના ઘરમાંથી આવે છે...પૂછી જુઓ! પરસેવે મળતો પૈસો લેવાય કે નહિ?

[ કવિપત્ની આવે છે. ]

કવિપત્ની : એ જ પૈસો અમારા ઘરમાં ખપે, બીજો નહિ. ભટ કદી દાનદક્ષિણા લે જ નહિ.

રઘુનાથ : અરે ! પરસેવાનો પૈસો પણ આ કવિને ખપતો નથી... જરા ઘર સમરાવીએ, ન્યાતવરા કરીએ, થોડું તીર્થાટન થાય. એટલા પૈસા પુસ્તકમાંથી મળે છે તો ય...

પ્રેમાનંદ : જુઓ ને પારેખ ! ગરીબીથી ડરે એ સાચો બ્રાહ્મણ જ નહિ. માથે ઝૂંપડી, બે ટંક અનાજ બે જોડ વસ્ત્ર અને સરસ્વતીનું પૂજન : બ્રાહ્મણને એટલું બસ ન થાય તો એ સાચો બ્રાહ્મણ નહિ.

રઘુનાથ : હાં...પણ જુઓ, હું બે વાત કરવા આવ્યો છું. સીગરામ લઈને આવ્યો છું એટલે તમને, ભટ ! સુરત ઉપાડી જવાના એ એક વાત નક્કી...અને મહેનતના પૈસા તો લેશો ને ?

પ્રેમાનંદ : હા હા, કેમ નહિ ? જરૂર જેટલા લેવા જ પડે.

રઘુનાથ : તે મારે તમને એક મહેનત આપવી છે. તમારાં આખ્યાનો તમે સુરત બેઠાં બેઠાં, તાપીનાં દર્શન કરતાં કરતાં લખ્યે જાઓ. એનું તો કાંઈ મહેનતાણું તમે લેવાના નહિ...પણ મને એક લોભ લાગ્યો છે કહો ને !...મારી થોડી કવિતા ન કરો ? ભટ ! મારા કુટુંબીઓ બહુ કહે છે...અને લખનારાઓ બહુ તૈયાર છે. પણ મારો નિશ્ચય કે મારી કવિતા લખે તો પ્રેમાનંદ, બીજું કોઈ નહિ...એટલે આપ સુરત પધારો, આખ્યાનો લખો...અને કૃપા કરી મને પણ કવિતામાં ચીતરો !...આ ઠીક છે ભલા !...તમારે હાથે અમર થઈએ... કેમ બોલ્યા નહિ ?

પ્રેમાનંદ : આપ...જાણો તો છો જ કે હું માનવચરિત્ર લખતો નથી...દેવપદ પામેલાંને જ હું બિરદાવું છું...એટલે લાચાર બનું છું.

રઘુનાથ : નળ-દમયંતી માણસ નહિ? નરસિંહ, સુદામો માણસ નહિ?...અને જુઓ ને કવિ? મેં પણ વેપારમાં સાહસ કર્યાં છે, હજારો લાખોનાં દાન કર્યાં છે, વિદ્વાનોને પોષ્યા છે, ધર્મશાળાઓ અને અન્નક્ષેત્રો ચલાવ્યાં છે, અને...

પ્રેમાનંદ : હું એથી પણ આગળ વધું. પારેખ! આપ એક સજ્જન છો, ગૃહસ્થ છો, મારા અંગત મિત્ર છો...અરે, તમે અને દેસાઈજી મને છૂપો આશ્રય આપી રહ્યા છો. અને હું સમજું છું કે આપનું ચરિત્ર પણ આપ એ જ ઉદ્દેશથી...મને કાંઈ અર્થપ્રાપ્તિ થાય એ માટે જ લખાવો છો, શેઠસાહેબ! આપ ચરિત્રને પાત્ર છો. પણ...જીવંત માનવીનાં ચરિત્રો ન લખવાનું મેં પણ લીધું છે...પ્રભુ અને પ્રભુભક્ત વગર મારી લેખિની કોઈને ન ચીતરે એવી મને આણ છે...એટલે ક્ષમા કરો! આપનું ચરિત્ર તો ચિત્રગુપ્તને ચોપડે જમામાં લખાય છે...

રઘુનાથ : રંગ છે મારા કવિ! ગુજરાતનું, ગુજરાતના કવિઓનું તું નાક છે! હાથ લંબાવવો સહેલો છે; હાથ પાછો ખેંચનાર તારા જેવા ભાગ્યે જ નજરે ચઢ્યા છે! સરસ્વતીના ઓ સાચા પૂજારી! તારે નામે, તારે પ્રીત્યર્થે, તારી અયાચકવૃત્તિના સંસ્મરણ તરીકે આજ હું પંડિતોને બોલાવી, બ્રાહ્મણોને બોલાવી ચોર્યાશી જમાડું છું. વડોદરાની જનતામાં એક સાચો બ્રાહ્મણ વસે છે...

પ્રેમાનંદ : પારેખ! હું તો એક નાનકડો બ્રાહ્મણ...નથી વિદ્વાન, નથી કવિ...

રઘુનાથ : તારા જેવા પાંચ નાનકડા બ્રાહ્મણો હોય તો ગુજરાતી ભાષાજગત ભાષા બની રહે અને ગુજરાતી જગતમાં સ્વર્ગ ઉતારે!

# પ્રવેશ સાતમો

**સ્થળ**

શિવાલયનો ચોક

**પાત્રો**

પ્રેમાનંદ, શંકરદાસ, શ્રોતાઓ

**પાર્શ્વસૂચન**

અને કવિ સુરત જાય છે, તાપીની પરિક્રમા કરે છે અને તાપીકિનારાને રસપાન કરાવતા ગુજરાતના એક પૂર્વદ્વાર સમા નંદુરબારના દેશાધિપ–દેસાઈ–શંકરદાસ અને ત્યાં વસતી ગુર્જર જનતાને કાવ્ય હિંડોળે હીંચોળે છે. શંકરદાસનો પત્નીમૃત્યુનો ઘા નળાખ્યાન સંભળાવી કવિ હળવો બનાવે છે. નંદુરબારમાં આશાપુરી માતાનું તથા જટાશંકર મહાદેવનું મંદિર બંધાવનાર એ દેસાઈ મહાદેવના વિશાળ ચોકમાં સભા ભરી પ્રેમાનંદનું સન્માન કરે છે.

[ મંદિરમાં ઘંટનાદ થાય છે. છે. આછું સંગીત–
વાદ્ય સંગીત સંભળાય છે. ]

૧ શ્રોતા : કવિ પધાર્યા ! એમનું સન્માન થવું જ જોઈએ. દેશાધિપ પણ સાથમાં જ છે.

૨ શ્રોતા : ઘર છોડી, ગુજરાતને છેડે પધારી ગુજરાતીઓનાં હૈયાં કાવ્યરસે ભીંજવનારનું તો જેટલું સન્માન થાય એટલું ઓછું…

[ સહજ ઘોંઘાટ થાય છે. "કવિ આવ્યા !" પેલા કવિ !'

"એજ મહાકવિ પ્રેમાનંદ?" "શા દેહઘાટ અને મુખછટા!" એવા એવા ઉદ્દગારો દૂરથી સંભળાય છે. કવિ પ્રેમાનંદને ઉચ્ચાસને બેસાડી દેસાઈ શંકરદાસ ઊભા રહી પુષ્પમાળ કવિને પહેરાવે છે. ]

શંકરદાસ : નંદુરબારનો હું દેશાધિપ. મારા દેશના મહાકવિ પ્રેમાનંદનું હું પૂજન કરું છું...મારી પાસે ધન છે, સત્તા છે, કીર્તિ છે; પણ મને શાંતિ ન હતી. એ આ મહાકવિએ મને આપી. એનું જેટલું પૂજન કરું એટલું ઓછું છે.

પ્રેમાનંદ : મારું પૂજન ન હોય, દેસાઈજી! પૂજન દેવદેવીનાં હોય.

શંકરદાસ : પૂજન શબ્દ ભલે હું નહિ વાપરું. તમને એ નહિ ગમે એ જાણું છું. આપનું આછું પાતળું સન્માન કરું છું. આ કસબ કિનખાબ અને જરીભરેલી પાઘડી આપને પ્રથમ પહેરાવું. એમાં હું કે આ પધારેલા ભાવિકો કાંઈ જ વધારે કરતા નથી.

પ્રેમાનંદ : પાઘના તો મેં શપથ લીધા છે. ગુર્જરી ગીરવી બનશે ત્યારે મારે મસ્તકે આપોઆપ પાઘ ચડશે.

શંકરદાસ : આપને હું વર્ષાસન બાંધી આપું છું.

પ્રેમાનંદ : કવિઓ, પંડિતો, શાસ્ત્રીઓ, વિદ્વાનો તો પ્રજાનાં વર્ષાસન ઉપર જ જીવે છે ને? નામ ન પાડશો, દેસાઈજી! આપે મને સાંભળ્યો, આપણી ગુજરાતી જનતા પાસે બેસાડ્યો, અને મારી વાણીને પ્રતિષ્ઠા આપી. મારું એ જ વર્ષાસન!

શંકરદાસ : કવિ! મહાકવિ! માગી લો જે જોઈએ તે! અહીં ગુજરાત છે, ગુજરાતની પ્રજા છે, ગુજરાતનો દેશાધિપ છે અને આપ ગુજરાતના મહાકવિ છો! માગો, અને તે મળશે...

પ્રેમાનંદ : હું માગું ? આશાપુરીના મંદિરમાં આવી હું માગું તો એટલું જ કે—

શાર્દૂલ

સાંગોપાંગ સુરંગ વ્યંગ અતિશે
ધારો ગિરા ગુર્જરી,
પાદેપાદ રસાળ ભૂષણવતી
થાઓ સખી ઉપરી;
જે ગીર્વાણ ગિરા ગણાયે ગણતાં
તે સ્થાન લ્યો એ વરી !
થાયે શ્રેષ્ઠ સહુ સખી જન વિષે !
એ આશ પૂરો હરિ !

• •